પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
કાંદીવલી (વેસ્ટ)
C/o. સુરેન્દ્ર જમનાદાસ શાહ
M : 9833272383,
9320787642

શ્રીનંદદાસજીકૃત

રાસપંચાધ્યાયી

(ગુજરાતી ટીકા)

સંપાદન-વ્યાખ્યા
પ્રેમલાલ ગો. મેવચા 'ભક્તિપ્રિય'
તંત્રી : 'વૈશ્વાનર'
ઝવેરી બજાર • પોરબંદર-૩૬૦૫૭૫

પ્રકાશક- પ્રાપ્તિસ્થાન
વૈશ્વાનર કાર્યાલય
ઝવેરી બજાર પોરબંદર-૩૬૦૫૭૫

©

સંપાદન–વ્યાખ્યા
પ્રેમલાલ ગો. મેવચા 'ભક્તિપ્રિય'

●

આવૃત્તિ :
પ્રથમ, સંવત ૨૦૪૦

●

પ્રત

●

નોછાવર
રૂ. ૮–૦૦ (આઠ રૂપિયા) પોસ્ટેજ–પેકિંગ ૧–૦૦

●

પ્રકાશક
વૈશ્વાનર કાર્યાલય
ઝવેરી બજાર, પોરબંદર–૩૬૦૫૭૫

●

મુદ્રક
વૈશ્વાનર પ્રિન્ટર્સ
લિબર્ટી ટોકીઝ રોડ, પોરબંદર ફોન : 1666

અર્પણ....

સહધર્મચારિણી,
ગો. વા. ધીરજલક્ષ્મીને–



તમારા નિત્યેના નિયમ-જપમાં સ્થાન લઈને
રહ્યું કંઠાગ્રે જે સતત રટતાં હાર્દ સહિતે;
અહા! 'પંચાધ્યાયી' યુગલપ્રભુના રાસ-રસનું
તમોને આજે હું અતિશય મુદા 'અર્પણ' કરું.

– પ્રેમલાલ ગો. મેવચા 'ભક્તિપ્રિય'

પ્રેમલાલ ગો. મેવચા 'ભક્તિપ્રિય' વિરચિત-પ્રકાશિત

● સાહિત્ય-સૂચિ ●

૧. પુષ્ટિમાર્ગીય યુવકોને- (૧૯૪૨) અ.
૨. વિહારી-સ્મરણ (૧૯૪૩) ,,
૩. દિવ્ય પુષ્ટિમાર્ગના પ્રણેતા (૧૯૪૪) ,,
૪. રસિક રસખાન (૧૯૪૪) ,,
૫. ભાવના મંદિર-૧ (૧૯૪૪) ,,
૬. બ્રહ્મસંબંધ અને આપણું કર્તવ્ય-૧ (૧૯૪૮) ,,
૭. વૈષ્ણવ-કંઠમણિ (૧૯૪૯) ,,
૮. બ્રહ્મસંબંધ સંક્ષિપ્ત આ. ૪ (૧૯૫૦-૫૫) ,,
૯. ભાવના મંદિર-૨ (૧૯૫૧) ૨-૫૦
૧૦. ભાવના મંદિર (શુ. સંસદ), (૧૯૫૧) ,,
૧૧. બ્રહ્મસંબંધ અને આપણું કર્તવ્ય-૨ (૧૯૫૨) ,,
૧૨. પરમ ભક્ત નારાયણદાસ (૧૯૫૨) ૧-૦૦
૧૩. વૈષ્ણવ બાલપાઠમાળા (૧૯૫૨) અ.
૧૪. ભક્તકવિ શ્રીસૂરદાસજી (૧૯૫૨) ,,
૧૫. વ્રજયાત્રાનો સંગાથી (૧૯૫૫) ,,
૧૬. પાંડવ-યજ્ઞ (સટીક, ૧૯૫૫) ,,
૧૭. પુરુષોત્તમ-પ્રતિભા (૧૯૫૬) ,,
૧૮. શ્રીગુસાંઈજી કી નિજવાર્તા-સં. (૧૯૫૬) ,,
૧૯ ભાવના (૧૯૫૭) ,,
૨૦. ભક્તકવિ શ્રીદય રામભાઈ (૧૯૫૮) ,,
૨૧. સત્યનો સંગાથી (એકાંકી, ૧૯૫૯) ,,
૨૨ હૃદયપલટો (એકાંકીઓ, ૧૯૬૨) ,,
૨૩. નિત્યલીલા (આ. ૩. ૧૯૬૩-૭૬) ,,
૨૪ નારાયણ-કવચ (આ ૩ ૧૯૬૩-૭૬) ,,
૨૫. પ્રેમની પરિસીમા (એકાંકીઓ, ૧૯૬૫) ,,
૨૬. શ્રીવલ્લભાખ્યાન-ટીકા (વ્ર.દી. ૧૯૬૫) ,,
૨૭ ચરણરજ (એકાંકીઓ, ૧૯૬૫) ,,
૨૮. શ્રીરણછોડલાલજીમ નાંવચનામૃત ૧૯૬૫ ,,
૨૯. શ્રીમુરલીધરજી મ. નાંવચનામૃત (૧૯૬૫) ,,
૩૦. શ્રીગોકુલાષ્ટકમ્-ટીકા (૧૯૬૫) ,,
૩૧. શ્રીવલ્લભાખ્યાન-નામાવલી (૧૯૬૫) ,,
૩૨. હૃદય-દૂત (સટીક, ૧૯૬૬) ,,
૩૩. વશીકરણ (એકાંકીઓ, ૧૯૬૭) ,,

૩૪. ભ્રમરગીત-ટીકા (૧૯૬૭) ૨-૦૦
૩૫-૩૭. સૌરભ, પરાગ, પંકજ (૧૯૬૭-૭૭) ,,
૩૮. જય-ગોપાલ (જીવન, ૧૯૭૦) અ.
૩૯. શ્રીગોપાલ-સ્તોત્રમાલા (૧૯૭૦) ૨-૦૦
૪૦. શ્રીગોપાલ-કૃપા-કુંજ (૧૯૭૦) ૨-૫૦
૪૧-૪૪. જય-ગોપાલ (૪ અંકો, ૧૯૭૧) ૮-૦૦
૪૫. વચનામૃત-રત્નાકર સં. (૧૯૭૧) ૧-૦૦
૪૬. મંગલાનાં દર્શન (નવલિકાઓ, ૧૯૭૨) અ.
૪૭. જીવન-દર્શન (ચરિત્ર, ૧૯૭૩) ૧૨-૦૦
૪૮. સ્તોત્ર-પંચક (૧૯૭૪) અ.
૪૯. વ્રજયાત્રાનો સંગાથી (પૉકેટ, ૧૯૭૪) ૫-૫૦
૫૦. શ્રીનાથજી-સ્વરૂપામૃત (૧૯૭૫) અ.
૫૧. પુષ્ટિમાર્ગના પ્રાણવલ્લભ (૧૯૭૬) ૨-૦૦
૫૨. સ્મૃતિ-પરાગ (બેઠકયાત્રા ૧૯૭૬)
૫૩. વચનામૃત-રત્નાકર, ૧ (૧૯૭૬) ૫-૦૦
૫૪. દાનલીલા-૨, સટીક (૧૯૭૬) ૨-૦૦
૫૫ શ્રીયમુનાજી (૧૯૭૬) અ.
૫૬. શ્રીનાથજીનાં ધ્વજાજી (૧૯૭૬) ,,
૫૭. બ્રહ્મસંબંધ: આ. કર્તવ્ય આ. ૩ (૧૯૭૭) ૬-૦૦
૫૮. પાવન-સ્મૃતિ (૧૯૭૭) ૨૦-૦૦
૫૯. શ્રીભાગવત-ભાવામૃત (૧૯૭૭) અ.
૬૦. પુષ્ટિ-પાઠમાલા (૧૯૭૬) ,,
૬૧. પુરુષોત્તમ-પ્રાકટ્ય (૧૯૭૮) ,,
૬૨. પ્રેમવાટિકા-સટીક (૧૯૭૯) ,,
૬૩. સર્વોત્તમ-સ્તોત્રમાલા (૧૯૮૦) ,,
૬૪. શ્રીવલ્લભ-પાઠમાલા (૧૯૮૦) ,,
૬૫. વૈષ્ણવ-વિલાસ (૧૯૮૦) ૧૨-૦૦
૬૬. શ્રીગુસાંઈજી કી નિજવાર્તા (૧૯૮૧) અ.
૬૭. સોમયજ્ઞ-સ્મૃતિ (૧૯૮૧) ૧૫-૦૦
૬૮. આશૌચ-દર્પણ (૧૯૮૨) ૨-૦૦
૬૯. છપ્પનભોગ-વર્ણન (૧૯૮૩) ૫-૦૦
૭૦. ગુપ્તરસ-ત્રિવેણી (૧૯૮૩) ૩-૦૦
૭૧. શ્રીવલ્લભાખ્યાન-ટીકા (૧૯૮૩) ૧૨-૦૦
૭૨. રાસપંચાધ્યાયી-ટીકા (૧૯૮૪) ૮-૦૦

નોંધ * પુસ્તકોનું ટપાલ ખર્ચ અલગ થશે.

વૈશ્વાનર કાર્યાલય ● ઝવેરી બજાર ● પોરબંદર – ૩૬૦૫૭૫

ભક્તકવિશ્રી નંદદાસજી કૃત

રાસપંચાધ્યાયી

પ્રાસ્તાવિક

અષ્ટછાપના પ્રમુખ કવિઓમાં ભક્તકવિશ્રી નંદદાસજી માનભર્યું સ્થાન ભોગવે છે. હિંદી સાહિત્યકારો નંદદાસજીની ૩૦ રચનાઓ ગણે છે; પરંતુ સંશોધનકારો એમાંથી ૧૪ ને પ્રામાણિક માને છે. ૧. રસમંજરી, ૨. અનેકાર્થમંજરી, ૩. માનમંજરી (નામમંજરી), ૪. વિરહમંજરી, ૫. રૂપમંજરી, ૬. દશમસ્કંધભાષા, ૭. શ્યામસગાઈ, ૮. ગોવર્ધનલીલા, ૯. સુદામાચરિત, ૧૦. રુકૂમણિમંગલ, ૧૧. રાસપંચાધ્યાયી, ૧૨. ભઁવરગીત, ૧૩. સિદ્ધાંતપંચાધ્યાયી અને ૧૪. પદાવલી.

નંદદાસજી મહાન ભાવુક અને ઉચ્ચ પ્રતિભાસંપન્ન કવિ હતા. એમની રચના સરસ, માર્મિક અને સજીવ છે. એમનાં ભાષા-સૌષ્ઠવ, ગીતિમાધુર્ય અને કલાનિપુણતાને કારણે એમના વિષે એવી ઉક્તિ છે કે, **और सब गढ़िया, नंददास जड़िया ।** એટલે કે અન્ય કવિઓ તો કાવ્યરૂપી અલંકારોના માત્ર ઘાટ ઘડનાર છે, જ્યારે નંદદાસજી તો એમાં નંગ જડનાર જડિયા છે.

પુષ્ટિમાર્ગમાં નંદદાસજી વિરચિત રચનાઓમાં ૧. રાસપંચાધ્યાયી, ૨. ભઁવરગીત, ૩. પંચમંજરી અને ૪. પદાવલી સવિશેષ પ્રચલિત છે. વૈષ્ણવમાર્ગમાં આજે પણ 'રાસપંચાધ્યાયી'નો નિયમિત પાઠ કરનારા અનેક વૈષ્ણવોનાં દર્શન થાય છે.

આ 'રાસપંચાધ્યાયી' નંદદાસજીનો કથાત્મક કાવ્યગ્રંથ છે, અને એની રચના વ્રજભાષામાં થઈ છે. વ્રજભાષા સ્વભાવથી જ મૃદુલ, મંજુલ અને મધુર છે; પરંતુ નંદદાસજીએ પોતાની ભાષામાં સુકુમારતા સાથે મધુરતાનું સવિશેષ ધ્યાન રાખ્યું છે.

'રાસપંચાધ્યાયી'ના નામથી જ એવું જાણવા મળે છે કે, પાંચ અધ્યાયયુક્ત આ કાવ્યગ્રંથની વિષય-ભૂમિ રાસલીલા છે. જે વિશેષતઃ શ્રીમદ્ભાગવત-રાસપંચાધ્યાયી ઉપર આધારિત છે. આ ગ્રંથ શ્રીમદ્ભાગવતાંતર્ગત સંસ્કૃત રાસપંચાધ્યાયીનો અવિકલ અનુવાદ નથી; પરંતુ છાયાનુવાદ-ભાવાનુવાદ તો અવશ્યમેવ છે. એમાં પણ રસિક ભક્તકવિ નંદદાસજીની ક્યાંક ક્યાંક મૌલિક ઉદ્ભાવનાઓ અનેરી રસચમત્કૃતિ ઉત્પન્ન કરે છે. વર્ણનમાં કોઈ કોઈ સ્થળે ન્યૂનાધિક ફેરફાર પણ કરેલો છે.

પ્રથમ અધ્યાય : રાસપંચાધ્યાયીના પ્રથમ અધ્યાયનો પ્રારંભ શ્રીશુકદેવજીના સૌંદર્ય-ચિત્રણથી થાય છે. દેવતાઓના સૌંદર્ય-વર્ણનમાં નખ-શિખ વર્ણન નથી હોતું; પરંતુ શિખ-નખ વર્ણનની પરંપરા હોય છે. તે પ્રમાણે અહીં પણ નંદદાસજીએ શિખ-નખ વર્ણનની પ્રણાલી અપનાવી છે. પછી વૃંદાવનની મણિમય ભૂમિ, દિવ્ય વૃક્ષો, એની શાખાઓ અને પત્રોનું મનમોહક વર્ણન કરેલું છે. આ વનમાં એક વિશિષ્ટ વૃક્ષ (કલ્પવૃક્ષ) છે, એનો સંકેત કર્યા પછી આ ભૂમિ ઉપરના શંખાકૃતિ સ્થલનું વર્ણન કરીને તેના ઉપર ષોડશદલ કમલ ઉપર શ્રીકૃષ્ણ બિરાજે છે. તેનું વર્ણન કરીને ભગવાનની શોભા સાથે શરદ રજનીનો ઉલ્લેખ કરી, મુરલીનું વર્ણન કરે છે. મુરલીનાદ સાંભળીને

ગોપીઓની વિરહવ્યાકુલતા, એમનું અસ્તવ્યસ્ત વસ્ત્રાભરણધારણ સાથે વનગમન, અને જેઓ લોકલજ્જાથી વનમાં જઈ શક્યાં નહીં તેમની સ્થિતિનું વર્ણન કરી, પ્રથમ અધ્યાયની સમાપ્તિમાં પરીક્ષિતનો પ્રશ્ન અને શ્રીશુકદેવજીનું સમાધાન આવે છે.

દ્વિતીય અધ્યાય : આ અધ્યાયના પ્રારંભમાં કવિશ્રી વિરહની આવશ્યક્તા અને મહત્તા ઉપર પ્રકાશ નાખતાં દૃષ્ટાંત આપી કહે છે કે, નિરંતર મધુર વસ્તુ ખાનારને વચ્ચે વચ્ચે અમ્લ, કટુ, તિક્ત આદિ વસ્તુ ખાવાથી એનો સ્વાદ અત્યંત વધી જાય છે. એવી રીતે વિરહથી પ્રેમનો આનંદ વધે છે. આવી સરસ ભૂમિકા બાંધીને ગોપીઓની વિરહાવસ્થાનું વર્ણન કરેલું છે. ભગવાન શ્રીકૃષ્ણ, ગોપીઓના ગર્વને જોઈને રાધાને સાથે લઈ અંતર્ધાન થઈ ગયા. ગોપીઓ વૃંદાવનનાં તરુલતાઓને પૂછવા લાગ્યાં. આગળ ચાલતાં ચાલતાં એમને શ્રીકૃષ્ણનાં ચરણચિહ્નો સાથે રાધાનાં ચરણચિહ્નો દેખાયાં. એઓ રાધાની ઈર્ષ્યા કરવાને બદલે એમના સૌભાગ્યની સરાહના કરવા લાગ્યાં. આવી રીતે ગોપીઓ શોધ કરતાં કરતાં શ્રીયમુનાજીને કિનારે આવ્યાં, જ્યાં ભગવાન શ્રીકૃષ્ણ સાથે એમની ભેટ થઈ.

તૃતીય અધ્યાય : આ અધ્યાયમાં ગોપીઓ શ્રીકૃષ્ણને પ્રશ્નો પૂછે છે અને શ્રીકૃષ્ણ મધુર મુસ્કાનથી એમનું સમાધાન કરે છે.

ચતુર્થ અધ્યાય : આ અધ્યાયમાં ગોપીઓ શ્રીકૃષ્ણને ઉપાલંભ આપે છે, શ્રીકૃષ્ણ પોતાને ગોપીઓના ઋણી માને છે.

પંચમ અધ્યાય : આ અધ્યાયમાં ગોપીઓ પોતાના રોષ–દોષનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણની સાથે રાસલીલામાં વ્યસ્ત થઈ જાય છે. શ્રીકૃષ્ણ બબ્બે ગોપીઓના વચ્ચે બિરાજમાન થઈ મુરલી, મૃદંગાદિ સુંદર રવની સાથે નૃત્ય–ગાન કરે છે. આમાં યુગલ સ્વરૂપના રતિ–વિલાસનું ચિત્રણ, ભક્તકવિશ્રી નંદદાસજીએ અત્યંત સરસ અને પરમ નિપુણતાથી કર્યું છે. અંતમાં રાસ–રસ–મહિમા સાથે આ 'રાસપંચાધ્યાયી'નું પઠન–ફલ દર્શાવી નંદદાસજી કહે છે કે, 'નિત્ય મંગળકરણી આ લીલા મારા કંઠમાં રમી રહેશે.' અસ્તુ.

આ 'રાસપંચાધ્યાયી'નો પાઠ 'પ્રયાગ વિશ્વવિદ્યાલય' તરફથી શ્રી ઉમાશંકર શુક્લ, એમ.એ. તરફથી ૧૪ હસ્તપ્રતિઓ ઉપરથી સંશોધિત કરેલ છે. અને સને ૧૯૪૨માં પ્રકાશિત પુસ્તક ઉપરથી લીધો છે.

'વૈશ્વાનર'ના પ્રેમી પાઠકોની સુદીર્ઘ સમયથી થતી આવતી માગણીને માન આપીને શ્રીનંદદાસજી કૃત 'રાસપંચાધ્યાયી'ને ગુજરાતી ટીકા સાથે પ્રકાશિત કરતાં અત્યંત આનંદ થાય છે.

ઝવેરી બજાર,
પોરબંદર
વસંતપંચમી : સં. ૨૦૩૯

વિનીત,
પ્રેમલાલ ગો. મેવચા 'ભક્તિપ્રિય'
તંત્રી : 'વૈશ્વાનર'

રાસપંચાધ્યાયી

અઘ હરની, મન હરની, સુંદર પ્રેમ બિતરની,
'નંદદાસ' કે કંઠ બસૌ, નિત મંગલ કરની.
– શ્રી નંદદાસજી

રાસપંચાધ્યાયી

પ્રથમ અધ્યાય

(રોલા છંદ)

શ્રીશુકદેવજીને વંદના અને સ્વરૂપ વર્ણન

બંદન કરૌં કૃપાનિધાન, શ્રી સુક સુભકારી,
સુદ્ધ-જોતિમય રૂપ, સદા સુંદર અબિકારી;
હરિ-લીલા રસમત્ત, મુદિત નિત બિચરત જગ મૈં,
અદ્ભુત-ગતિ કહું નહીં અટક, નિકસે જેહિ મગ મૈં. ૧

શબ્દાર્થ : સુભકારી-શુભ કાર્ય, મંગલમય કાર્ય કરવાવાળા; જોતિમય-તેજોમય, તેજસ્વી; અબિકારી-વિકારરહિત; હરિ-લીલા-રસમત્ત-પ્રભુના લીલારસમાં મત્ત

પ્રસંગ : કવિ નંદદાસજી, શ્રીશુકદેવજીના શક્તિ-સામર્થ્યનું ગુણગાન કરતાં એમને વંદન કરે છે

મંગલાચરણ : ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ માટે કવિ પ્રારંભમાં મંગલાચરણ કરે છે. કવિવર દંડી પોતાના 'કાવ્યાદર્શ' નામના ગ્રંથમાં લખે છે કે, **आशिर्नमस्क्रिया वस्तुनिर्देशो वाऽपि तन्मुखम् ।** મંગલાચરણ ત્રણ પ્રકારનાં છે: આશીર્વાદાત્મક, નમસ્કારાત્મક અને વસ્તુ નિર્દેશાત્મક.

કવિશ્રી નંદદાસજી 'રાસપંચાધ્યાયી'નો પ્રારંભ 'વંદન' શબ્દથી એટલે નમસ્કારાત્મક મંગલાચરણથી કરે છે. વંદના શબ્દ પણ ભદ્રવાચી અથવા મંગલવાચી શબ્દ છે, અને શુભ છે. **देवतावाचकाः शब्दाः ये तु भद्रादि वाचकाः ।**

છંદ : કવિશ્રી નંદદાસજી વિષયને અનુરૂપ છંદનું ચયન કરવામાં કુશલ છે. એમણે પોતાના કાવ્યગ્રંથોમાં રોલા, દોહા, સોરઠા, ચોપાઈનો ઉપયોગ કર્યો છે. પ્રસ્તુત 'રાસ-પંચાધ્યાયી'માં એમણે કેવલ 'રોલા છંદ'નો પ્રયોગ કર્યો છે. રોલા છંદ ૨૪ માત્રાઓનો છે. એમાં ૧૧ અને ૧૩ માત્રા ઉપર યતિ-વિરામ આવે છે. હિંદી 'સરસ પિંગલ' પ્રમાણે એનું કાવ્યલક્ષણ આવું છે: 'રોલા કલ ચૌબીસ. રુદ્ર-સરિતા યતિ ધારી.' પરંતુ અહીં મંગલા-ચરણના પ્રથમ પદમાં યતિભંગ જોવામાં આવે છે. કેમ કે યતિનિયમ પ્રમાણે 'કૃપાનિધાન'ના 'નિ' અક્ષર ઉપર યતિ આવે છે, એટલે 'નિધાન' શબ્દ ખોટી રીતે (નિ-ધાન) તૂટી જાય છે. પરંતુ એનું સમાધાન પણ મળે છે. કેટલાક છંદશાસ્ત્રીઓનું વિધાન છે કે, રોલ છંદમાં

૧૦ અને ૧૪ માત્રા ઉપર પણ 'યતિ' આવી શકે છે. આ નિયમ પ્રમાણે અહીં યતિ ૧૦ તથા ૧૪ માત્રા ઉપર લેતાં, બે પદોના બનેલા 'કૃપા–નિધાન' શબ્દના 'પા' અક્ષર ઉપર યતિ આવતાં, ઉક્ત દોષનું નિવારણ સ્વયં થઈ જાય છે.

શુભ ગણ : મહાનુભાવ નંદદાસજીએ પ્રારંભમાં જ 'વંદન' શબ્દમાં 'ભગણ' પ્રયોજ્યો છે, તે શુભ ગણ છે. 'સરસ પિંગલ'ના કર્તા કહે છે કે, 'મ ન ભ ય યે સુભ જાનિયે, જ ર સ ત અસુભ વિચાર.'

સરસ પિંગલમાં ગણનું લક્ષણ આપ્યું છે કે,

આદિ, મધ્ય, અવસાન મેં ય ર તા મેં લઘુ હોય;
ભ જ સા મેં ગુરુ જાનિયે, ન મ લઘુ–ગુરુ સબ જોય.

કવિઓએ ઝ, ભ, ષ ને 'દગ્ધાક્ષર' માન્યા છે. છંદના પ્રારંભમાં આ ત્રણ અક્ષર વર્જિત છે. આમ છતાં 'ભ' ઉપરના ભગવાનના નામથી શરૂ થતું કાવ્ય ભક્તકવિઓએ અને મનીષીઓએ શુભ માન્યું છે.

'મંગલાચરણ'નો ભાવાર્થ નીચે પ્રમાણે છે.

ભાવાર્થ : શુભ કરવાવાળા, વિકારરહિત, સદૈવ સુંદર અને શુદ્ધ તેજોમય રૂપવાળા કૃપાનિધાન શ્રીશુકદેવજીને હું વંદન કરું છું કે, જેઓ શ્રીકૃષ્ણની લીલાના રસમાં મત્ત થઈને નિત્ય પ્રસન્નતાથી જગતમાં વિચરે છે. એમની ગતિ અદ્‌ભુત છે. અને એઓ માર્ગમાં ક્યાંય અટક્યા વિના ગમન કરે છે. (૧)

નીલોત્પલ–દલ–સ્યામ–અંગ, નવ–જોબન ભ્રાજૈ,
કુટિલ અલક, મુખ કમલ, મનૌં અલિ–અવલિ બિરાજૈ;
સુંદર ભાલ બિસાલ, દિપતિ મનુ નિકર–નિસાકર,
કૃષ્ણ–ભક્તિ–પ્રતિબિંબ, તિમિર કૌં કોટિ દિવાકર. ૨

શબ્દાર્થ : નીલોત્પલ–દલ–નીલવર્ણ કમલની પાંખડીઓ; નવ–જોબન ભ્રાજૈ–નવીન યૌવન મનહર લાગે છે; કુટિલ અલક–કુટિલ અલકાવલિ ઘુઘરવાળા કેશ; અલિ–અવલિ–ભ્રમરાઓની પંક્તિ; ભાલ બિસાલ–ઉન્નત લલાટ; નિકર–સમૂહ, નીકળવું; નિસાકર–ચંદ્રમા; પ્રતિબિંબ–છાયા; તિમિર–અંધકાર, શ્યામતા; દિવાકર–સૂર્ય.

પ્રસંગ : શ્રીશુકદેવજીની મુખ–છબીનું વર્ણન,

ભાવાર્થ : એમના નીલ કમલપત્ર સમાન શ્યામ શરીરમાં નવીન યુવાવસ્થા પરમ શોભાયમાન લાગે છે. એમના કમલ–મુખ ઉપર કુટિલ અલકાવલિ એવી શોભા આપે છે કે જાણે કમલનું મધુપાન કરવા માટે ભ્રમરોની પંક્તિઓ આવી છે ! એમનો સુંદર અને વિશાળ ભાલપ્રદેશ (ઉન્નત લલાટ) એવો પ્રકાશમાન છે કે જાણે ચંદ્ર–સમૂહની ચાંદની પ્રકાશી રહી છે ! અને કૃષ્ણ ભક્તિમાં દોષોના પ્રતિબિંબ રૂપી અંધકારને દૂર કરવા માટે એમની મસ્તક–શ્રી કરોડો સૂર્યના તેજ સમાન છે. (૨)

કૃપા–રંગ–રસ–ઐન, નૈન રાજત રતનારે,
કૃષ્ણ–રસાસવપાન–અલસ કછુ ઘૂમ ઘુમારે;
શ્રવન–કૃષ્ણ–રસ–ભવન, ગંડ–મંડલ ભલ દર સૌ,
પ્રેમાનંદ મિલિ સુ મંદ મુસકનિ મધુ બરસે. ૩

શબ્દાર્થ : ઐન–ઘર, સ્થાન; રતનારે–કિંચિત્ લાલાશયુક્ત; અલસ–મદાલસ્યપૂર્ણ; ઘૂમઘુમારે–તિરછાં કટાક્ષયુક્ત; ગંડ–મંડલ–કપોલ; મુસકનિ–મુસકાન.

પ્રસંગ : શ્રીશુકદેવજીના સૌંદર્યનું વર્ણન.

ભાવાર્થ : એમનાં નેત્રો કૃપાના રંગ–રસના સ્થાનરૂપ અને કિંચિત્ લાલાશયુક્ત શોભી રહ્યાં છે. વળી, કૃષ્ણ–રસાસવનું પાન કરીને મદાલસ્યપૂર્ણ એ નેત્રો કાંઈક ઘેનમાં મસ્ત લાગે છે, અથવા કાંઈક તિરછાં કટાક્ષયુક્ત લાગે છે. એમના શ્રવણ, કૃષ્ણ–રસના ભવન રૂપ છે, તથા કર્ણની સમીપમાં આવેલ કપોલ સુંદર દેખાય છે અને એમના અધર પર પ્રેમાનંદ મિશ્રિત મંદ મંદ મુસકાનનું મધુ વરસી રહ્યું છે. (૩)

ઉન્નત નાસા, અધર બિંબ, સુક કી છબિ છીની,
બિચ બિચ અદ્‌ભુત ભાંતિ લસત કછુ ઇક મસિભીની;
કંબુ–કંઠ કી રેખ દેખિ હરિ–ધરમ પ્રકાસૌ,
કામ, ક્રોધ, મદ, લોભ, મોહ જિહિ નિરખત નાસૌ, ૪

શબ્દાર્થ : ઉન્નત–ઊંચું; નાસા-નાસિકા, નાક; બિંબ–બિંબફલ જેવો લાલ; મસિ-સ્યાહી, શ્યામ રંગ; ભીની–હલકી; કંબુ–શંખ.

ભાવાર્થ : લાલ બિંબફલ સમાન અધર ઉપર આવેલી ઊંચી ઊઠેલી નાસિકાએ શુક–નાસિકાની શોભાને હરી લીધી છે. આ નાસિકા અને અધર વચ્ચે કિંચિત્ શ્યામ–રેખા (ઓષ્ઠ ઉપર ઊગેલી મૂછની સૂક્ષ્મ રેખા કિશોરાવસ્થાનું સૂચન કરે છે.) એમના શંખાકાર કંઠ ઉપર જે રેખા દેખાય છે તે હરિ–ધર્મ (કૃષ્ણ–ભક્તિ)ને પ્રકાશિત કરે છે અને જેને જોતાંવેંત જ કામ,ક્રોધ, મદ, લોભ અને મોહનો નાશ થઈ જાય છે. (૪)

ઉર–બર અતિ છબિ કી ભીર, કછુ બરનિ ન જાઈ,
જિહિ ભીતર જગમગત, નિરંતર કુંવર કન્હાઈ;
સુંદર ઉદર ઉદાર, રોમાવલિ રાજતિ ભારી,
હિય–સરવર રસભરી, ચલી મનુ ઉમગિ પનારી. ૫

શબ્દાર્થ : બર–સુંદર; ભીર–અધિકતા; પનારી–પરનાળ, મોરી.
ભાવાર્થ : એમનુ ઉત્તમ વક્ષ:સ્થલ એટલું બધું સુંદર લાગે છે કે જેનું કાંઈપણ વર્ણન થઈ શકે નહીં. જે હૃદય–દેશની અંદર શ્રીકૃષ્ણ–કુંવર નિરંતર ઝગમગાટ કરી રહ્યા છે. (એટલે કે, જેમના હૃદયમાં અનંત સૌંદર્યનિધાન શ્રીકૃષ્ણ નિરંતર બિરાજી રહ્યા છે.) સુંદર અને ઉદાર ઉદર ઉપર ગાઢ રોમાવલી એવી શોભાયમાન થઈ રહી છે કે જાણે હૃદય

સરોવરમાંથી રસપૂર્ણ પ્રનાલિકા (પાણી વહેવાની પરનાળ) ઉમંગભેર અથવા વેગથી ચાલી નીકળી છે ! (૫)

તા રસ કી કુંડિકા નાભિ, સોભિત અસ ગહરી,
ત્રિબલિ તામૈં લલિત ભાઁતિ જનુ ઉપજતિ લહરી,
અતિ સુદેસ કટિદેસ, સિંઘ સોભિત સઘનન અસ,
જોબન- મદ આકરષત બરસત પ્રેમ-સુધા-રસ. ૬

શબ્દાર્થ : કુંડિકા-કુંડી, ભમરી; હરી-ઊંડી; ત્રિબલી-નાભિની પાસે આડી ત્રણ રેખાઓ હોય છે, જેને ત્રિવલી કહે છે; લહરી-તરંગ.

ભાવાર્થ : એ રસ-સ્રોતની એક અત્યંત ગહરી (ઊંડી) કૂંડી-ભમરીરૂપી નાભિ શોભાયમાન છે. (ઊંડા જલમાં ભમરી પડે છે, તેમ અહીં નાભિને ભમરી કહી છે.) એ નાભિમાં ત્રિવલી-ત્રણ રેખાઓ એવી મનોહર લાગે છે કે જાણે એ કુંડીમાં તરંગો ઊઠી રહ્યા છે ! એમનો અતિ સુંદર કટિ-પ્રદેશ સઘન કેશયુક્ત સિંહની સૂક્ષ્મ (પાતળી) કટિ જેવો શોભાયમન લાગે છે. અને એમનો યૌવનમદ, સર્વને આકર્ષીને-ખેંચીને (જેમ વાદળીઓ સાગરમાંથી જલને વરાળરૂપે ખેંચીને વરસાવે છે તેમ) પ્રેમરૂપી અત-રસને વરસાવી રહેલ છે. (૬)

ગૂઢ જાનુ, આજાનુ-બાહુ, મદ-ગજ-ગતિ લેલૌં,
ગંગાદિકન પવિત્ર કરન અવની મૈં ડોલૌં;
સુંદર પદ-અરવિંદ, મધુર-મકરંદ-મુગ્ધ જહુઁ,
મુનિ-મન-મધુકર-નિકર, સદા સેવત લોભી તહુઁ. ૭

શબ્દાર્થ : ગૂઢ-સુદૃઢ; જાનુ-જંઘ; આજાનુ-જંઘા સુધી; લેલૌં-ડોલતી, સુંદર લાગે છે; અરવિંદ-કમલ; મકરંદ-પરાગરજ; નિકટ-સમૂહ

ભાવાર્થ : જેમની બન્ને જાંઘ સુદૃઢ છે, એ જાંઘ સુધી પહોંચે એવા જેમના દીર્ઘ બાહુ છે અને મદને લીધે હાથી જેમ ડોલતો ડોલતો ચાલે તેવી સુંદર ગતિથી ચાલે છે. વળી ગંગાદિકને પવિત્ર કરવા માટે એઓ પૃથ્વી ઉપર ભ્રમણ કરી રહેલ છે. (એટલે કે, શ્રીશુકદેવજી જ્યાં જ્યાં પધારે છે, ત્યાં ત્યાંનાં તીર્થો **तीर्थी कुर्वन्ति तीर्थानि.** એ વાક્યાનુસાર પરમ પવિત્ર થઈ જાય છે.) એમના સુંદર ચરણ, કમલના જેવા છે એ ચરણારવિંદના મધુર મકરંદ-પરાગરજથી મુગ્ધ થઈને મુનિજનોના મનરૂપી ભ્રમરાઓ લાલચુ બની, એ ચરણકમલની નિરંતર સેવા કરે છે. (૭)

વિશેષ : અહીં શ્રીશુકદેવજીનું શિખ-નખ વર્ણન સમાપ્ત થાય છે. મહાનુભાવ શ્રી નંદદાસજીના આ વર્ણનમાં શ્રીશુકદેવજીનાં પ્રાયઃ સર્વ અંગોને શ્રીકૃષ્ણ-ભક્તિરસથી પ્લાવિત બતાવ્યાં છે. સમગ્ર વર્ણન પવિત્રતા તથા પ્રેમાનંદથી પ્રપૂર્ણ છે.

હવે શ્રીમદ્ભાગવતની ઉત્પત્તિ તથા એમાં 'રાસપંચાધ્યાયીનું' સ્થાન અને એની

રચનાનું કારણ બતાવે છે.

જબ દિન-મનિ શ્રીકૃષ્ણ, દૃગન તૈં દૂરિ ગયે દુર,
પસરિ પરચો અઁધિયાર, સકલસંસાર ઘુમરિ ઘુરિ;
તિમિર-ગ્રસિત સબ લોક, ઓક-દુઃખ દેખિ દયાકર,
પ્રકટ કિયો અદ્ભુત-પ્રભાવ, 'ભાગવત'-વિભાકર. ૮

શબ્દાર્થ : દિનમનિ,-શ્રીકૃષ્ણ-સૂર્યના સમાન તેજસ્વી શ્રીકૃષ્ણ, અથવા શ્રીકૃષ્ણરૂપી સૂર્ય; દુરિ-છુપાઈ; પસરિ પરચો-ફેલાઈ ગયો; અઁધિયાર-અંધારું, અજ્ઞાનતા; ઘુમરિ ઘુરિ-ઘુમડીને, ઘેરાઇને; તિમિર ગ્રસિત-અંધકારથી આચ્છાદિત; દુઃખ-ઓક-દુઃખના નિવાસસ્થાન ભાગવત-વિભાકર-ભાગવતરૂપી સૂર્ય.

ભાવાર્થ : જ્યારે દિનમણિ (સૂર્ય) રૂપી તેજનિધાન શ્રીકૃષ્ણ, નેત્રોથી દૂર થઇને છૂપાઈ ગયા-અંતર્ધાન થઈ ગયા, ત્યારે સકલ સંસારમાં ચારે બાજુ અંધકાર-અજ્ઞાન છવાઈ ગયું. અંધકારથી ઘેરાયેલા સર્વ લોકોને દુઃખના નિવાસસ્થાન બનતા જોઇને દયાળુ શ્રી શુકદેવજીએ વિભાકર (સૂર્ય)રૂપી 'શ્રીમદ્ભાગવત'ના અદ્ભુત પ્રભાવશાળી જ્ઞાન પ્રકાશને પ્રકટ કર્યો. (૮)

જે સંસાર અઁધિયાર અગર મૈં મગન ભયે પરિ,
તિન-હિત અદ્ભુત દીપ પ્રગટ કીનો જુ કૃપા કરિ;
'શ્રીભાગવત' સુનામ, પરમ અભિરામ, પરમ ગતિ,
નિગમ-સાર, સુકુમાર, બિના ગુરુ-કૃપા અગમ અતિ.. ૯

શબ્દાર્થ : અગર (આગાર)-સમૂહ, પુંજ, ઘર; નિગમસાર-વેદશાસ્ત્રીનો સાર;-સુકુમાર-કોમલ, સૂક્ષ્મ.

ભાવાર્થ : જે ઉત્તમ પ્રકારના જીવો સંસારના અંધકાર-પુંજ (અજ્ઞાન)માં પડીને ડૂબી ગયા હતા, તેઓને માટે દયાળુ શ્રીશુકદેવજીએ કૃપા કરીને અદ્ભુત (પ્રકાશ-પુંજરૂપ) દીપક પ્રકટાવ્યો છે. એ દીપકનું શુભ નામ 'શ્રીભાગવત' છે, જે અત્યંત સુંદર અને જીવોની પરમ ગતિરૂપ છે. એમાં સકલ વેદશાસ્ત્રનો સૂક્ષ્મ સાર ભરેલો છે, એટલે ગુરુ-કૃપા વિના તે અગમ્ય છે-સમજાય તેમ નથી. (૯)

તાહી મૈં પુનિ અતિ રહસ્ય, યહ 'પંચાધ્યાયી,'
તન મૈં જૈસે પંચ પ્રાન, અસ સુક મુનિ ગાઈ;
પરમ રસિક ઇક મીત મોહિં જિન આ ગયા દીની,
તાહી તૈં યહ કથા, જથામતિ ભાષા કીની. ૧૦

શબ્દાર્થ : મનિ-મણિરૂપ; પંચ પ્રાન-શરીરમાં રહેવાવાળા પાંચ પ્રકારના વાયુને 'પંચપ્રાણ' કહે છે. એનાં નામ આ પ્રકારે છે. ૧. પ્રાણ, ૨. અપાન, ૩. વ્યાન, ૪. સમાન અને ૫. ઉદાન; મીત-મિત્ર; જથામતિ-પોતાની બુદ્ધિ અનુસાર; ભાષા-પોતાની ભાષા અનુ-

સાર અથવા વ્રજભાષામાં.

પ્રસંગ : ‘રાસપંચાધ્યાયી’નું મહત્ત્વ પ્રતિપાદન કરતાં નંદદાસજી આ ગ્રંથ લખવાનું કારણ દર્શાવે છે.

ભાવાર્થ : એમાં (શ્રીભાગવતમાં) પણ આ અતિ રહસ્યમય ‘રાસપંચાધ્યાયી’ મણિ સમાન છે. શરીરમાં જેમ પંચપ્રાણ છે, તેમ શ્રીશુકદેવજી આ રાસપંચાધ્યાયીના પાંચ અધ્યાયને શ્રીભાગવતના પંચપ્રાણ સમાન ગણે છે. નંદદાસજી કહે છે કે, મારા એક પરમ રસિક મિત્રે (ગ્વાલિયરના રાજાની બેટી–રૂપકુંવરે) આ રાસપંચાધ્યાયીની કથાને ભાષા (વ્રજભાષા)માં રચવાની મને આજ્ઞા આપવાથી મેં આ કથાને મારી બુદ્ધિ અનુસાર ભાષામાં (કાવ્યરૂપે) રચી છે. (૧૦)

વિશેષ : હવે ભક્તકવિશ્રી નંદદાસજી શ્રીકૃષ્ણના વિહારસ્થળ વૃંદાવનની શોભાનું તેમજ મહત્તાનું વર્ણન કરે છે. અંતમાં શ્રીશુકદેવજીની વંદનાના રૂપમાં એમનારૂપ–સૌંદર્ય ઉપર દૃષ્ટિપાત કરીને કથાને આગળ ચલાવે છે.

(દોહા)

શ્રી શુક રૂપ અનુપ હો, ક્યૌં બરને કવિ નંદ,
અબ બૃંદાબન બરનિ હૌં, જહઁ બૃંદાબન ચંદ. ૧૧

શબ્દાર્થ : અનૂપ–અનુપમ; બરનિ હૌં–વર્ણન કરીશ.

ભાવાર્થ : હે શુકદેવજી ! આપ અનુપમ રૂપવાળા છો. એથી ‘નંદ’ કવિ (નંદદાસજી) એનું વર્ણન કેવી રીતે કરી શકે ? એટલે હવે જ્યાં વૃંદાવનચંદ્ર શ્રીકૃષ્ણ વિહાર કર્યાં કરે છે એવા વૃંદાવનનું હું વર્ણન કરીશ. (૧૧)

(રોલા છંદ)

અબ સુંદર શ્રીબૃંદાબન કૌ ગાઈ સુનાઊઁ,
સકલ સિદ્ધિ દાઈક નાઈક પૈ સબ બિધિ પાઊઁ,
શ્રીબૃંદાબન ચિદઘન, કછુ છબિ બરનિ ન જાઈ,
કૃષ્ણ-લલિત–લીલા કે કાજ ધારિ રહ્યો જડતાઇ, ૧૨

શબ્દાર્થ : સકલ સિદ્ધિદાઈક–સર્વ સિદ્ધિઓ (અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, વશિત્વ અને ઇશિત્વ) નું દાન કરવાવાળું; ચિદ્‌ઘન–ચૈતન્યમય; જડતાઈ–જડતા.

ભાવાર્થ : હવે સુંદર શ્રીવૃંદાવનનું વર્ણન હું ગાન કરીને સંભળાવું છું. આ શ્રીવૃંદાવન સકલ સિદ્ધિઓનું દાન કરવાવાળું છે. એ શ્રીવૃંદાવનના નાયક – શ્રીકૃષ્ણચંદ્રના સર્વપ્રકારના અનુગ્રહથી જ ગ્રંથ-રચનાની સિદ્ધિને પ્રાપ્ત કરીશ. શ્રીવૃંદાવન ચૈતન્યરૂપ હોવાથી એની છબિ–છાયાનું કાંઈ વર્ણન થઈ શકે એમ નથી. (કેમકે) શ્રીવૃંદાવન ચૈતન્યરૂપ હોવા છતાં ભગવાન શ્રીકૃષ્ણની લલિત લીલાને માટે જ જડતા ધારણ કરી રહેલ છે. (૧૨)

જહઁ નગ, ખગ, મૃગ, લતાકુંજ, વીરુધ–તૃન જે તે,
નહિંન કાલ–ગુન પ્રભાઉ, સદા સોભિત રહૈં તે તે,
સકલ જંતુ અબિરુદ્ધ જહઁા હરિ–મૃગ સંગ ચરહીં,
કામ, ક્રોધ, મદ, લોભ – રહિત, લીલા અનુસરહી. (૧૩)

શબ્દાર્થ : નગ–પર્વત; વીરુધ–વૃક્ષ, લતા, વનસ્પતિ; તૃન–તૃણ, ઘાસ, અબિરુદ્ધ–વિરોધભાવથી રહિત; હરિ–સિંહ; મૃગ–હરણ, પશુ.

ભાવાર્થ : શ્રીવૃંદાવનમાં જેટલા પર્વત, પક્ષી, પશુ, લતા, કુંજ, વૃક્ષ – વનસ્પતિ અને તૃણ આદિ જે કાંઈ છે, તે સર્વ કાલગુણથી પ્રભાવિત નથી. આથી તે બધાં સદા શોભાયમાન રહે છે. જ્યાં સર્વ જીવ–જંતુ વિરોધભાવરહિત છે. સિંહ અને મૃગ એક સાથે ફર્યા કરે છે તેમજ ત્યાંના સર્વ જીવો કામ, ક્રોધ, મદ અને લોભરહિત થઈ શ્રીકૃષ્ણ-લીલાને અનુસરે છે. (૧૩)

સબ રિતુ સંતબસંત, લસત જહઁ દિનમનિ ઓભા,
આન બનન જાકી બિભૂતિ કરિ સોભિત સોભા;
જ્યૌં લછિમી નિજ રૂપ, અનુપ ચરન સેવત નિત,
ભ્રૂબિલસત જુ બિભૂતિ, જગત જગમગિ રહી જિતતિત. ૧૪

શબ્દાર્થ : સંત–સંતત, સદા–સર્વદા; દિનમનિ–સૂર્ય; ઓભા–કાંતિ; આન–અન્ય; બનન–વનો; કરિ–થી, ના દ્વારા;

ભાવાર્થ : શ્રીવૃંદાવનમાં સર્વ ઋતુઓ સદા–સર્વદા વસંત ઋતુ રૂપે સૂર્ય-કાંતિથી સુશોભિત રહે છે. બીજાં વન જે શ્રીવૃંદાવનની વિભૂતિની શોભાથી સુશોભિત રહ્યા કરે છે. જગતમાં જ્યાં ત્યાં સંપત્તિનો ઝગમગાટ થઈ રહ્યો છે તે તો લક્ષ્મીજીનો ભૃકુટીવિલાસ માત્ર જ છે. એ લક્ષ્મીજી પણ સાકાર સ્વરૂપે અનુપમ શ્રીવૃંદાવનની નિત્ય ચરણસેવા કરે છે. (૧૪)

શ્રી અનંત મહિમા અનંત, કો બરનિ સકૈ કબિ,
સંકર્ષન સૌં કછુક કહી, શ્રીમુખ જાકી છબિ;
દેવન મૈં શ્રી રમારમન, નારાઇન પ્રભુ જસ;
બનનન મૈં બૃંદાબન સુદેસ, સબ દિન સોભિત અસ. ૧૫

શબ્દાર્થ : શ્રી–શોભા, સંપત્તિ; સંકર્ષન–સંકર્ષણ, બલરામ; સૌં–પાસે; જસ–જેવી રીતે, જે પ્રમાણે; અસ–એવી રીતે.

ભાવાર્થ : આ વૃંદાવનની શોભા અનંત છે, તેમજ એનો મહિમા પણ અનંત છે, એટલે કયો કવિ એનું વર્ણન કરી શકે ? જેની છબિ–છટાનું કાંઈક વર્ણન, ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમુખથી સંકર્ષણજી પાસે કર્યું છે, જેવી રીતે દેવતાઓમાં રમારમણ (લક્ષ્મીપતિ) નારાયણ પ્રભુ સર્વાગ્રગણ્ય પ્રધાન છે, તેવી બધાં વનોમાં સર્વદા સુશોભિત રહેવાવાળું આ શ્રીવૃંદાવન પણ પ્રથમ અને મુખ્ય છે. (૧૫)

યા બન કી બર બાનક, યા બન હી બનિ આવૈ,
સેસ, મહેસ, ગનેસ, સુરેસ હૂ પાર ન પાવૈ;
જહઁ જેતિક દ્રુમ-જાતિ, કલ્પદ્રુમ-સમ સબ લાઇક,
ચિંતામનિ સમ ભૂમિ, સબન ચિંતત ફલદાઇક.

શબ્દાર્થ : બર–શ્રેષ્ઠ; બાનક–રચના, બનાવટ, શોભા; બની આવૈ–મળે છે; જેતિક–જેટલાં; મ–વૃક્ષ; કલ્પદ્રુમ સમ–કલ્પવૃક્ષની સમાન.

ભાવાર્થ : આ શ્રીવૃંદાવનની શ્રેષ્ઠ રચનાની સમાન આ વન જ છે; બીજાં વનમાં આવી રચના જોવા મળતી નથી. શેષ, મહેશ, ગણેશ અને સુરેશ-ઇંદ્ર પણ એનું વર્ણન કરી શકતા નથી. આ વૃંદાવનમાં જેટલા પ્રકારનાં વૃક્ષો છે, એ બધાં કલ્પવૃક્ષની સમાન યોગ્યતાવાળાં છે, અને અહીંની ભૂમિ પણ ચિંતામણિની જેમ સર્વ ઇચ્છિત ફળ આપનારી છે. (૧૬)

તિન-મધિ ઇક જુ કલ્પતરુ, લગિ રહી જગમગ જોતી,
પત્ર-મૂલ, ફલ-ફૂલ, સકલ હીરા-મનિ-મોતી;
તિન-મધિ તિનકે ગંધ-લુબ્ધ અસ ગાન કરત અલિ,
બર-કિન્નર-ગંધર્વ, અપ્સરા, તિન પર ગઈ બલિ. ૧૭

શબ્દાર્થ : તિન મધિ–તે વૃક્ષોની મધ્યમાં; અસ– એવું; બલિ–બલિહારી, કિન્નર–અશ્વના મુખવાળા દેવગાયક.

ભાવાર્થ : એ ઉત્તમ વૃક્ષોની મધ્યમાં એક કલ્પવ્રક્ષ છે કે, એની જ્યોતિનો ઝગમગાટ થઈ રહ્યો છે. એનાં પાન, મૂળ, ફળ, ફૂલ એ બધાં હીરા, મણિ અને મોતીની બરાબર છે. એમાં એની ગંધમાં લુબ્ધ બનેલા ભ્રમર એવું ગાન કરે છે કે, એના ઉપર શ્રેષ્ઠ ગાયક કિન્નર, ગંધર્વ અને અપ્સરાઓ નોછાવર થઈ જાય છે. (૧૭)

અમૃત-ફુહી, સુખ-ગુહી. અતિ સુહી, પરત રહત તિત,
રાસ-રસિક સુંદર પિય કૌ, સ્રમ દૂરિ કરન હિત;
તિહિ સુર-તરુ મધિ અવર એક અદ્‌ભુત છબિ છાજૈ,
સાખા, દલ, ફલ, ફૂલનિ. હરિ-પ્રતિબિંબ બિરાજૈ. ૧૮

શબ્દાર્થ : અમૃતફુહી–અમૃતનાં બિંદુઓ, અમૃતનો ફુવારો; સુખ ગુહી–સુખમાં સમાવિષ્ટ, સુખદાયક; સુહી–સુશોભિત.

ભાવાર્થ : રાસ-રસિક (રાસક્રીડાપ્રેમી) સુંદર પ્રિયતમ શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુનો ક્રીડા-શ્રમ દૂર કરવાને માટે એ વૃક્ષોમાંથી સુખદાયક અને સુશોભિત અમૃત બિંદુઓની વૃષ્ટિ સદૈવ થયા કરે છે. એ સુરતરુમાં બીજી એક અદ્‌ભુત શોભા બિરાજે છે. કે એનાં શાખા, પત્ર, ફૂલ અને ફળ, શ્રીહરિના પ્રતિબિંબથી સુશોભિત છે. (૧૮)

તા-તર કોમલ કનક-ભૂમિ, મનિમય મોહતિ મન,
દેખિયત સબ પ્રતિબિંબ, મનૌં ધર મૈં દૂસરો બન;
થલજ-જલજ ઝલમલત, લલિત બહુ ભઁવર ઉડ઼ાવૈ,
ઉડ઼િ ઉડ઼િ પરત પરાગ, કછૂ છબિ કહત ન આવૈ. ૧૯

શબ્દાર્થ : તા–તે; તર–નીચે; કનકભૂમિ–સુવર્ણભૂમિ; ધર–ધરા, પૃથ્વી; થલજ–સ્થલમાં ઉત્પન્ન; જલજ–કમલ.

ભાવાર્થ : તેની નીચે મણિજડિત કોમલ સ્વર્ણભૂમિ છે, તે મનને મોહ ઉપજાવે છે. એ મણિમય ભૂમિમાં બધાં વૃક્ષોનું પ્રતિબિંબ દેખાતુ હોવાથી એવું જણાય છે કે, જાણે પૃથ્વીની અંદર બીજું વન બિરાજી રહ્યું છે ! તે સ્થળમાં ઉત્પન્ન થયેલ સુંદર કમલ, ભ્રમરાવલિથી યુક્ત થઈને ડોલી રહ્યાં છે. અને ફૂલોમાંથી પરાગ ઊડી ઊડીને ચારે બાજૂ પડે છે, જેની શોભા અવર્ણનીય છે ! (૧૯)

શ્રીજમુના અતિ પ્રેમ ભરી, તટ બહત જુ ગહરી,
મનિ-મંડિત મહિ-માહિં, દૌરી જનુ પરસત લહરી;
તહઁ ઇક મનિમય, ઇક બિતસ્તિ કૌ સંકુ સુભગ અતિ,
તા પર ષોડષ દલ-સરોજ, અદ્‌ભુત ચક્રાકૃતિ. ૨૦

શબ્દાર્થ : ગહરી–ગહન; મહિ–પૃથ્વી; ઇક–એક; બિતસ્તિ–વેંત (૧૨ અંગુલનું માપ); ષોડષ દલ–સોળ પાંખડીવાળું; સરોજ–કમલ; ચક્રાકૃતિ–ગોળ.

ભાવાર્થ : શ્રીવૃંદાવનની નિકટ પ્રેમરસ-ભરપૂર **શ્રીયમુનાજી**, બન્ને કાંઠામાં ગહન રીતે વહી રહ્યાં છે. એના બન્ને કિનારાઓની ભૂમિ મણિમંડિત છે. એમાં **શ્રીયમુનાજીના** જલતરંગોનો સ્પર્શ થતાં બહુ જ શોભા લાગે છે. ત્યાં એક વેંતનો એક મણિમય અત્યંત સુંદર શંકુ બિરાજે છે, અને તેના ઉપર અદ્‌ભુત ચક્રાકાર ષોડશદલ કમલ બનેલું છે. (૨૦)

શ્રીકૃષ્ણની શોભા

મધિ કમનીય કરનિકા, સબ સુખ-કંદર, સુંદર,
તહઁ રાજત બ્રજરાજકુંવર, બર રસિક-પુરંદર;
નિકર બિભાકર દુતિ મેટત, સુભ કૌસ્તુભમનિ અસ,
સુંદર નંદકુંવર ઉર પર, લાગત રુચિર ઉડુ જસ. ૨૧

શબ્દાર્થ : મધિ–મધ્યમાં; કમનીય–સુંદર; સુખકંદર–સુખની કંદરાસમાન; રસિક-પુરંદર–રસિકોના ઇન્દ્રસમાન, રસિકેન્દ્ર–શ્રીકૃષ્ણ; નિકર–સમૂહ; વિભાકર–ચંદ્રમા; દુતિ–તેજ; ઉડુ–તારા.

ભાવાર્થ : એ ષોડશદલ કમલની મધ્યમાં સર્વ સુખની કંદરાસમાન એક સુંદર કર્ણિકા બનેલ છે. તેના ઉપર રસિકેન્દ્ર વ્રજરાજકુમાર **શ્રીકૃષ્ણ** બિરાજમાન છે. ભગવાન શ્રીકૃષ્ણના હૃદય ઉપર ચંદ્ર-સમૂહના તેજને ઝાંખું પાડનાર શુભ કૌસ્તુભમણિ એવો શોભે

છે કે જાણે સુંદર નંદકુંવરના ઘનશ્યામ હૃદય ઉપર શોભાયમાન નક્ષત્ર-તારો પ્રકાશી રહેલ છે ! (૨૧)

મોહન અદ્‌ભુત રૂપ, કહિ ન આવૈ છબિ તાકી,
અખિલ અંડ-બ્યાપી જુ બ્રહ્મ, આભા હૈ જાકી;
પરમાત્મા પરબ્રહ્મ, સબન કે અંતરજામી,
નારાઈન ભગવાન, ધરમ કરિ સબ કે સ્વામી. ૨૨

શબ્દાર્થ : અંડ-બ્રહ્માંડ; આભા-પ્રતિભા, કાંતિ.

ભાવાર્થ : ભગવાન શ્રીકૃષ્ણનું રૂપ મોહ ઉપજાવે તેવું અદ્‌ભુત છે ! એની શોભાનું વર્ણન થઈ શકે એમ નથી. કેમ કે, સમગ્ર બ્રહ્માંડવ્યાપી જે પ્રતિભા છે, તે એઓશ્રીના જ્યોતિસ્વરૂપનો જ પ્રકાશ છે. એઓશ્રી પરમાત્મા છે, પરબ્રહ્મ છે અને પ્રાણી માત્રના અંતર્યામી છે. એ જ નારાયણ છે અને અંશાંશી ધર્મથી જીવ માત્રના સ્વામી છે. (૨૨)

બાલ-કુમાર-પૌગંડ, ધર્મ-આક્રાંત લલિત તન,
ધર્મી, નિત્ય કિસોર, કાન્હ મોહત સબ કો મન;
મૃદુ ઉજ્જલ સ્યામલ સુઅંગ, અદ્‌ભુત સિંગાર કિય,
નવ કિસોર, જે મોર-ચંદ્રિકા સુભગ સીસ દિય. ૨૩

શબ્દાર્થ : ધર્મ આક્રાંત-ધર્મથી ઘેરાયેલ (ધર્મયુક્ત); લલિત-સુંદર; ઉજ્જલ-ઉજ્જવલ,

ભાવાર્થ : એઓશ્રીના ધર્મયુક્ત સુંદર શ્રીઅંગમાં બાલ કુમાર અને પૌગંડ અવસ્થાઓ રહેવા છતાં ધર્મી સ્વરૂપે આપ નિત્યકિશોર છે. અને એવી કિશોરાવસ્થાથી શ્રીકૃષ્ણ સર્વના મનને મોહિત કરે છે. આપશ્રીના મૃદુ, ઉજ્જવલ અને શ્યામલ શ્રીઅંગમાં અદ્‌ભુત શૃંગાર કરેલ છે. નવકિશોર શ્રીકૃષ્ણે પોતાના શ્રીમસ્તક ઉપર સુંદર મોરચંદ્રિકા ધારણ કરેલ છે. (૨૩)

વિશેષતા : ભગવાન શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ છે. એઓશ્રીનું સ્વરૂપ (અવસ્થા) 'નિત્યકિશોર' છે. આમાં એઓશ્રી ચાર અવસ્થાનું જ વર્ણન હોવાથી એઓશ્રીની સાક્ષાત્‌ પરબ્રહ્મ છે. બાલ-૫ વર્ષ સુધીનું બાલક; કુમાર-૫ થી ૧૦ વર્ષની આયુ; પૌગંડ-૧૦થી૧૬ વર્ષની આયુ અને કિશોર-૧૬થી૨૫ વર્ષની આયુ. ભગવાન પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણની ચાર અવસ્થામાં પુષ્ટિભક્તિનો સ્રોત અવિરત વહે છે.

કંઠ મુક્તન કી માલ, લલિત બનમાલ ધરે પિય,
મંદ મધુર હઁસિ, પીત બસન ફરકત, કરખત હિય;
અસ અદ્‌ભુત ગોપાલ બાલ, સબ કાલ બસત જહઁ,
યાહીં તૈં બૈકુંઠ-બિભૌ કુંઠિત લાગત તહઁ. ૨૪

શબ્દાર્થ : બનમાલ-વનમાળા; પીતબસન-પીતાંબર; ફરકત-ફરકી રહ્યું છે. હિય-

હૃદય; કરખત-આકર્ષિત કરે છે; સબ કાલ-સદાકાલ; જહઁ-જ્યાં; બિભૌ-વૈભવ, ઐશ્વર્ય; કુંઠિત-બૂઠું, શોભા વિનાનું, ઝાંખું.

ભાવાર્થ : પ્રભુએ પોતાના શ્રીકંઠમાં મોતીઓની માળા અને વનમાળા ધારણ કરી છે. શ્રીસંગ ઉપર ધારણ કરેલું પીતાંબર ફરકી રહ્યું છે તેથી અને મંદમધુર હાસ્યથી બધાંના હૃદય આકર્ષિત થઈ રહ્યાં છે. આવા અનુપમ ગોપાલ બાલ-શ્રીકૃષ્ણ જ્યાં સદાકાલ બિરાજે છે, એથી ત્યાંના સૌંદર્ય અને ઐશ્વર્ય આગળ વૈકુંઠનો વૈભવ પણ કુંઠિત-ઝાંખો લાગે છે ! (૨૪)

શરદની રાત્રિનું વર્ણન

જદપિ સહજ માધુરી બિપિન, સબ દિન સુખ દાઇ,
તદપિ રઁગલી સરદ સમૈ મિલિ અતિ છબિ પાઇ;
જ્યૌં અમોલ નગ જગમગાત, સુંદર જરાઈ સઁગ,
રૂપવંત, ગુનવંત બહુરિ ભૂષન-ભૂષિત અઁગ. ૨૫

શબ્દાર્થ : ભૂષન-ભૂષિત-અંગ-આ ભૂષણોથી સુશોભિત શ્રીઅંગ; જરાઈ-જડાવ.

ભાવાર્થ : જો કે શ્રીવૃંદાવનમાં સુખદાયક એવી સહજ માધુરી સદાસર્વદા બિરાજમાન છે, તો પણ રંગીલી શરદ ઋતુનું મિલન થવાથી તે સમયની તેની શોભા અત્યંત વધી ગઈ છે. જેવી રીતે અમૂલ્ય નંગ (હીરા આદિ) સુંદર જડાવ દાગીના સાથે, રૂપવાન સુંદર ગુણોની સાથે અને આભૂષણો સુંદર અંગોની સાથે મળીને સુશોભિત લાગે છે, તેવી જ રીતે આ શ્રીવૃંદાવન પણ રસરાજ શ્રીકૃષ્ણથી પરમ શોભાયમાન લાગે છે. (૨૫)

રજનીમુખ-સુખ દેખિ લલિત પ્રફુલ્લિત જુ માલતી,
જ્યૌં નવ જોબન પાઈ લસતિ ગુનવતી બાલતી;
છબિ સૌં ફૂલે ફૂલ, અવર અસ લગી લુનાઈ,
મનહુઁ સરદ કી છપા છબીલી, બિહઁસતી આઈ. ૨૬

શબ્દાર્થ : રજનીમુખ-ચંદ્રમા, રાત્રિનો પ્રથમ પ્રહર; લસતિ-શોભે છે; બાલતી-બાલ ત્રિયા, મુગ્ધા નાયિકા; લુનાઇ-લાવણ્ય; છપા-ક્ષપા, રાત્રિ; બિહઁસતી-હસતી હસતી.

ભાવાર્થ : જેવી રીતે નવયૌવન પ્રાપ્ત કરીને ગુણવતી મુગ્ધા નાયિકા શોભાયમાન લાગે છે, તેવી રીતે ચંદ્રમાના સુખને (ચંદ્રના વિકાસને અને પ્રકાશને) જોઈને સુંદર માલતી (ચમેલી) પ્રફુલ્લિત (પ્રસન્ન) થઈ ઊઠી છે ! આ સુંદરતાની સાથે બીજાં પુષ્પો પ્રફુલ્લિત થઈ રહ્યાં છે. અને એમાં એવું લાવણ્ય આવી ગયું છે કે, જાણે છબીલી શરદની રાત્રિ સાકાર રૂપ ધારણ કરીને હસતી હસતી આવી રહી છે ! (૨૬)

તાહી છિન ઉડરાજ ઉદિત, રસ-રાસ-સહાઇક,
કુંકુમ-મંડિત પ્રિયા-બદન, જનુ નાગર નાઇક;

કોમલ કિરન-અરુનિમા, બન મૈં બ્યાપ રહી યૌં,
મનસિજ ખેલ્યૌ ફાગ, ઘુમડ઼િ ઘુરિ રહ્યૌ ગુલાલ જ્યૌં. ૨૭

શબ્દાર્થ : છિન-ક્ષણ; ઉડ઼રાજ-ચંદ્રમા; મનસિજ-કામદેવ.

ભાવાર્થ : એ જ ક્ષણે, જેવી રીતે પ્રિયાના મુખને કુંકુમમંડિત કરીને ચતુર નાયક પ્રકટ થઈ જાય છે, તેવી રીતે રાસ-રસમાં સહાયક ચંદ્રમાનો ઉદય થયો, ચંદ્રમાના કોમલ અને લાલાશયુક્ત કિરણો વનમાં એવી રીતે વ્યાપી ગયાં છે કે, જાણે કામદેવ ચારે તરફ ઘૂમીઘૂમીને ગુલાલથી ફાગ ખેલી રહ્યો હોય ! (૨૭)

ફટિક છટા સી કિરન, કુંજ-રંધ્રનિ જબ આઈ,
માન હુઁ બિતન બિતાન, સુદેસ તનાવ તનાઈ;
મંદ મંદ ચલિ ચારુ ચંદ્રમા, અસ છબિ પાઈ,
ઉજક્ત હૈ જનુ રમારમન, પિય-કૌતુક આઈ. ૨૮

શબ્દાર્થ : ફટિક-સ્ફટિક પથ્થર; રંધ્રનિ-છિદ્રો; બિતાન-શમિયાણો, તનાઈ-દોરી; ઉઝકત-ઊંચી ડોક કરીને, ઊંચા થઈને.

ભાવાર્થ : સ્ફટિક પથ્થરનાં જેવાં શ્વેતકિરણો કુંજનાં નાનાં નાનાં છિદ્રોની વચ્ચે થઈને જ્યારે પૃથ્વી પર આવવા લાગ્યાં, ત્યારે એવી શોભા થઈ કે, જાણે કામદેવે શમિયાણો તાણી લીધો છે ! ચંદ્રમાં સુંદર અને મંદ ગતિથી ચાલે છે તેથી એવું જણાય છે કે જાણે ઊંચી ડોક કરીને યુગલ સ્વરૂપના પ્રિય-કૌતુકનું દર્શન કરવા આવી રહ્યો છે ! (૨૮)

વિશેષ : કુંજની જાળીમાંથી નીકળતાં ચંદ્રકિરણો, સુંદર શમિયાણાની-તાણીને બાંધેલી-દોરી જેવાં દેખાય છે !

મુરલી-વર્ણન અને મુખ્ય રાસલીલા

તબ લીની કર કમલ, જોગમાયા સી મુરલી,
અઘરિત-ઘટના-ચતુર, બહુરિ અધરામૃત જુરલી;
જા કી ધુનિ તૈં અગમ નિગમ પ્રગટે બડ઼નાગર,
નાદ-બ્રહ્મ કી જનનિ, મોહિની, સબ સુખ-સાગર. ૨૯

શબ્દાર્થ : અઘટિત-ઘટના-ચતુર-અસંભવને સંભવ કરવાવાળી ચતુર; જુ-જે; રલી-આપૂરિત, નિમગ્ન; નિગમ-વેદ; અગમ-શાસ્ત્ર; નાદબ્રહ્મ-શબ્દબ્રહ્મ; બડ઼નાગર-શ્રીકૃષ્ણ; જનનિ-આત્મા.

ભાવાર્થ : ત્યારે આવા સોહામણા સમયમાં અને રમ્ય સ્થળમાં ભગવાન શ્રીકૃષ્ણે પોતાના કરકમલમાં યોગમાયા જેવી અઘટિત-ઘટના ચતુર (અસંભવને સંભવ કરવામાં ચતુર) એવી મુરલીને ધારણ કરી, અને પછી તેને અધરામૃત વડે આપૂરિત કરી. એટલે કે, પોતાના અધરામૃત-રસ-સ્વરથી સંપૂર્ણ ભરી દીધી ! જેના શબ્દ ધ્વનિથી ચતુર શિરોમણિ શ્રીકૃષ્ણે વેદ-શાસ્ત્રોને પ્રકટ કરેલ છે અને જે નાદબ્રહ્મની જનની છે, એવી મનમોહિની મુરલી સકલ-સુખના સાગરરૂપ છે. (૨૯)

પુનિ મોહન સૌં મિલી, કછુક કલ-ગાન કિયૌ અસ,
બામ-બિલોચન, બાલ-તિયન, મનહરન હોઈ જસ.
મોહન મુરલી-નાદ, સ્રવન જુ સુન્યૌ સબ કિન હી.
જથા જથા બિધિ રૂપ, તથા બિધિ પરસ્યૌ તિન હીં ૩૦

શબ્દાર્થ : કલ-ગાન-અવ્યક્ત મધુર ગાન; બામ-બિલોચન-વક્ર નયની, વક્ર ભ્રૂકુટીવાળી; બાલ-તિયન-મુગ્ધા નાયિકા, મુગ્ધા ગોપીઓ; પરસ્યૌ-સ્પર્શ કર્યો.

ભાવાર્થ : પછી એ મુરલીએ પુન: શ્રીકૃષ્ણના અધર સાથે મળીને એવું અવ્યક્ત મધુર ગાન કર્યું કે, જેના શ્રવણથી વક્ર ભ્રૂકુટીવાળી મુગ્ધ ગોપીઓના મનનું હરણ થઈ જાય ! મોહનની મુરલીનો નાદ-શબ્દ બધાંએ શ્રવણ કર્યો; પરંતુ જે ગોપીજનનો જેવો ભાવ હતો તેને તેવી રીતે તેનો સ્પર્શ થયો. (અર્થાત્ પોતપોતાના ભાવ પ્રમાણે તેમને વેણુનાદનો અનુભવ થયો.) (૩૦)

તરનિ-કિરન જ્યૌં મનિ, પખાન, સબહિન કૌં પરસૈ,
સૂરજ-કાંત મનિ બિના, નહીં કહુઁ પાવક દરસૈ;
સુનત ચલીં બ્રજ-બધૂ. ગીત ધુનિ કૌ મારગ ગહિ,
ભવન-ભીતિ, દ્રુમ-કુંજ-પુંજ, કિતહૂઁ અટકી નહિં. ૩૧

શબ્દાર્થ : નરનિ-સૂર્ય; મનિ-મણિ; પખાન-પાષાણ, પથ્થર; પરસૈ-સ્પર્શ કરે; મનિ-સૂર્યકાંતમણિ, સૂર્યની સામે રાખવાથી અગ્નિ ઉત્પન્ન કરે તેવો કાચ; પાવક-અગ્નિ; દરસૈ-દેખય; ભવન-ભીતિ-સંસારનો ભય; દ્રુમ-વૃક્ષ; કુંજ-પુંજ-કુંજસમૂહ; ગહિ-ગ્રહણ કરી.

ભાવાર્થ : જેવી રીતે સૂર્યનાં કિરણો મણિ અને પથ્થર આદિ બધાં ઉપર એકસરખી રીતે પડે છે; પરંતુ સૂર્યકાંતમણિ વિના ક્યાંય અગ્નિ દેખાતો નથી ! (તેવી રીતે મુરલી-ધ્વનિ તો બધાંના શ્રવણે પડ્યો, પણ પ્રેમાગ્નિ તો સૂર્યકાંતમણિ સમાન ગોપીઓના હૃદયમાં જ પ્રકટ થયો !) એવી રીતે મુરલી-ધ્વનિ સાંભળીને જ્યાંથી એ નાદ આવી રહ્યો હતો તે માર્ગને ગ્રહણ કરીને વ્રજવધૂઓ ચાલી નીકળ્યાં અને સંસારથી અભય થઈને માર્ગમાં આવતાં વૃક્ષો કે કુંજસમૂહમાં ક્યાંય પણ અટક્યાં નહીં ! (૩૧)

નાદામૃત કૌ પંથ, રઁગીલૌ સૂચ્છમ ભારી,
તિહિ મગ બ્રજ-તિય ચલીં, આન કોઉ નહીં અધિકારી;
સુદ્ધ પ્રેમમય રૂપ, પંચભૂતનિ તૈં ન્યારી,
તિનહિં કહા કોઉ ગહૈ, જોતિ સી જગ ઉજિયારી. ૩૨

શબ્દાર્થ : સૂચ્છમ-સૂક્ષ્મ; આન-અન્ય; પંચભૂતનિ-પંચભૌતિક દેહ, પ્રકૃતિના તત્ત્વ; ઉજિયારી-ઉજ્જ્વલ.

ભાવાર્થ : નાદામૃત (બંસીનાદરૂપી અમૃત)નો માર્ગ રંગીલો, અત્યંત સૂક્ષ્મ અને ગંભીર છે. એ માર્ગ ઉપર વ્રજલલનાઓ જ ચાલ્યાં; અન્ય કોઈ પણ એના અધિકારી નથી. એ ગોપીજનો શુદ્ધ પ્રેમની મૂર્તિઓ છે અને પંચભૂતો (પૃથ્વી, જલ, તેજ, આકાશ, અને

વાયુ)-પ્રકૃતિનાં તત્ત્વોથી ન્યારાં-જુદાં છે. એ બધાં જગતને ઉજ્જ્વલ કરનાર જ્યોતિની સમાન પ્રકાશમાન છે, એને કોઈ કેવી રીતે રોકી શકે ? (૩૨)

જે રુકિ ગઈ ઘર, અતિ અધીર ગુનમય સરીર બસ,
પુન્ય-પાપ પ્રારબ્ધ સચ્યૌ, તિન નાહિં પચ્યૌ રસ;
પરમ દુસહ શ્રી કૃષ્ન-બિરહ-દુખ બ્યાપ્યૌ જિન મૈં,
કોટિ બરસ લગિ નરક-ભોગ-અઘ ભુગતે છિન મૈં. ૩૩

શબ્દાર્થ : ગુનમય-પ્રાકૃતિક ગુણ અથવા વિકારયુક્ત; છિન-ક્ષણ; અઘ-પાપ.

ભાવાર્થ : જેઓ (અંતર્ગૃહગતાઓ) ગુણમય-વિકારયુક્ત શરીરને કારણે (લૌકિક ધર્મ અને લોકલજ્જાને કારણે) ઘરમાં રોકાઈ ગયાં, તેઓ શ્રીકૃષ્ણ-વિરહથી ઉત્પન્ન થતાં દુઃખને લીધે અત્યંત વ્યાકુળ બની ગયાં. એઓ પ્રારબ્ધાનુસાર બાકી રહેલ પાપ-પુણ્યયુક્ત પોતાના શરીરમાં શ્રીકૃષ્ણ-પ્રેમરસને પચાવી શક્યાં નહીં. તેમના શરીરમાં પ્રેમરસનો પ્રાદુર્ભાવ ન થયો. જેમના મનમાં શ્રીકૃષ્ણનું દુઃસહ વિરહ-દુઃખ હતું, તેમનું કરોડો વર્ષ સુધી નરક ભોગવવાનું દુઃખ તથા પાપ થોડીક ક્ષણમાં જ ભોગવાઈ ગયું ! (૩૩)

પુનિ રંચક ધરિ ધ્યાન, પિય પરિરંભ દિયૌ જબ,
કોટિ સ્વર્ગ-સુખ ભુગતિ, છીન કીને મંગલ સબ;
ધાતુ-પાત્ર, પાષાન પરસિ કંચન હ્વૈ સોહૈ,
નંદ-સુવન સૌં પરમ પ્રેમ, યહ અચરજ કો હૈ ? ૩૪

શબ્દાર્થ : પરિરંભ-પરિરંભણ, આલિંગન; ધાતુ-પાત્ર-લોખંડનું પાત્ર; પાષાન-પારસમણિ; અચરજ-આશ્ચર્ય; કો-શું.

ભાવાર્થ : ફરી વાર જ્યારે એ ઘરમાં રોકાઈ ગયેલ (અંતર્ગૃહગતા) ગોપીજનોએ (મનમાં જ) રંચક ધ્યાન ધરીને પ્રિયતમ શ્રીકૃષ્ણના આલિંગનસુખને પ્રાપ્ત કર્યું, ત્યારે ક્ષણ વારમાં કરોડો વર્ષનાં સ્વર્ગીય સુખને ભોગવી, પોતાનાં બધાં મંગલ-પુણ્યને ક્ષીણ કરી નાખ્યાં-બધાં પુણ્યનો ઉપયોગ કરી લીધો. જેવી રીતે લોખંડનું પાત્ર પારસમણિ (પથ્થર)ના સ્પર્શથી સુવર્ણમય બનીને સુશોભિત થાય છે, તો પછી નંદનંદન ચીકૃષ્ણચંદ્રમાં પૂર્ણ પ્રેમ કરવાથી ફલપ્રાપ્તિ થાય તેમાં આશ્ચર્ય જ શું છે ? (૩૪)

તે પુનિ તિહિ મગ ચલીં, રઁગીલી તજિ ગૃહ-સંગમ,
જનુ પિંજરન તૈં છુટે, ઘુટે નવ પ્રેમ-બિહંગમ;
કોઉક તરુનિ ગુનમય સરીર, તિન-સંગ ચલીં ઢુકિ,
માત, પિતા, પતિ, બંધુ રહે રુકિ, નહિંન રહીં રુકિ. ૩૫

શબ્દાર્થ : પુનિ-પુનઃ, ફરી, એના પછી; મગ-માર્ગ; બિહંગમ-પક્ષી.

ભાવાર્થ : એ પ્રેમાકુલ વ્રજલલનાઓ પુનઃ ઘરનાં કામકાજ છોડીને, જેવી રીતે પાંજરામાં પૂરાઈ રહેલ નવીન પ્રેમયુક્ત પક્ષી પાંજરામાંથી છૂટીને વનમાં ઊડી જાય છે તેવી રીતે, જ્યાંથી મુરલીનો ધ્વનિ આવી રહ્યો હતો, તે બાજુ ચાલતાં થયાં. કોઈક વ્રજલલના પોતાનાં ગુણમય શરીર સાથે ભાન ભૂલીને ચાલતી થઈ. તે વ્રજસુંદરીઓને માતા, પિતા, પતિ, ભાઈઓ વગેરેએ રોકવાનો પ્રયત્ન કર્યો પણ તે રોકાણી નહીં. (૩૫)

સાવન-સરિતા રુકૈ ન, કરૈ જો જતન કોઉ અતિ,
કૃષ્ણ હરે જિનકે મન, તે ક્યોં રુકૈં અગમ ગતિ ?
ચલત અધિક છબિ ફબત, શ્રવન મનિ કુંડલ ઝલકૈં,
સંકિત લોચન ચપલ, લલિત છબિ બિલુલિત અલકૈં. ૩૬

શબ્દાર્થ : જતન-યત્ન; ફબત-શોભે છે; સંકિત-શંકાયુક્ત; ચપલ-ચંચલ; બિલુલિત-વિખરાયેલ; અલક-કેશ, વાળની લટ.

ભાવાર્થ : અતિશય પ્રયત્ન કરવા ચતાં, જેમ શ્રાવણ મહિનાની (તીવ્ર વેગવાળી) સરિતા રોકાતી નથી, તેમ જેમનાં મન ભગવાન શ્રીકૃષ્ણે હરી લીધાં છે, એવાં અગમગતિવાળા શરીરો-શ્રીગોપીજનો-કેવી રીતે રોકાઈ શકે ? એવાં ગોપીજનો ચાલે છે ત્યારે બન્ને કાનમાં ધારણ કરેલાં મણિજડિત કુંડલો ઝગમગી ઊઠે છે અને એમના મુખ ઉપર વિખરાઈ ગયેલી અલકલટો સાથે ગુરુજનોની શંકાને લીધે એમનાં ચંચલ નેત્રો પરમ શોભાયમાન લાગે છે. (૩૬)

જદપિ કહૂઁ કે કહૂઁ બધૂન આભરન બનાયે,
હરિ પિય પૈ અનુસરત, જહાઁ કે તહૂઁ ચલિ આયે;
કહૂઁ દેખિયત કહૂઁ નાહિં, બધૂ બન-બીચ બની યોં,
બિજુરિન કે સે ટુક, સઘન બન-માઁઝ ચલત જ્યોં. ૩૭

શબ્દાર્થ : બધૂન-વધૂઓ, પરકીયા ગોપીજનો; બનાયે-પહેરે; સઘન-ઘેરા.

ભાવાર્થ : યદ્યપિ (વેણુનાદથી વિહ્વલ થયેલાં) શ્રીગોપીજનોએ પોતાનાં અંગ ઉપર અસ્તવ્યસ્ત આભરણો ધારણ કર્યાં હતાં અને જ્યાં ભગવાન શ્રીકૃષ્ણ બિરાજતા હતા ત્યાં આવી પહોંચ્યાં. સઘન વનની મધ્યમાં ચાલ્યાં જતાં ગોપીજનો ક્યાંક ક્યાંક દેખાય છે અને ક્યાંક નથી દેખાતાં. સઘન વનમાં એમની એવી શોભા લાગે છે કે જાણે વીજળીના ટૂક ચાલ્યા જતા હોય ! (૩૭)

આઈ ઉમઁગ સૌં મિલી, રઁગીલી ગોપ-બધૂ અસ,
નંદ-સુવન સુંદર સાગર સૌં પ્રેમ નદી જસ,
પરમ ભાગવત-રત્ન રસિક, જુ પરીચ્છિત રાજા,
પ્રશ્ન કરી રસ-પુષ્ટ કરન, નિજ સુખ કે કાજા. ૩૮

શબ્દાર્થ : ઉમઁગ સૌં-ઉમંગપૂર્વક; રઁગીલી-રસ-રંગવાળી, ભક્તિપૂર્વક.

ભાવાર્થ : જેવી રીતે સાગરને સરિતા મળે છે, તેવી રીતે નંદરાજકુમારરૂપી સુંદર સાગર સાથે પ્રેમનદીરૂપી શ્રીગોપીજનો આવીને ઉમંગપૂર્વક મળ્યાં.

પરમ ભાગવત-રત્ન, રસિક (પરમ ગ્રંથ ભાગવતના રસિક-રત્ન) પરીક્ષિત રાજાએ આ સ્થળે પોતાના સુખને માટે અને રસને પુષ્ટ કરવાને માટે (શ્રીશુકદેવજી)ને પ્રશ્ન કર્યો. (૩૮)

શ્રીભાગવત કૌ પાત્ર જાનિ જગ કૌ હિતકારી,
ઉદર-દરી મેં કરી કાન્હ જાકી રખવારી;
જાકૌં સુંદર સ્યામ-કથા, છિન છિન નઈ લાગૈ,
જ્યૌં લંપટ પર-જુવતિ-બાત, સુનિ અતિ અનુરાગૈ. ૩૯

શબ્દાર્થ : ઉદર દરી-ઉદરરૂપી ગુફા; લંપટ-કામીપુરુષ; પર-જુવતિ-બાત-અન્ય યુવતીની વાત, પારકી સ્ત્રીની વાત.

ભાવાર્થ : જગતનું હિત કરવાવાળા ભગવાન શ્રીકૃષ્ણે પરીક્ષિત રાજાને શ્રીભાગવતનો પાત્ર જાણીને માતાના ગર્ભમાં તેની રક્ષા કરી હતી. જેવી રીતે લંપટ મનુષ્યને પરસ્ત્રીની વાત સાંભળતાં અત્યંત આનંદ થાય છે તેવી રીતે પરીક્ષિત રાજાને શ્રીકૃષ્ણની સુંદર કથા ક્ષણે ક્ષણે નવીન લાગે છે. (૩૯)

હો મુનિ ! ક્યૌં ગુનમય સરીર પરિહરિ પાયે હરિ,
જાનિ ભજે કમનીય કાન્હ, નહિં બ્રહ્મભાવ કરિ;
તબ કહિ શ્રીસુકદેવ, અહો ! યહ અચરજ નાહીં,
સર્વભાવ ભગવાન કાન્હ જિનકે હિય માહીં. ૪૦

શબ્દાર્થ : ગુનમય-ગુણમય, પરિહરિ-છોડી, પાયે-પ્રાપ્ત કર્યા.

ભાવાર્થ : હે મુનિ ! (હે શ્રીશુકદેવજી !) જેમણે બ્રહ્મભાવ વડે ભગવાન શ્રીકૃષ્ણનું ભજન નથી કર્યું, તે શ્રીગોપીજનોએ પોતાના ગુણમય શરીરને છોડીને શ્રીહરિની પ્રાપ્તિ કેવી રીતે કરી ?

ત્યારે મુનિ શ્રીશુકદેવજીએ કહ્યું કે, હે રાજન્ ! આ કંઈ આશ્ચર્યજનક નથી. (જુઓ :) સર્વાત્મભાવથી ભગવાન શ્રીકૃષ્ણ જેમના હૃદયમાં છે તેમને ભગવત્પ્રાપ્તિ અવશ્ય થાય છે. (૪૦)

આ કથનનું સચોટ ઉદાહરણ આપે છે :

પરમ દુષ્ટ સિસુપાલ, બાલપન તૈં નિંદક અતિ,
જોગિન કૌં જો દુર્લભ, સુલભ હી પાઈ સો ગતિ;
હરિ-રસ-ઓપી ગોપી, સબ તિરિયન તૈં ન્યારી,
કમલનયન ગોવિંદચંદ કી પ્રાન પિયારી. ૪૧

શબ્દાર્થ : ઓપી-ભરેલી; તિરિયન તૈં-સ્ત્રીઓથી; ન્યારી-જુદી.

ભાવાર્થ : શિશુપાલ પરમ દુષ્ટ અને પોતાની બાલ્યાવસ્થાથી જ ભગવાન શ્રીકૃષ્ણની નિંદા કરવાવાળો હતો, તેને યોગીઓને પણ દુર્લભ એવી ગતિ (મુક્તિ) સુલભતાથી આપી દીધી ! (કેમકે, તેના હૃદયમાં શત્રુભાવથી નિરંતર ભગવાનનું ધ્યાન થયા કરતું હતું.

હરિરસ ભરપૂર શ્રીગોપીજનો, ભૂતલ ઉપરની બધી સ્ત્રીઓથી નિરાળાં છે, અને કમલનયન શ્રીકૃષ્ણચંદ્રને પ્રાણાધિક પ્યારાં છે. (૪૨)

કૃષ્ણ - ગોપી મિલન

તિન કે નૂપુર-નાદ, સુને જબ પરમ સુહાયે,
તબ હરિ કે મન-નૈન, સિમિટિ સબ શ્રવનનિ આયે;
રુનુક ઝુનુક પુનિ છબિલી ભાઁતિ, સબ પ્રગટ ભઈ જબ,
પિય કે અઁગ-અઁગ સિમિટિ, મિલે છબિલે નૈનનિ તબ. ૪૨

શબ્દાર્થ : રુનુક ઝુનુક-આભૂષણો અને નૂપુરોની ઘુઘરીઓનો એક પ્રકારનો શબ્દ; સિમિટિ-સમેટાઇને, સંકોચાઈને.

ભાવાર્થ : એ શ્રીગોપીજનોના નૂપુરનો પરમ રુચિકર નાદ દૂરથી જ્યાં શ્રીકૃષ્ણના સાંભળવામાં આવ્યો, ત્યાં એઓશ્રીનાં મન અને નેત્રની શક્તિઓ સમેટાઈને શ્રવણમાં આવી ગઈ ! (અર્થાત્ વિચાર કરવાનું અને જોવાનું ભૂલી જઈ નાદ સાંભળવામાં તલ્લીન થઈ ગયાં !) જ્યારે આભૂષણો અને નૂપુરનો રણઝણકાર કરતાં શ્રીગોપીજનો નિકટમાં દૃષ્ટિએ પડયાં, ત્યારે પ્રિયતમ શ્રી કૃષ્ણનાં અંગ-પ્રત્યંગ સમેટાઈને-એકત્રીભૂત થઈને-એઓશ્રીનાં રસીલાં નેત્રોમાં મળી ગયાં ! (એટલે કે, પ્રિયતમની દર્શનલાલસા વધી પડી, અને તેને માટે નેત્રો ચંચલ થઈ ગયાં, એકચિત્ત થઈને ગોપીઓનું સૌંદર્ય નીરખવા લાગ્યાં !) (૪૨)

કુંજન કુંજન નિકસત, સોભિત બર આનન અસ,
તમ કૌને તૈં નિકરિ, લસત રાકા-મયંક જસ,
સબ કે મુખ અવલોકત, પિય કે નૈન બનૈં યૌં,
બહુત સરદ-સસિ-માઁઝ, અરબરે દ્વૈ ચકોર જ્યૌં. ૪૩

શબ્દાર્થ : બર-સુંદર; આનન-મુખ; અસ-એવું; કૌને તૈં-ખૂણામાંથી; અરબરે-ચંચલ થયેલ.

ભાવાર્થ : જેવી રીતે અંધારા ખૂણામાંથી ઉદય પામેલો પૂર્ણિમાનો પ્રકાશયુક્ત ચંદ્ર સુશોભિત થઈ રહ્યો હોય, તેવી રીતે એક પછી એક સઘન કુંજમાંથી નીકળતાં શ્રીગોપીજનોનાં સુંદર મુખ પણ પરમ શોભાયમાન થઈ રહ્યાં છે. બધાં શ્રીગોપીજનોનાં મુખ નીરખતાં પ્રિયતમ શ્રીકૃષ્ણનાં નેત્રો એવા પ્રકારનાં દેખાયાં કે જાણે શરદના સ્વચ્છ સુંદર ચંદ્રમાની વચ્ચે ચંચલ થયેલ-વ્યાકુલ થયેલ બે ચકોર હોય ! (૪૩)

અતિ આદર કરિ લઈ, ભઈ ચહુઁ દિસિ ઠાઢી અનુ,
છબિલી છટનિ મિલિ છેકી, મંજુલ ઘન-મૂરતિ જનુ;
નાગર નગધર નંદનંદ, હઁસિ મંદ મંદ તબ,
બોલે બાઁકે બૈન પ્રેમ કે પરમ ઐન સબ. ૪૪

શબ્દાર્થ : નાગર-ચતુર, શિષ્ટાચારમાં સભ્ય; નગધર-ગિરિધર; ઐન-ભંડાર.

ભાવાર્થ : શ્રીકૃષ્ણે ગોપીજનોનું અતિ આદરયુક્ત સ્વાગત કર્યું, અને તેમને પાસે

બોલાવ્યાં. ત્યાર પછી તેઓ પ્રિયતમ શ્રીકૃષ્ણની ચારે બાજુ એવી રીતે રહ્યાં કે, જાણે મંજુલ ઘનમૂર્તિને વિદ્યુચ્છટાએ ઘેરી લીધી હોય! ચતુર નંદનંદન ગિરિધર શ્રીકૃષ્ણ મંદમંદ મુસકાઈને પ્રેમના ભંડાર રૂપ વક્ર (વ્યંગ) વચન બોલ્યા. (૪૪)

ઉજ્જલ રસ કો યહ સુભાઉ, બંક હિ છબિ પાવૈ,
બંક કહનિ, અરુ ચહનિ બંક, અતિ રસહિ બઢ઼ાવૈ;
યે સબ નવલકિસોરી, ગોરી, ભરી પ્રેમ–રસ,
તાતૈં સમુઝિ ન પરી, કરી પિય પરમ પ્રેમ–બસ. ૪૫

શબ્દાર્થ : બંક–વક્ર, વ્યંગયુક્ત રસિક; કહનિ–કહેવું; ચહનિ–ચાહવું.

ભાવાર્થ : ઉજ્જવલ–શુદ્ધ પ્રેમરસનો એ સ્વભાવ છે કે, વક્રતા (વ્યંગોક્તિ)થી એ શોભે છે. (એની નૈસર્ગિકતા છે કે એ વક્રતાથી વધે છે.) વ્યંગયુક્ત–રસીલાં વચન બોલતાં, વ્યંગ રીતિથી ચાહવું (એટલે વ્યંગ રીતિથી જોવું–સાંભળવું) વગેરે પ્રેમ રસની અત્યંત વૃદ્ધિ કરે છે. એ બધાં ગોપીજનો નવીન કિશોરાવસ્થાનાં સ્વરૂપવાન અને પ્રેમરસથી ભરેલ છે, તેથી પ્રિયતમના પ્રેમને વશ થયેલાં એ શ્રીગોપીજનો, શ્રીકૃષ્ણનાં વ્યંગ વચનોને સમજ્યાં નહીં. (૪૫)

જ્યોં નાઇક સબ ગુનનિધિ, અરુ સુંદર જુ મહા હૈ,
સબ ગુન માટી હોઇ, નૈક જો બંક ન ચાહૈ;
કેઉક બચન કહૈ નરમ, કહૈ કેઊ રસ બર કર,
કેઉક કહે તિય–ધરમ, ભરમ–ભેદક સુંદર બર. ૪૬

શબ્દાર્થ : ગુનનિધિ–ગુણનો ભંડાર; નૈક–થોડીક, કેઊક–કેટલાંક; નરમ–કોમલ; બર–શ્રેષ્ઠ.

ભાવાર્થ : જેવી રીતે નાયક ગુણનિધિ–ગુણના ભંડારરૂપ અને મહાન હોય, પરંતુ જો તેમાં થોડીક પણ રસ-વક્રતા ન હોય તો તેના બધા ગુણ મિથ્યા થઇ જાય! કેટલાંક શ્રીગોપીજનો કોમલ વચન બોલે છે; કોઈ શ્રીકૃષ્ણના શ્રેષ્ઠ રસનું વર્ણન કરે છે; કોઈક સુંદર વરના ભ્રમને દૂર કરનાર સ્ત્રી–ધર્મનું વર્ણન કરે છે. (૪૬)

લાલ રસાલ કે બ્યંગ, બચન સુનિ થકિત ભઇ યોં,
બાલ–મૃગિનિ કી પાઁતિ, સઘન બન ભૂલિ પરી જ્યોં;
મંદ પરસ્પર હસીં, લસીં તિરછી અઁખિયન અસ,
રૂપ–ઉદધિ ઇતરાતિ, રઁગીલી મીન–પાઁતિ જસ. ૪૭

શબ્દાર્થ : લાલ–નંદલાલ, શ્રીકૃષ્ણ; રસાલ–રસયુક્ત; થકિત–થાકીને; લસીં–શોભ્યાં; તિરછી–વક્ર; અસ–એવી; રૂપ-ઉદધિ–રૂપનો સમુદ્ર; ઇતરાતી–તરતી, ઊછળતી.

ભાવાર્થ : રસિક શ્રીકૃષ્ણનાં વ્યંગ વચનો શ્રવણ કરીને, જેવી રીતે બાલ–હરિણીઓનું ટોળું સઘન વનમાં ભૂલું પડી જતાં આમતેમ દોડવાથી થાકીને ઊભું થઈ રહે છે તેમ, એ ગોપીજનો પણ શિથિલ થઈ ગયાં! પછી તેઓ એકબીજા પ્રત્યે જોઇને મંદમંદ હસ્યાં ત્યારે તેમનાં તિરછાં નેત્રો, જેવી રીતે રૂપ–સમુદ્રમાં તરતી ઊછળતી માછલીઓની પંક્તિઓ શોભી ઊઠે તેવી રીતે શોભાયમાન થઈ રહ્યાં! (૪૭)

જબ પિય કહ્યો ઘર જાહુ, અધિક ચિત્ત ચિંતા બાઢ઼ી,
પુતરિન કી સી પાઁતિ, રહી ગઈ ઈક–ટક ઠાઢ઼ી;
દુખ કે બોઝ, છબિ–સીંવ ગ્રીવ, નૈ ચલી નાલ સી,
અલક–અલિન કે ભાર, નમિત મનુ કમલ માલ-સી. ૪૮

શબ્દાર્થ : પુતરિન–પૂતળી, પ્રતિમા; ઇક-ટક–મટકું માર્યા વિના, શાંત; સીંવ–સીમા; ગ્રીવ–ગરદન; નૈ–નમાવી; ભ્રમિત–ભમતી, હલતી-ડોલતી.

ભાવાર્થ : જ્યારે પ્રિયતમ શ્રીકૃષ્ણે કહ્યું કે, ‘ઘર જાઓ’ ત્યારે ચિત્તમાં અત્યંત ચિંતા થઈ અને તેઓ ચિતરામણમાં કાઢેલી પૂતળીની જેમ, મટકું લગાવ્યા વિના, સંજ્ઞાશૂન્ય થઇને એક સ્થાનમાં ઊભાં રહ્યાં! શોભાની સીમા જેવી એમની ગ્રીવા, દુ:ખના ભારથી કમળની દાંડીની જેમ નમી પડી. અને જાણે કમળની માળા, ભ્રમરના ભારથી નમી પડે તેમ, અલક-કેશસમૂહરૂપી ભ્રમરના ભારથી એમનું મુખકમળ નમી પડ્યું! (૪૮)

હિય ભરિ બિરહ–હુતાસ, ઉસાસનિ–સઁગ આવત ઝર,
ચલે કછૂ મુરઝાઈ, મધુ ભરે અધર–બિંબ બર;
તબ બોલીં બ્રજ–બાલ, લાલ મોહન અનુરાગી,
સુંદર ગદગદ ગિરા, ગિરિધર હિ મધુરી લાગી. ૪૯

શબ્દાર્થ : બિરહ-હુતાસ-વિરહાગ્નિ; ઝર–ઝાળ, જ્વાળા; અધર-બિંબ–લાલ અધરોષ્ઠ; કછુ–કંઈક, થોડાં; મુરઝાઈ–કરમાઈ.

ભાવાર્થ : હૃદયમાં ભરેલી વિરહાગ્નિ ઉચ્છ્વાસની સાથે બહાર નીકળીને જ્વાળાના રૂપમાં આવવાથી એમના બિંબ–ફળથી શ્રેષ્ઠ એવા મધુરસપૂર્ણ અધર કંઈક કરમાઈ ગયા–સૂકાઈ ગયા! ત્યારે મોહનવરના અનુરાગમાં રંગાયેલી એ વ્રજબાલાઓએ એવી સુંદર ગદ્ગદ વાણીમાં કહ્યું જે શ્રીકૃષ્ણને મધુર લાગ્યું. (૪૯)

હે મોહન! હે પ્રાનનાથ! સુંદર સુખદાઇક,
ક્રૂર બચન જિનિ કહૌ, નહિંન યે તુમ્હરે લાઇક;
જબ કોઉ બૂઝૈ હિ ધર્મ, તબૈં તાસોં કહિયે પિય!
બિન બૂઝૈ હિ ધર્મ કિતહિ કહિયૈ, દહિયૈ હિય. ૫૦

શબ્દાર્થ : જિનિ–ન, નહીં; લાઇક–યોગ્ય; બૂઝૈ–પૂછે; કિતહિ–શા માટે.

ભાવાર્થ : હે મોહન! હે સુંદરવર અને સર્વને સુખ દેવાવાળા પ્રાણનાથ! આપ

એવાં ક્રૂર વચન ન બોલો; એવાં વચન બોલવાં આપને યોગ્ય નથી. હે પ્રિય ! જ્યારે કોઇ આપને ધર્મના વિષયમાં પૂછે ત્યારે આપ ખૂશીથી કહો; પરંતુ પૂછ્યા વિના ધર્મ બતાવીને અમારા હૃદયને શા માટે બાળો છો ? (૫૦)

ધર્મ, નેમ, જપ, તપ, બ્રત, સબ કોઉ ફલહિ બતાવૈ,
યહ કહુઁ નાહિંન સુની, જુ ફલ ફિરિ ધર્મ સિખાવૈ;
અરુ તુમ્હરો યહ રૂપ, ધર્મ કે ધર્મહિ મોહૈ,
ઘર મૈં કૌ તિય-ધર્મ ભર્મ, યા આગે કો હૈ. ૫૧

શબ્દાર્થ : અરુ-વળી; તિય-ધર્મ-સ્ત્રીઓનો ધર્મ.

ભાવાર્થ : બધાં શાસ્ત્રો ધર્મ, નિયમ. જપ, તપ, વ્રત આદિને 'ફળ' કહે છે; પરંતુ અમે આજ સુધી એવું ક્યાંય સાંભળ્યું નથી કે ફળ પોતે પાછું ધર્મની શિખામણ આપવા મંડે ! વળી, આપનું આ અનુપમ રૂપ ધર્મના પણ ધર્મને મોહ ઉપજાવે તેવું છે, અને સ્ત્રીનું સ્થાન તો પોતાના ઘરમાં પણ ભ્રમાત્મક છે, તો પછી તેનું મોહિત થવું સ્વાભાવિક છે. (બીજો અર્થ-ઘરમાં સ્ત્રીનો ધર્મ શું છે, અને એની આગળ બીજો ભ્રમ કે મર્મ શું છે ?) (૫૧)

તૈસિય પિય કી મુરલી, જુ રલી અધરસુધારસ,
સુનિ નિજ ધર્મ ન તજૈ, તરુનિ ત્રિભુવન મૈં કો અસ;
નગ, ખગ, ઔર મૃગનિ કૌ કૈસો ધર્મ રહ્યો હૈ,
છાને હ્વૈ પિય રહૌ, અબ ન કછુ જાત કહ્યો હૈ. ૫૨

શબ્દાર્થ : રલી-રંગાયેલી; અધરસુધારસ-અધરામૃત; નગ-પર્વત; ખગ-પક્ષી; છાને-ચુપ.

ભાવાર્થ : હે પ્રિયતમ ! તેવી જ અધરામૃતથી રંગાયેલી આપની મુરલીનો નાદ સાંભળીને ત્રિભુવનમાં એવી કઈ સ્ત્રી છે કે જે પોતાનો ધર્મ ન તજે ? (અર્થાત્, આપનો બંસીનાદ સાંભળીને સહુ કોઈનાં ધર્મ-કર્મ છૂટી જાય છે !) આપની મુરલીનો નાદ સાંભળીને પર્વત, પક્ષી અને મૃગનો ધર્મ પણ કેવોક રહ્યો છે ? (અર્થાત્ લેશ પણ નથી રહ્યો.) માટે હે પ્રિયતમ ! હવે ચુપ થઈ જાઓ; અમારાથી વિશેષ કંઈ કહી શકાતું નથી. (૫૨)

નગન કૌ ધર્મ ન રહ્યૌ, પુલકિ-તન ચલે ઠૌર તૈં,
ખગ, મૃગ, ગો-બછ, મચ્છ-કચ્છ તે રહે કૌર તૈં;
સુંદર પિય કૌ બદન નિરખી, અસ કો નહિં ભૂલ્યૌ,
રૂપ-સરોવર-માઁઝ, સરસ અંબુજ જનુ ફૂલ્યૌ. ૫૩

શબ્દાર્થ : પુલકિ-રોમાંચ; કચ્છ-કાચબા; ઠૌર-સ્થાન; કૌર-એક બાજુ; માઁઝ-માં, અંદર; અંબુજ-કમલ; જનુ-જાણે.

ભાવાર્થ : પર્વતોનો ધર્મ રહ્યો નથી. મુરલીનાદ શ્રવણ કરીને તેઓ અંગમાં રોમાંચ અનુભવે છે અને અચલપણાના સ્વાભાવિક ધર્મનો ત્યાગ કરીને પોતાના સ્થાનથી ચલાયમાન થઈ જાય છે ! એવી રીતે પક્ષી, મૃગ, ગાયો, વાછરડાંઓ, માછલાંઓ, કાચબાઓ આદિ પણ મંત્રમુગ્ધની જેમ એક બાજુ સ્થિર થઈ રહ્યાં છે ! રૂપસરોવરમાં જાણે સુંદર કમળ પ્રફુલ્લિત થયું હોય તેવા પ્રિયતમના સુંદર મુખકમળનું દર્શન કરીને એવું કોણ છે, જે પોતાની સુધ-બુધ ભૂલી જતું નથી ! (૫૩)

કુટિલ અલક મુખ-કમલ, મનોં મધુકર મતવારે,
તિન-મધિ મિલિ રહે લાલ, નૈંન ચંચલ જુ હમારે;
ચિતવનિ મોહન-મંત્ર, ભૌંહ જનુ મનમથ ફાઁસી,
નિપટ ઠગૌરી આહિ, મંદ-મૃદુ માદક હાઁસી. ૫૪

શબ્દાર્થ : કુટિલ-વાંકી; મનોં-માનો, જાણે; મતવારે-મદમાતા; તિન-મધિ-તેમાં; ભૌંહ-ભ્રુકુટી; જનુ-જાણે; મનમથ-કામદેવ; નિપટ-પૂર્ણતઃ, પૂરેપૂરી રીતે.

ભાવાર્થ : આપના કમળ સમાન મુખ ઉપર કુટિલ અલકાવલી આવી રહી છે તે જાણે મદમાતા ભ્રમરાઓની પંક્તિ મધુપાન માટે આવી હોય તેવું લાગે છે ! હે નંદલાલ ! તેમાં અમારાં ચંચલ નેત્રો લીન થઈ ગયાં છે ! આપની દૃષ્ટિ મોહનમંત્ર જેવી છે, ભ્રુકુટી કામદેવની ફાંસી જેવી છે, તથા આપનું મંદમંદ અને માદક હાસ્ય તો પૂરેપૂરી ઠગવિદ્યા જેવું-સુધ બુધ ભૂલાવી દેનારું-છે ! (૫૪)

અધર-સુધા કે લોભ ભઈ હમ દાસી તિહારી,
જ્યોં લુબ્ધી પદ-કમલન, કમલા ચંચલ નારી;
જો ન દેહૌ અધરામૃત, તૌ સુનિહો મોહન હરિ,
કરિ હૈં યહ તન ભસ્મ, બિરહ-પાવક મેં કુદિ પરી. ૫૫

શબ્દાર્થ : ભઈ-થઈ; લુબ્ધી-લોભી; દેહૌ-દેશો, આપશો; બિરહ-પાવક-વિરહાગ્નિ.

ભાવાર્થ : જેવી રીતે ચંચલ લક્ષ્મીજી આપના ચરણકમલના લોભથી આપની દાસી બન્યાં છે, તેવી રીતે આપના અધરામૃતના લોભથી અમે પણ આપના દાસીઓ બન્યાં છીએ. માટે હે મોહન ! હે હરિ ! સાંભળો : જો આપ અમોને અધરામૃત આપશો નહીં તો અમે વિરહાગ્નિમાં કૂદી પડીને આ અમારાં શરીરને ભસ્મ કરી દઈશું. (૫૫)

તબ પિય-પદવી પાઈ, બહુરિ ધરિહૈં સુંદર અંગ,
નિધરક હ્વૈ અધરામૃત પીહૈં, પુનિ ફિરિહૈં સઁગ;
સુનિ ગોપિન કે પ્રેમ-બચન, આઁચ-સી લાગી જિય,
પિઘરિ ચલ્યૌ નવ-નીત, મીત નવનીત-સદૃશ હિય. ૫૬

શબ્દાર્થ : તબ-ત્યારે; પિય-પદવી-પ્રિયતમનાં ચરણકમલ; બહુરિ-ફરીવાર; નિધરક-નિઃશંક; પુનિ-પુનઃ, ફરીવાર; સુનિ-સાંભળી; આંચ સી-અગ્નિની જ્વાળા જેવાં; પિઘરિ-પીગળી; નવ-નીત-નવીન નીતિ; મીત-મિત્ર; નવનીત-સદૃશ-માખણની જેમ.

ભાવાર્થ : ત્યારે પ્રિયતમનાં ચરણકમલને પ્રાપ્ત કરીશું અને આપના સુખદ શ્રીઅંગનો સ્પર્શ કરીશું. પછી નિ:શંકપણાથી આપના અધરામૃતનું પાન કરીશું અને પુનઃ આપની સંગાથે ફરીશું. (સંપૂર્ણ સંયોગ સુખ પ્રાપ્ત કરીશું.) ગોપીઓનાં આવાં પ્રેમપૂર્ણ વચનો સાંભળતાં શ્રીકૃષ્ણના હૃદયમાં અગ્નિજવાળા જેવાં લાગ્યાં ! અને તેના તાપથી શ્રીકૃષ્ણનું નવનીત જેવું સ્નેહપૂર્ણ હૃદય, નવીન મૈત્રીની નીતિના રૂપમાં આવીને પીગળી ગયું ! (૫૬)

વન - વિહાર

બિહુઁસિ મિલે નઁદલાલ, નિરખિ બ્રજબાલ બિરહ-બસ,
જદપિ આત્મારામ, રમત ભયે પરમ પ્રેમ-રસ;
બિહરત બિપિન-બિહાર, ઉદાર, નવલ નઁદ-નંદન,
નવકુંકુમ ઘન સાર, ચારૂ ચર્ચિત તન ચંદન. ૫૭

શબ્દાર્થ : જદપિ-યદ્યપિ, જો કે; આત્મારામ-પોતાના આત્મામાં જ રમણ કરનાર યોગેશ્વર; ઘનસાર-કપૂર; ચર્ચિત-ચર્ચેલું, લગાવેલું.

ભાવાર્થ : ગોપીજનોને વિરહ-વશ થયેલાં જોઈને નંદલાલ-શ્રીકૃષ્ણ, એમને હસતાં હસતાં મળ્યા. જો કે, એઓશ્રી આત્મારામ (પોતાના આત્મામાં રમણ કરનાર-યોગેશ્વર) હોવા છતાં પરમ પ્રેમપૂર્વક તેમની સાથે રમણ કરવા લાગ્યા. જેમના શ્રીઅંગ ઉપર નવીન કુમકુમ, કપૂર અને સુંદર ચંદન ચર્ચિત છે એવા ઉદારાત્મા નવલ નંદરાજકુમાર-શ્રીકૃષ્ણ, વનમાં વિલાસપૂર્વક વિહાર કરી રહ્યા છે. (૫૭)

અદ્ભુત સાઁવલ અંગ, બન્યૌ અદ્ભુત પીતાંબર;
મુકુટ ધરે સિંગાર, પ્રેમ-અંબર ઓઢે હરિ;
વિલુલિત ઉર-બનમાલ, લાલ જબ ચલત ચાલ બર,
કોટિ મદન કી ભીર ઉઠતિ, પુનિ લુઠતિ ચરન-તર. ૫૮

શબ્દાર્થ : સાઁવલ-શ્યામલ; પ્રેમ-અંબર-પ્રેમરૂપી વસ્ત્ર, ઉપવસ્ત્ર; વિલુલિત-ચલાયમાન; લુઠતિ-લોટતી, આળોટતી.

ભાવાર્થ : શ્રીકૃષ્ણનું અત્યંત અદ્ભુત શ્યામલ શ્રીઅંગ છે, તેના ઉપર અદ્ભુત પીતાંબર ધારણ કર્યું છે. શ્રીમસ્તક ઉપર મુકુટનો શૃંગાર અને શ્રીઅંગ ઉપર પ્રેમાંબર-ઉપવસ્ત્ર ઓઢેલું છે. જ્યરે આપ સુંદર ગતિથી ચાલે છે ત્યારે હૃદય ઉપર ધારણ કરેલી વનમાલા ચલાયમાન થાય છે, તેથી કરોડો કામદેવની શોભા ઉત્પન્ન થાય છે અને વનમાલાનાં પુષ્પરૂપે આપના ચરણકમલમાં લોટી પડે છે ! (અર્થાત્, કામદેવ, વનમાલાનાં પુષ્પરૂપે આપનો સત્કાર કરી, ચરણારવિંદમાં નમી પડી પોતાની તુચ્છતા દર્શાવી રહ્યો છે !) (૫૮)

ગોપીજન-ગન-ગોહન, મોહનલાલ બનૈં યોં,
અપની દ્દુતિ કે ઉડગન, ઉડપતિ ઘન ખેલત જ્યોં,
કુંજનિ કુંજનિ ડોલનિ, જનુ ઘન તૈં ઘન આવનિ,
લોચન તૃષિત ચકોરન કૈ ચિત્ત ચોપ બઢ઼ાવનિ. ૫૯

શબ્દાર્થ : ગન-સમૂહ, સમુદાય; ગોહન-ઇંદ્રિયોને, મનને ખેંચવાવાળા; બનૈં-સુશોભિત; યોં-એવી રીતે; દ્દુતિ-જ્યોતિ; ઉડગન-તારા; ઉડપતિ-ચંદ્રમા; ઘન તૈં ઘન-એક વાદળથી બીજા વાદળમાં; ચોપ-ભાવ.

ભાવાર્થ : ગોપીજનોની ઇંદ્રિયોનું-મનનું આકર્ષણ કરનાર મનમોહન શ્રીકૃષ્ણ એવા સુશોભિત થઈ રહ્યા છે કે, જાણે પોતાની સમાન તારાગણની સાથે તારાપતિ-ચંદ્ર ખેલી રહ્યો હોય ! એઓશ્રી કુંજ-નિકુંજમાં એવી રીતે વિચરી રહ્યા છે કે જાણે ચંદ્રમા એક વાદળમાંથી નીકળી બીજા વાદળમાં પ્રવેશી રહ્યો હોય ! અને આવી રીતે તૃષિત નેત્રરૂપી ચકોરોના ચિત્તમાં ભાવ વધારી રહ્યા છે. (૫૯)

સુભગ સરિત કે તીર, ધીર બલવીર ગયે તહઁ,
કોમલ મલય સમીર, છબિન કી મહા ભીર જહઁ;
કુસુમ-ધૂરિ-ધૂઁધરિ કુંજ, છબિ પુંજનિ છાઇ,
ગુંજત મંજુ મલિંદ, બેનુ જનુ બજતિ સુહાઇ. ૬૦

શબ્દાર્થ : સમીર-પવન; પુંજનિ-રાશિ, ઢગલો; મલિંદ-ભ્રમર.

ભાવાર્થ : કુંજ-નિકુંજોમાં વિહાર કરતા શ્રીકૃષ્ણ સુંદર સરિતા શ્રીયમુનાજીના કિનારા ઉપર ધીરે ધીરે આવી પહોંચ્યા, જ્યાં શોભા તથા કોમળ મલય-પવનની સુરભિ અપરંપાર છે; પુષ્પોની પરાગ-રજથી ધૂસરિત થયેલ કુંજ-નિકુંજની અપાર શોભા થઈ રહેલ છે, અને તેમાં ભ્રમરાઓ એવો મંજુલ ગુંજારવ કરી રહ્યા છે કે જાણે વેણુનાદ થઈ રહ્યો છે ! (૬૦)

ઇત મહકતી માલતી, ચારુ ચંપક ચિત ચોરત,
ઉત ઘનસાર-તુષાર મિલિ મંદાર ઝકોરત,
ઇત લવંગ નવરંગ એલિ ઇત ઝેલી રહી રસ,
ઉત કુરબક, કેવરો, કેતકી ગંધ-બંધ-બસ. ૬૧

શબ્દાર્થ : મહકતી-મહેકી રહી છે; ઘનસાર-કપૂર; તુષાર-હિમ, શીતલ; મંદાર-મંદારવૃક્ષ; નવરંગ-નવીન રંગવાળી; એલિ-એલચી; ઝેલિ-વરસાવી; બસ-વશ.

ભાવાર્થ : આ બાજુ માલતી મહેકી રહી છે અને સુંદર ચંપાનાં ફૂલ ચિત્તનું આકર્ષણ કરી રહેલ છે. પેલી બાજુ કપૂરની સુગંધીથી મળેલો શીતલ મલયાનિલ, મંદાર પુષ્પને હલાવી રહ્યો છે. આ બાજુ લવીંગ, નવરંગ એલચી વગેરે રસ-રાશિ વરસાવી રહેલ છે અને પેલી બાજુ કુરબક, કેવડો અને કેતકી, વાતાવરણને સુગંધી-વશ બનાવી રહ્યાં છે. (૬૧)

ઈત તુલસી છબિ હુલસી, છાઁડ઼તિ પરિમલ લપટૈં,
ઉત કમોદ આમોદ ગોદભરિ, સુખ કી દપટૈં;
ફૂલન માલ બનાઇ, લાલ પહિરત-પહિરાવત;
સુમન સરોજ સુઁઘાવત, ઓજ મનોજ બઢ઼ાવત, ૬૨

શબ્દાર્થ : હુલસિ–ઉલ્લસિત, ઉલ્લાસયુક્ત; છાઁડ઼તિ–છોડે છે; પરિમલ–સુગંધ; લપટૈં–લપટ; આમોદ–હર્ષ; દપટૈં–ધમકી; ઓજ–ચમક, તેજ; મનોજ–કામદેવ.

ભાવાર્થ : આ બાજુ શોભાથી ઉલ્લસિત થઈ રહેલી તુલસી, સુગંધની લપટ છોડી રહી છે અને પેલી બાજુ કમોદ પુષ્પ પોતાની ગોદમાં આમોદ–હર્ષ ભરીને સુખને ધમકી આપી રહેલ છે. આ બધાં પુષ્પોને ચૂંટી લઈ તેની માળા બનાવીને શ્રીકૃષ્ણ તેને પહેરે છે, અને શ્રીગોપીજનોને પહેરાવે છે, તથા કમળપુષ્પો સુંઘાડે છે અને રસના ઓજથી કામને વધારી રહ્યા છે. (૬૩)

ઉજ્વલ મૃદુલ બાલુકા, પુલિન અતિ સરસ સુહાઈ,
જમુના જુ નિજ કર તરંગ કરિ આપ બનાઈ;
બિલસત બિબિધ બિલાસ, હાસ નીબી, કુચ પરસત,
સરસત પ્રેમ અનંગ, રંગ નવ ઘન જ્યૌં બરસત. ૬૪

શબ્દાર્થ : પુલિન–રેતીવાળો તટ; જુ–જેને; કરિ–થી, વડે; સરસત–પ્રફુલ્લિત; અનંગ–કામદેવ.

ભાવાર્થ : શ્રીયમુનાજીએ પોતાના હસ્ત–તરંગ વડે જેને બનાવી છે, એવી ઉજ્જવલ અને કોમલ વાલુકા, તટ ઉપર પરમ શોભાયમાન લાગે છે. આવા સુંદર સ્થાનમાં શ્રીકૃષ્ણચંદ્ર વિવિધ પ્રકારના વિલાસ કરી રહ્યા છે અને હાસ્ય–વિનોદ સાથે શ્રીગોપીજનોનાં નીવી અને કુચનો સ્પર્શ કરી રહ્યા છે. આનાથી પ્રેમ અને કામદેવ પ્રફુલ્લિત થાય છે અને એવું દૃશ્ય લાગે છે કે જાણે નવીન મેઘ રંગભર વરસી રહ્યો હોય ! (૬૪)

મદન – મદ – હરણ

તબ આયૌ વહ કામ, પંચસર કર હૈ જાકે,
બ્રહ્માદિક કૌ જીતિ, બઢ઼િ રહ્યૌ અતિ મદ તાકે;
નિરખિ બ્રજ–બધૂ સંગ, રંગ ભીને, કિસોર તન,
હરિ મન–મથ કરિ મથ્યૌ ઉલટિ વા મનમથ કૌ મન. ૬૫

શબ્દાર્થ : પંચસર–પાંચ બાણ (અરવિંદ, અશોક, નવમાલિકા, આંબામોર અને નીલોત્પલ આદિ પાંચ પુષ્પોનાં બાણ) વાળો કામદેવ; મદ–ગર્વ; મન-મથ–મનને નાથી નાખવું; મનમથ–મનને મથી નાખનાર કામદેવ.

ભાવાર્થ : બ્રહ્માદિક દેવતાઓને જીતીને જેને અતિશય ગર્વ ચડી ગયો છે તેવો કામદેવ, પોતાના હાથમાં પાંચ પુષ્પબાણ લઈને ત્યાં આવી પહોંચ્યો. વ્રજવધૂઓની સાથે

શબ્દાર્થ : મુરઝિ–મૂર્છિત; મૈન–કામદેવ; કહૂઁ–ક્યાંય; ધનુ–ધનુષ્ય; બિસિખ–બાણ; બર–શ્રેષ્ઠ; મદન–કામદેવ; બદન–શરીર; ચુવાઈ–રેડીને, ટપકાવીને.

ભાવાર્થ : ત્યારે કામદેવ મૂર્છિત થઈને પડી ગયો. તેનું ધનુષ્ય ક્યાંય ઊડી ગયું અને પુષ્પબાણ પણ ક્યાંય દૂર ઊડી પડયાં ! પોતાના પતિની આ દશા જોઇને રતિ અત્યંત ભયભીત બનીને પોતાના હાથથી છાતી કૂટવા લાગી. પતિ–પ્રેમાનુરાગને વશ થઈને પોતાના પતિ–મદનને આલિંગન કરે છે અને રડે છે. મદનની મૂર્છાને શાંત કરવાના પ્રયાસરૂપ તેના મુખને ચૂમીને, પોતાના મુખમાંથી મદનના શરીર ઉપર અધરામૃત ટપકાવીને, તેને પોતાના બાહુપાશમાં લઇને ત્યાંથી નીકળી. (૬૬)

ગોપી – ગર્વ

અસ અદ્ભુત મોહન પિય સૌં મિલિ ગોપ–દુલારી,
અચરજ નહિં જૌ ગરબ કરૈં, ગિરિધર કી પ્યારી;
રૂપ-ભરી, ગુન–ભરી, ભરી પુનિ પરમ પ્રેમ–રસ,
ક્યૌં ન કરહિં અભિમાન, કાન્હ ભગવાન જિન કે બસ. ૬૭

શબ્દાર્થ : અસ–આવા; અચરજ–આશ્ચર્ય; ગરબ–ગર્વ; બસ–વશ.

ભાવાર્થ : શ્રીગોપીજનો આવા અદ્ભુત મોહન પ્રિયતમને મળીને જો પોતે ગિરિવર-ધારી શ્રીકૃષ્ણની પ્રાણપ્યારીઓ હોવાનો ગર્વ કરે તો એમાં કશું આશ્ચર્યજનક નથી ! એ બધી વ્રજરમણીઓ રૂપ, ગુણ અને પરમ પ્રેમરસથી ભરેલ છે; વળી ભગવાન શ્રીકૃષ્ણ તેમને વશ હોવાથી તેઓ અભિમાન કેમ ન કરે ? અર્થાત્ અવશ્ય કરે. (કારણ કે, એમનું એ અભિમાન પ્રેમરસમાં વૃદ્ધિ કરવાવાળું છે.) (૬૭)

જહું નદી–નીર ગંભીર, તહાઁ ભઁવરી ભલ પરહી,
છિલછિલ સલીલ ન પરૈ,' પરૈ તૌ છબિ નહિ કરહી;
પ્રેમ–પુંજ–વર્દ્ધન કે કાજ, બ્રજરાજ–કુઁવર પિય,
મંજુ કુંજ મૈં તનક દુરે, અતિ પ્રેમ ભરે હિય. ૬૮

શબ્દાર્થ : જહુઁ–જ્યાં; ગંભીર–ઊંડું; તહાઁ–ત્યાં; ભઁવરી–ભ્રમર, વમળ, ઘુમરી; ભલ–સારી રીતે; છીલછીલ–છીછરું; સલિલ–જલ; છબિ–શોભા; તનક–જરા; દુરે–દૂર ગયા, છુપાઈ ગયા.

ભાવાર્થ : નદીમાં જ્યાં ઊંડું જલ હોય છે ત્યાં સારી રીતે વમળ–ઘુમરી પડે છે; છીછરા પાણીમાં પડતી નથી, અને જો પડે તો ઊંડા પાણી જેવી શોભા આપતી નથી. વ્રજરાજકુમાર શ્રીકૃષ્ણ, શ્રીગોપીજનોના પ્રેમ–પુંજને વધારવા માટે હૃદયમાં અત્યંત પ્રેમરસ ભરીને સુંદર કુંજમાં જરા છુપાઈ ગયા ! (૬૮)

☆

દ્વિતીય અધ્યાય

મધુર વસ્તુ જો ખાત નિરંતર, સુખ તૌ ભારી,
બીચ-બીચ કટુ અમ્લ તિક્ત, અતિસય રુચિકારી.
જ્યૌં પટ પુટ કે દિયૈં, નિપટ હી પરત સરસ રઁગ,
તૈસે હી રંચક બિરહ, પ્રેમ કે પુંજ બઢ઼ત અંગ. ૧

શબ્દાર્થ : બીચ-બીચ–વચ્ચે વચ્ચે; કટુ–કડવું; અમ્લ–ખારું; તિક્ત–તીખું; પટ–વસ્ત્ર; પુટ–બીજો રંગ; રંચક–થોડું; પુંજ–અધિક; બઢ઼ત–વધે.

ભાવાર્થ : જો નિરંતર મધુર પદાર્થ ખાવાના મળે તો બહુ સુખ થાય છે; પરંતુ વચ્ચે વચ્ચે જો કાંઇક કડવો, ખાટો કે તીખો પદાર્થ મળે તો અત્યંત રુચિકારી અને રોચક થાય છે. જેવી રીતે વસ્ત્રના એક રંગ ઉપર બીજા રંગનો પુટ આપીને રંગવાથી તેની શોભા વધી જાય છે, તેમ થોડાક જ (અલ્પ સમયના) વિરહથી હૃદયમાં પ્રેમ અધિક વધે છે. (૧)

જિન કૈં નૈન-નિમેષ-ઓટ, કોટિક જુગ જાહીં,
તિન કૈં ગૃહ, બન, કુંજ-ઓટ, દુખ ગનના નાહીં;
ઠગ-સી રહીં બ્રજબાલ, લાલ ગિરિધર પિય બિન યૌં,
નિધન મહા ધન પાઇ, બહુરિ જ્યૌં જાઇ, ભઇ ત્યૌં. ૨

શબ્દાર્થ : નિમેષ–મટકું; ઓટ–પાછળ, અંતર્ધાન; કોટિક–કરોડો; ઠગિ-સી–ઠગાયેલ જેવી; નિધન–નિર્ધન; બહુરિ–ફરી વાર.

ભાવાર્થ : જેમનાં નેત્રોના એક નિમેષમાં જ કરોડો યુગ વીતી જાય છે, તેમના માટે ઘર, વન કે કુંજમાં અંતર્ધાન થવાના દુઃખદ સમયની ગણના નતી એ વ્રજબાલાઓ પ્રિયતમ ગિરિધરલાલ વિના એવી ઠગાયેલ જેવી થઈ ગઈ કે જેવી રીતે કોઇ નિર્ધન વ્યક્તિ મહાન ધન પ્રાપ્ત કરીને પ્રછી એના ખોવાઈ જવાથી જેવો થઈ જાય છે, એવી થઈ ગઈ ! (૨)

હ્વૈ ગઇ બિરહ-બિકલ મન, બૂઝત દ્રુમ-બેલી બન,
કો જડ઼, કો ચૈતન્ય. કછુ ન જાનત બિરહી જન;
હે માલતિ ! હે જાતિ ! જૂથિકે ! સુનિ દૈ ચિત,
માન-હરન, મન-હરન લાલ ગિરિધરન લખે ઇત. ૩

શબ્દાર્થ : હ્વૈ ગઈ–થઈ ગઈ; બિકલ–વ્યાકુલ; બૂઝત–પૂછે છે; લખે–જોયા છે ? ઇત–અહીં ક્યાંય.

ભાવાર્થ : બધાં ગોપીજનો વિરહથી વ્યાકુલ મનવાળાં થઇને વનમાં વૃક્ષ, વેલી વગેરેને પૂછવા લાગ્યાં. (કેમકે) વિરહી વ્યક્તિ કોણ જડ છે અને કોણ ચૈતન્ય છે, એનો વિચાર કરતા નથી. હે માલતી ! હે જાતિ ! હે યૂથિકે ! હિતથી ચિત્ત લગાવીને સાંભળો. અમારાં માન અને મનનું હરણ કરનાર ગિરિધરલાલને અહીં ક્યાંય જોયા છે ? (૩)

હે કેતકિ ! ઇત તૈં ચિતયે, કિત હૂઁ પિય રૂસે,
કિધૌં નઁદ-નંદન મંદ મુસકિ, તુમ્હરે મન મૂસે;
હે મુક્તાફલ બેલિ ! 'ધરે મુક્તાફલ-માલા,
દેખે નૈન-બિસાલ કહૂઁ મોહન નઁદ-લાલા. ૪

શબ્દાર્થ : ઇત તૈં–અહીંથી; ચિતયે–જોયા; રૂસે–રુષ્ટ થયેલા, રિસાયેલા; કિધોં–શું; મુસકિ–હસીને; મુસે–મુષ્ટ, ચોરી લીધું.

ભાવાર્થ : હે કેતકી ! અહીંથી રુષ્ટ થઈને ક્યાંક પધારતા પ્રિયતમ શ્રીકૃષ્ણને તમે જોયા છે ? શું નંદરાજકુમારે મંદ મુસ્કાનથી (હસીને) તમારું પણ મન ચોરી લીધું છે ? હે મુક્તાફલની વેલિ ! વિશાળ નેત્રવાળા અને મોતીની માળા ધારણ કરનાર મોહન-નંદકુમારને તમે ક્યાંય જોયા છે ? (૪)

હે મંદાર ! ઉદાર, બીર કરબીર ! મહામતિ,
દેખે કહૂઁ બલ-બીર ધીર, મન-હરન, ધીર-ગતિ;
હે ચંદન ! દુખ-કંદન, સબ કી જરનિ જુડ઼ાવહુ,
નઁદ-નંદન, જગ-બંદન, ચંદન હમહિં બતાવહુ. ૫

શબ્દાર્થ : જરનિ–જલન, તાપ; જુડ઼ાવહુ–શીતલ કરો છો.

ભાવાર્થ : હે ઉદાર મંદાર ! હે મહામતિ વીર કરવીર ! શું તમે બલવીરના ધીર વીર, મન હરણ કરવાવાળા અને ધીર ગતિવાળા શ્રીકૃષ્ણને જોયા છે ? હે ચંદન ! તમે દુઃખનો નાશ કરવાવાળા તેમજ સર્વનો તાપ શાંત કરીને હૃદયને શીતલ કરવાવાળા છો, એટલે અમને હે ચંદન ! જગવંદન નંદનંદનને બતાવો. (૫)

પૂછૌ રી ઇન લતનિ, ફૂલિ રહીં ફૂલનિ જોઇ,
સુંદર પિય-કર-પરસ બિના અસ ફૂલ ન હોઈ;
હે સખિ ! યે મૃગ-બધૂ, ઇનહિં કિન પૂછહુ અનુસરિ,
ડહડહે ઇન કે નૈન, અબહિં કહું દેખે હૈં હરિ. ૬

શબ્દાર્થ : ફૂલિ–પ્રફુલ્લિત, પ્રસન્ન; ફુલનિ–ફૂલોથી; ડહડહે–આંસુભરેલ; અબહિં–હમણાં જ; કહું–ક્યાંક.

ભાવાર્થ : એક સખી કહે છે : અરે, આ ફૂલોથી પ્રફુલ્લિત થઈ રહેલ લતાઓને તો પૂછો. (એ પ્રાણપ્રિય શ્રીકૃષ્ણના ઠેકાણાની અવશ્યમેવ જાણ હોવી જોઇએ. કેમકે,) સુંદર પ્રિયતમના કરકમળના સ્પર્શ વિના આવી પ્રફુલ્લિતતા–પ્રસન્નતા ન હોય ! હે સખી ! આ મૃગવધૂઓની પાછળ પાછળ જઇને એમને કેમ નથી પૂછતાં ? કેમકે, એમના આંસુ ભરેલ નેત્રો જ પ્રકટ કરે છે કે, એમણે ક્યાંક શ્રીહરિનાં દર્શન કર્યાં છે. (૬)

અહો સુભગ બન-સુરભિ પવન ! નૈસુક થિર હ્વૈ ચલિ,
સુખ કે ભવન, દુખ-દવન રવન કહુઁ ઇત ચિતયે બલિ;
અહો કદંબ ! અહો અંબ-નિંબ ! ક્યોં રહે મૌન ગહિ,
અહો બટ તુંગ, સુરંગ બીર ! કહુઁ તૈં ઇત-ઉત લહિ. ૭

શબ્દાર્થ : સુભગ–સુંદર; સુરભિ–સુગંધી; નૈસુક–નૈસર્ગિક, સ્વાભાવિક; થિર–સ્થિર; હ્વૈ–થઈ; દુખ-દવન–દુઃખનું દમન કરનાર; રવન–રમણ; ચિતયે–જોયા; બટ–વડ; તુંગ–ઊંચું; ઇત-ઉત–આમતેમ.

ભાવાર્થ : હે સુંદર વનના સુગંધયુક્ત પવન ! તું સ્વાભાવિક રીતે સ્થિર થઈને ચાલજે. કહે, તેં શું સુખના સદનરૂપ અને દુઃખના દમન કરવાવાળા શ્રીકૃષ્ણને અહીં જોયા ? હે કદંબ ! હે આંબા અને લીમડા ! તમે મૌન ધારણ કરીને શું ઊભા છો ? હે સુરંગી ઊંચા વડ ! હે વીર ! કહો, તમે ક્યાંય શ્રીકૃષ્ણને જોયા ? (૭)

અહો અસોક ! હરિ સોક, લોક-મનિ પિયહિ બતાવહુ,
અહો પનસ ! સુભ સરસ, મરત તિય અમિય પિયાવહુ;
જમુન-નિકટ કે વિટપ પૂછિ ભઇં નિપટ ઉદાસી,
ક્યોં કહિ હૈં સખિ ! મહા કઠિન યે તીરથ-બાસી. ૮

શબ્દાર્થ : તિય–સ્ત્રીઓ; અમિય–અમૃત, અધરામૃત; પિયાવહુ–પાઓ; વિટપ–વૃક્ષ; નિપટ–અત્યંત.

ભાવાર્થ : હે અશોક ! લોકમણિ પ્રિયતમ શ્રીકૃષ્ણને અમને બતાવો અને અમારા શોકનો નાશ કરો. હે શુભ સરસહૃદયી પણસ ! તમે મૃત્યુ પામતી સ્ત્રીઓને અમૃતપાન કરાવો (અને જિવાડો).

ગોપીઓએ શ્રીયમુનાજીની નિકટનાં બધાં વૃક્ષોને પૂછી જોયું; પરંતુ કોઈનો ઉત્તર ન મળવાથી અત્યંત ઉદાસ થઈને પરસ્પર કહેવા લાગ્યાં : હે સખીઓ ! આ તીર્થવાસી અત્યંત કઠોર છે, એ આપણને શું કહે ? (૮)

અહો કમલ ! સુભ-બરન, કહૌ તુમ કહુઁ હરિ નિરખે,
કમલ-માલ બનમાલ, કમલ-કર અતિ હી હરખે;
હે અવની ! નવનીત-ચોર, ચિત-ચોર હમારે,
રાખે કિતહિ દુરાઈ, બતાઇ ધૌં પ્રાણપિયારે. ૯

શબ્દાર્થ : સુભ-બરન–શુભ વર્ણ (રંગ) વાળા; કમલ-કર–કમલ જેવા શ્રીહસ્તવાળા; અવની પૃથ્વી; કિતહિ–ક્યાંય; દુરાઇ–છુપાવી.

ભાવાર્થ : હે શુભવર્ણવાળાં કમળો ! કહો, શું તમે કમળની માલા ધારણ કરવાવાળા અને વનમાલા પહેરી છે એવા કમળ જેવા શ્રીહસ્તવાળા પ્રસન્ન શ્રીહરિને ક્યાંય જોયા છે ?

હે પૃથ્વી ! શું તમે માખણને તથા અમારા ચિત્તને ચોરવાવાળા શ્રીકૃષ્ણને ક્યાંય છુપાવી રાખ્યા છે ? જો જોયા હોય તો અમારા પ્યારાને બતાવી દો. (૯)

હે તુલસી ! કલ્યાનિ, સદા ગોબિંદ-પદ-પ્યારી,
ક્યોં ન કહતિ તૂ નંદ-સુવન સોં દસા હમારી;
જહુઁ આવત તમ-પુંજ, કુંજ ગહબર તરુ-છાઁહી,
અપને મુખ-ચાઁદને ચલતિ, સુંદરિ તિહિ માહીં. ૧૦

શબ્દાર્થ : સુવન–પુત્ર; તમપુંજ–અંધકારપૂર્ણ; ગહબર–ઘેરો; તરુ-છાઁહી–વૃક્ષની છાયા; મુખ-ચાઁદને–મુખચંદ્રિકાની ચાંદનીથી.

ભાવાર્થ : હે કલ્યાણી, ગોવિંદ–ચરણકમલમાં પ્રીતિવાળી તુલસી ! તમે નંદરાજકુમારને અમારી દશા વિષે શા માટે કહેતાં નથી ? આ પ્રકારે એઓ (ગોપીજનો) વિલાપ કરતાં જાય છે. જ્યાં અંધકારપૂર્ણ ઘેરા કુંજ અથવા વૃક્ષોના ગાઢ સમૂહ નીચે તેઓ આવે છે, ત્યાં એમની મુખ–ચંદ્ર–ચંદ્રિકાથી પ્રકાશ થઈ જાય છે ! (૧૦)

ઇહિ બિધિ બન ઘન ઢૂઁઢિ, બૂઝિ ઉનમત કી નાઈં,
કરન લગીં મન-હરન, લાલ-લીલા મન ભાઈં,
મોહનલાલ રસાલ કી લીલા ઇન હી સોહૈં,
કેવલ તનમય ભઈં, કછુ ન જાનતિ હમ કો હૈં. ૧૧

શબ્દાર્થ : ઢૂઁઢિ–ઢૂંઢીને, શોધીને; બૂઝિ–પૂછીને; ઉનમત–ઉન્મત્ત; નાઈં–સમાન; સોહૈં–શોભે છે; કો–કોણ.

ભાવાર્થ : આ પ્રકારે સમગ્ર વનમાં ઉન્મત્તની સમાન શોધીને તથા પૂછીને ગોપાલલાલની મનહરણ રોચક લીલા કરવા લાગ્યાં. મોહનલાલની રસાલ લીલા એમને જ શોભે છે. એઓ લીલાભિનયમાં–પ્રેમાવેશમાં એવાં તન્મય બની ગયાં કે, કાંઇ પણ જાણતાં નથી કે અમે કોણ છીએ ? (શું, ક્યાં અને કેમ કરીએ છીએ ?) (૧૧)

હરિ કી સી ચલનિ, બિલોકનિ, હરિ કી સી હેરનિ,
હરિ કી સી ગાઇન ઘેરનિ–ટેરનિ, વહ પટ-ફેરનિ,
હરિ કી સી બનતેં આવનિ, ગાવનિ અતિ રસ-રંગી,
હરિ કી સી કંદુક રચનિ, નચનિ હ્વૈ લલિતત્રિભંગી, ૧૨

શબ્દાર્થ : ચલનિ–ચાલવું; બિલોકનિ–જોવું; હેરનિ–જોવું, શોધવું (આંખમિચોનીના ખેલમાં); ગાઇન–ઘેરનિ–ગાયોને ઘેરી લાવવી; ટેરનિ–ઊંચે સાદે બોલાવવું; પટ-ફેરનિ–પીતાંબર ફરકાવવું; ગાવનિ–ગાવું; કંદુક રચનિ–ગેંદ સાથે ખેલવું; લલિતત્રિભંગી–ચરણ કટિ ગ્રીવા–એ ત્રણ સ્થાનેથી સુંદર રીતે ઝૂકવું.

ભાવાર્થ : જેવી રીતે શ્રીકૃષ્ણ આચરણ કરતા, તેનું જ અનુકરણ ગોપીજનો કરે છે. શ્રીકૃષ્ણની સમાન (જેમ) ચાલવું, જોવું, શોધવું, ગાયોને ઘેરવી, ઊંચે સાદે બોલાવવી, અને પીતાંબર ફરકાવવું, ગાન રસ–રંગ સાથે વનમાંથી આવવું, ગેંદની ક્રીડા કરવી અને લલિતત્રિભંગી થઇને નાચવું, આદિ સર્વ વ્યાપાર ભગવાન શ્રીકૃષ્ણની સમાન જ કરે છે. (૧૨)

કોઉ ગિરિવર અંબર કૌ, કર ધરિ બોલતિ હૈ તબ,
નિધરક ઈહિ તર રહૌ, ગોપ-ગોપી-ગોધન સબ,
ભૃંગી-ભય તૈં ભૃંગ હોઈ, વહ કીટ મહા જડ;
કૃષ્ન-પ્રેમ તૈં કૃષ્ન હોઇ, કછુ નહિં અચરજ બડ. ૧૩

શબ્દાર્થ : ગિરિવર-ગોવર્ધન પર્વત; અંબર-આકાશ-વસ્ત્ર; ઈહિ તર-આની નીચે; નિધરક-નિર્ભયતાથી; ગોધન-ગાયોનું ધણ; અચરજ-આશ્ચર્ય; બડ-મહાન, મોટું.

ભાવાર્થ : કોઇ ગોપી કૃષ્ણ બનીને પોતાની સાડીનો પાલવ આકાશમાં ઉડાડી-વસ્ત્રાચલ (ગોવર્ધન પર્વત) બનાવીને કહે છે કે, ગોપ અને ગોપી બધાં પોતાના ગોધનની સાથે (ઇંદ્રની આજ્ઞાથી થતી પ્રલયવૃષ્ટિથી બચવા) નિર્ભયતાથી આની નીચે આવી જાઓ. જો મહા જડ એવો કીડો, ભૃંગી (ભ્રમરી)ના ભયથી ભૃંગરૂપ થઇ જાય છે, તો પછી આ ગોપીજનો, શ્રીકૃષ્ણ-પ્રેમથી કૃષ્ણરૂપ થઇ જાય એમાં કાંઇ મહાન આશ્ચર્ય નથી. (૧૩)

તબ પાયૌ પિય-પદ-સરોજ કૌ ખોજ રુચિર તહઁ,
અરિ, દર, અંકુસ, કુલિસ, કમલ અતિ જગમગાત જહઁ,
જો રજ સિવ-અજ ખોજત, જોજત જોગી જન હિય,
સો રજ બંદન કરન લગીં, સિર ધરન લગીં તિય. ૧૪

શબ્દાર્થ : ખોજ-ચિહ્‌ન, શોધ; અરિ-ચક્ર; દર-શંખ; કુલિસ-વજ્ર; અજ-બ્રહ્મા; જોજત-યોજિત કરે છે, રાખે છે.

ભાવાર્થ : આ પ્રકારે અનુકરણ લીલા કરતાં ગોપીજનોએ એક સ્થળ પર પ્રિયતમ-શ્રીકૃષ્ણના સુંદર ચરણકમલનું ચિહ્ન જોયું. એ પદ-ચિહ્નમાં ચક્ર, શંખ, વજ્ર અને કમલ સ્પષ્ટ રીતે જોવામાં આવ્યાં. જે શ્રીકૃષ્ણ-ચરણરજને બ્રહ્મા અને શિવજી શોધે છે અને યોગીજન જેને પોતાના હૃદયમાં સાવધાનીપૂર્વક રાખે છે, તે પદ-રજને ગોપીજનો પોતાના મસ્તક ઉપર ધરવા લાગ્યાં અને તેને વંદન કરવા લાગ્યાં. (૧૪)

પુનિ નિરખે ઢિંગ જગમગાત, પિય-પ્યારી કે પગ,
ચિતૈ પરસ્પર ચકિત ભઈ, જુરિ તિહિ મગ;
ચકૃત ભઈ સબ કહતિ, કૌંન યહ બડભાગિની અસ,
પરમ કાંત એકાંત પાઈ, પીવત જુ અધર-રસ. ૧૫

શબ્દાર્થ : પુનિ-વળી; ઢિંગ-પાસે; જગમગાત-ચમકતું; પિય-પ્યારી-પ્રિયતમ શ્રીકૃષ્ણની પ્યારી ગોપી; પગ-પદચિહ્ન; ચિતૈ-જોઈને; જુરિ-એકત્ર થઇને; તિહિ મગ-તે માર્ગે; ચકૃત-ચકિત; પરમ-શ્રેષ્ઠ; કાંત-પ્રિયતમ.

ભાવાર્થ : એ શ્રીકૃષ્ણના ચરણચિહ્નની પાસે વળી એક પોતાની સખી તથા શ્રીકૃષ્ણની પ્રિયતમા ગોપી (શ્રીસ્વામિનીજી)નું ચરણચિહ્ન પણ સ્પષ્ટરૂપે ચમકતું (ચમકતી રેતીમાં પડેલું) જોયું. એને જોઇને એ ગોપીઓ પરસ્પર ચકિત થઈ. એકત્રિત થઇને તે ચરણચિહ્નને માર્ગે ચાલતી થઈ. ચાલતાં ચાલતાં અરસપરસ કહે છે કે, એવી આ કોણ મહાભાગ્યશાલિની ગોપી છે કે, શ્રેષ્ઠ પ્રિયતમને એકાંતમાં પ્રાપ્ત કરીને એમના અધરરસનું સુધાપાન કરી રહી છે ! (૧૫)

આગે ચલિ ઈક અવલોકી, નવ પલ્લવ-સૈની,
જહઁ પિય સુસમ કુસુમ લૈ કૈ કર ગૂઁથી બૈની;
તહઁ પાયૌ ઇક મંજુ મુકુર, મનિ-જટિત બિલોલૈ,
તિહિ પૂછૈં બ્રજબાલ, બિરહ ભરયૌ સોઉ ન બોલૈ. ૧૬

શબ્દાર્થ : આગે ચલિ-આગળ ચાલતાં; અવલોકી-જોઈ; સૈની-શ્રેણી, હાર; સુસમ-સુંદર અને એકસરખાં; કુસુમ-પુષ્પ; બૈની-વેણી; મંજુ-સુંદર; મુકુર-દર્પણ; બિલોલૈ-સુંદર.

ભાવાર્થ : આગળ ચાલતાં ગોપીજનોએ એક નવીન પલ્લવોની શ્રેણી (કુંજ) જોઈ. જ્યાં શ્રીકૃષ્ણે સુંદર અને એક સરખાં પુષ્પ લઇને પોતાના કરકમલથી પ્રિયતમાની વેણી ગૂંથી હતી. ત્યાં એમણે એક મણિજડિત સુંદર દર્પણ જોયો. વ્રજબાલાઓ વિરહવ્યાકુલ થઇને એ દર્પણને પૂછવા લાગ્યાં કે 'પ્રિયતમ શ્રીકૃષ્ણ ક્યાં છે ?' પરંતુ એ દર્પણ પણ વિરહભરેલો હોવાથી કાંઈ બોલ્યો નહીં. (૧૬)

કરિ આપુસ મૈં તરક, કહ્યૌ યહ ક્યૌં કર લીનૌ.
તિન મૈં કોઉ તિનકે હિય કી, જિન ઉત્તર દીનૌ;
બૈની ગૂઁથન સમૈ, છૈલ પાછે બૈઠે જબ,
સુંદર બદન-બિલોકન-સુખ કૌ અંત ભયૌ તબ. ૧૭

શબ્દાર્થ : આપુસ-પરસ્પર; છૈલ-રસિક, પ્રેમી.

ભાવાર્થ : પરસ્પર તર્ક કરતાં ગોપીજનો કહે છે કે, 'આ દર્પણ એ ભાગ્યશાળી ગોપીએ શા માટે પોતાના હાથમાં લીધો હશે ? પરંતુ તેમાં એ ગોપીના હૃદયની જાણકાર એક ગોપી હતી તેણે ઉત્તર આપ્યો કે, 'વેણી-ગૂથન સમયે રસિક પ્રિયતમ એની પાછળ બેઠા હતા, ત્યારે પ્યારીના શ્રીમુખનું અવલોકન કરવા માટે એને સામે (પ્રિયાજીના કરકમલમાં) રાખ્યો હશે.' એ દર્પણમાં બંનેનાં પ્રતિબિંબ પડતાં બંનેએ સુખનો અનુભવ કર્યો હશે. (૧૭)

તાતૈં મંજુલ મુકર સુકર લૈ બાલ દિખાયૌ,
શ્રી મુખ કૌ પ્રતિબિંબ સખી તબ સનમુખ આયૌ;
ધન્ય કહત ભઈ તાહિ, નાહિં કછુ મન મૈં કોપી,
નિરમત્સર જે સંત, તિન કી ચૂડામણિ ગોપી. ૧૮

શબ્દાર્થ : મંજુલ-સુંદર; સુકર-સુંદર કરકમલ; બાલ-બાલા, શ્રીરાધિકાજી.

ભાવાર્થ : એટલા માટે સુંદર દર્પણ લઈને શ્રીકૃષ્ણે પોતાના સુંદર કરકમલથી શ્રીરાધિકાજીને બતાવ્યો તો શ્રીરાધિકાજીના છબિસંપન્ન શ્રીમુખનું પ્રતિબિંબ પોતાની સમક્ષ આવી ગયું. એ બધાં ગોપીજનો શ્રીરાધિકાજીને 'ધન્ય' કહેવા લાગ્યાં, પણ મનમાં લેશમાત્ર

કોપ ન કર્યો. કેમકે સંતપુરુષો જે નિર્મત્સર (દ્વેષભાવરહિત) હોય છે, તેમની પણ ચૂડામણિ આ ગોપીઓ છે. (૧૮)

ઇન નીકે આરાધે, હરિ ઇસુર બર જોઈ,
તાતૈં અધર-સુધા-રસ, નિધરક પીવત સોઈ;
પુનિ આગે ચલિ તનક દૂરિ, દેખી સોઈ ઠાડ઼ી,
જાસૌં સુંદર નંદકુંવર પિય, અતિ રતિ બાઢ઼ી. ૧૯

શબ્દાર્થ : ઇન-એ શ્રીરાધિકાજીએ; નીકે-સારી રીતે; આરાધે-આરાધન કર્યું છે; ઇસુર-ઈશ્વર; બર-વર, પતિ; નિધરક-નીડર, નિશ્ચિત; તનક દૂરિ-જરાક દૂર; રતિ-પ્રેમ; બાઢ઼ી-વધી.

ભાવાર્થ : ગોપીઓ કહેવા લાગી : એમણે (શ્રીરાધિકાજીએ) ભગવાન શ્રીકૃષ્ણને ઇશ્વર અને પોતાના પતિના રૂપમાં માનીને એઓશ્રીનું સારી રીતે આરાધન કર્યું છે, એટલા માટે નિશ્ચિત થઈને એઓશ્રીના અધરામૃતનું પાન કરી રહી છે. પછી આગળ ચાલતાં જરાક દૂર શ્રીરાધિકાજીને (એકલાં) ઠાડ઼ાં રહેલાં જોયાં કે જેમના પ્રતિ સુંદર નંદરાજકુમારના મનમાં અતિશય પ્રેમની વૃદ્ધિ થઇ હતી. (૧૯)

ગોરે તન કી જોતિ, છૂટિ છબિ છાઇ રહી ધર;
માનોં ઢાઢ઼ી કુઁવરિ, સુભગ કંચન અવની પર;
જનુ ઘન તૈં બિછુરી બિજુરી, માનિનિ-તન-કાછે,
કિધૌં ચંદ સૌં રૂસિ, ચંદ્રિકા રહી ગઈ પાછે. ૨૦

શબ્દાર્થ : ધર-ધરા, પૃથ્વી; રૂસિ-રુષ્ટ થયેલી; પાછે-પાછળ.

ભાવાર્થ : એમના (શ્રીરાધિકાજીના) ગોરા શ્રીઅંગમાંથી જ્યોતિ છૂટીને એવી છબિ છવાઈ જાય છે કે જાણે કોઈ કમનીય કંચનની જ સુંદર કુંવરી પૃથ્વી ઉપર ઊભી હોય! અથવા માનો ઘનમાલાથી વીજળી અલગ થઈને માનિનીની જેમ ઊભી હોય! અથવા, ચંદ્રમાથી રુષ્ટ થઈને ચાંદની પાછળ રહી ગઇ હોય! (૨૦)

નૈનન તૈં જલ-ધાર, હાર ધોવત ધર ધાવત,
ભઁવર ઉડ઼ાઇ ન સકતિ, બાસ-બસ સુખ-ઢિઁગ આવત;
ક્વાસિ ક્વાસિ! પિય મહાબાહુ! ઇમિ વદતિ અકેલી,
મહા બિરહ કી ધુનિ સુનિ, રોવત ખગ, મૃગ, બેલી. ૨૧

શબ્દાર્થ : નૈનન તૈં-નેત્રોમાંથી; જલ-ધાર-અશ્રુધારા; હાર-ધોવત-હાર ધુએ છે; ધાવત-પડે છે; બાસ-બસ-સુગંધને વશ; સુખ-ઢિઁગ-મુખારવિંદની પાસે; ક્વાસિ ક્વાસિ-ક્યાં છો? ક્યાં છો? ખગ-પક્ષી; મૃગ-હરણ, પશુ; બેલી-વેલી.

ભાવાર્થ : શ્રીરાધિકાજીનાં નેત્રોમાંથી અશ્રુધારા નીકળે છે, તે એમના હૃદય-હારને ધોતી પૃથ્વી ઉપર પડે છે. (એઓ પદ્મિની હોવાથી) એમના શરીરમાંથી કમલ સમાન નીકળતી સુગંધથી વશ થઇને ભ્રમરાઓ એમના શ્રીઅંગ પાસે આવે છે, તેમને પણ ઉડાડી શકતાં નથી! 'હે મહાબાહુ! હે પ્રિય! આપ ક્યાં છો, ક્યાં છો' એમ એકલાં ઊભીને બોલે છે. મહાવિરહભરેલી એમની ધ્વનિ સાંભળીને પશુ, પક્ષી અને વેલીઓ પણ રૂદન કરે છે! (૨૧)

તા સુંદરિ કી દસા દેખિ, કછુ કહત ન આવૈ,
બિરહ-ભરી, પૂતરી હોઇ જ્યૌં, અતિ છબિ પાવૈ;
ધાઇ ભુજન ભરિ લઈ, સબન લૈ લૈ ઉર લાઈ,
મનહુઁ મહાનિધિ ખોઈ, મધ્ય આધી નિધિ પાઈ. ૨૨

શબ્દાર્થ : પૂતરિ-પૂતળી; ધાઇ-દોડીને; ભુજન ભરિ લઈ-પોતાની ભુજાઓમાં ભરી લીધાં, આલિંગન કર્યું; ઉર લાઇ-હૃદય સાથે ચાંપી દીધાં; મધ્ય-વચ્ચે; આધી-અર્ધી.

ભાવાર્થ : એ સુંદરી (શ્રીરાધિકાજી)ની દશા જોઇને મુખમાંથી કાંઇ બોલી શકાતું નથી! એને જોતાં એવું લાગે છે કે, જાણે વિરહથી ભરેલી પૂતળી અતિશય શોભી રહી છે! બધાં ગોપીજનોએ દોડીને એને પોતાની ભુજાઓમાં ભરી લઇ-આલિંગન આપી પોતપોતાના હૃદયથી લગાવી લીધાં; જાણે મહાન ધનરાશિ ખોઇને વચ્ચે અર્ધી સંપત્તિ પ્રાપ્ત કરી લીધી હોય! (૨૨)

કોઉ ચૂઁબત સુખ-કમલ, કોઉ ભુજ, ભાલ, સુ અલકૈં,
તામૈં પિય-સંગમ કે, સુંદર શ્રમ-કન ઝલકૈં;
પોંછતિ અપને અંચલ, રુચિર દૃગંચલ તિય કે,
પીક-ભરે સુ કપોલ લોલ, રદ-છદ જહઁ પિય કે. ૨૩

શબ્દાર્થ : શ્રમ-કન-પ્રસ્વેદ બિંદુઓ; રુચિર-સુંદર; દૃગંચલ-નેત્રોના છેડાઓ; પીક-ભરે-તાંબુલની પીકથી ભરેલ; રદ-છદ-અધરોષ્ઠ ઉપર પ્રિયતમે કરેલ દંત-ક્ષત.

ભાવાર્થ : કોઈ ગોપી શ્રીરાધિકાજીનું મુખ ચૂમે છે અને કોઇ ભુજાને, કોઈ ભાલને તેમજ કોઈ સુંદર અલકાવલીને સમારતી ચૂમે છે. એ અલકાવલીમાં પ્રિયતમના સંગમથી ઉત્પન્ન થયેલ શ્રમની (પ્રસ્વેદ)ની બૂંદો ઝલકી રહી છે! ગોપીજનો, પરિત્યક્તા શ્રીરાધિકાજીનાં અશ્રુપૂર્ણ નેત્રોને તથા પાનની પીકથી ભરેલ સુંદર કપોલને, પ્રિયતમના દાંતથી થયેલ ક્ષતને પોતાની સાડીના છેડાથી પોંછે છે. (૨૩)

તિહિં લૈ તહઁ તૈં અહુરિ-બહુરિ જમુના-તટ આઈ,
જહઁ નઁદ-નંદન જગ-બંદન પિય લાડ઼ લડ઼ાઈ. ૨૪

શબ્દાર્થ : તિહિં-તેમને.

ભાવાર્થ : પછી બધાં એકત્ર થઈ એમને (શ્રીરાધિકાજી)ને લઇને યમુનાતટ ઉપર આવ્યાં, જ્યાં એમને પ્રિયતમ, જગવંદન એવા નંદરાજકુમારે લાડ લડાવ્યાં હતાં. (૨૪)

☆

તૃતીય અધ્યાય

વિરહ વર્ણન

કહન લગીં અહો કુઁવર કાન્હ! બ્રજ પ્રગટે જબ તૈં,
અવધિ-ભૂત ઇંદિરા અલંકૃત હ્વૈ રહી તબ તૈં;
સબ કોં સબ સુખ બરસત, સસિ જ્યોં બઢ઼ત નિહારી,
તિન મેં પુનિ યે ગોપ-બધૂ, પિય નિપટ તિહારી. ૧

શબ્દાર્થ : કાન્હ-શ્રીકૃષ્ણ; બ્રજ-વ્રજમાં; અવધિ-ભૂત-અવધિરૂપ; ઇન્દિરા-લક્ષ્મીજી; અલંકૃત-શોભી રહી છે; સસિ-ચંદ્રમા; જ્યોં જેમ; બઢ઼ત-વધે છે; નિહારી-જોઈને; નિપટ-સર્વથા, બિલકુલ, પૂર્ણતયા.

ભાવાર્થ : ગોપીજનો કહેવા લાગ્યાં : હે નંદરાજકુમાર **શ્રીકૃષ્ણ**! આપ જ્યારથી વ્રજમાં પ્રકટ થયા છો, ત્યારથી વ્રજ બધી શોભા અને શ્રીની અવધિરૂપ થઈ રહેલ છે. ચંદ્રમાને નિહાળતાં તેની સુધાથી સર્વને સુખ થાય છે, તેમ આપ સર્વ ઉપર સુખની વર્ષા કરો છો, તેમાં આ ગોપવધૂઓ ઉપર શા માટે કૃપા વર્ષાવતા નથી? કેમકે, હે પ્રિયતમ! એ તો સર્વથા આપની પ્રિયતમાઓ છે. (૧)

નૈન-મૂઁદિબૌ મહા અસ્ત્ર. લૈ હઁાસી-ફઁાસી,
મારત હો કત સુરતનાથ, બિન મોલ કી દાસી;
બિષ-જલ તૈં, બ્યાલ તૈં, અનલ તૈં, દામિની-ઝર તૈં,
ક્યોં રાખી, નહિં મરન દઈ, નાગર નગધર તૈં. ૨

શબ્દાર્થ : નૈન મૂઁદિબૌ-નેત્ર બંધ કરવાની ક્રિયા દ્વારા; હઁાસી-ફઁાસી-હાસ્યરૂપી ફાંસી દ્વારા; કત-કેમ, શા માટે; સુરતનાથ-પ્રેમાસક્ત સ્વામી; બ્યાલ-સર્પ; અનલ-દાવાગ્નિ; દામિની-ઝર-વીજળીની જ્વાળાઓ; નાગર-ચતુર; નગધર-ગિરિધર.

ભાવાર્થ : હે સુરતનાથ-પ્રેમાસક્ત સ્વામી! આપ હાંસીરૂપી ફાંસી દ્વારા નેત્ર બંધ કરવાની ક્રિયારૂપી અસ્ત્ર લઈને અમને વિનામૂલ્યની દાસીઓને શા માટે મારી રહ્યા છો? હે ચતુર ગિરિધારી! તમારે અમને આમ વિરહમાં જ મારવાં હતાં તો પછી આપે કાલીનાગના વિષથી, જલથી, સર્પથી, દાવાગ્નિથી અને ઇંદ્રના કોપથી ઉત્પન્ન થયેલ વીજળીની જ્વાળાઓથી અમારી શા માટે રક્ષા કરી હતી? શા માટે અમને મરવા ન દીધાં? (૨)

જબ તુમ જસોદા-સુવન ભયે, પિય અતિ ઇતરાને,
બિસ્વ-કુસલ કે કાજ, બિધિનૈં બિનતિ કરિ આને;
અહો મિત્ર! અહો પ્રાનનાથ! યહ અચરજ ભારી,
અપને જન જો મરિહૌ, કન્હિૌ કા કી રખવારી. ૩

શબ્દાર્થ : જસોદા-સુવન-યશોદાનંદન; ઇતરાને-અભિમાન કરો છો; બિસ્વ-કુસલ-જગતની કુશલતા; બિધિનૈં-બ્રહ્માજીએ; આને-આણ્યા, લાવ્યા; અપને જન-નિજજન; મરિહૌ-મારશો; રખવારી-રક્ષા.

ભાવાર્થ : જ્યારથી તમે યશોદાનંદન થયા છો, ત્યારથી ઘણું જ અભિમાન કરવા લાગ્યા છો! પરંતુ એ શું ભૂલી જાઓ છો કે, (આપ વિષ્ણુરૂપ છો અને) જગતની કુશલતા માટે બ્રહ્માજી પ્રાર્થના કરીને આપને અહીં લાવ્યા છે (પ્રાકટ્યમાં હેતુરૂપ થયા છે) હે મિત્ર! હે પ્રાણનાથ! આ મહાન આશ્ચર્યની વાત છે કે, જો આપ નિજજનને-વિરહમાં તપાવીને-મારશો, તો પછી કોની રક્ષા કરશો? (૩)

જબ પસુ-ચારન ચલત, ચરન કોમલ ધરિ બન મૈં,
સિલ, તૃન, અંટક, કંટક, કસકત હમરે મન મૈં;
પ્રનત-મનોરથ-કરન, ચરન-સરસીરુહ પિય કે,
કહ ધરિ જૈહૈ નાથ! હરત દુખ હમરે હિય કે. ૪

શબ્દાર્થ : પસુ-ગાય આદિ પશુઓ; ચારન-ચરાવવા; સિલ-શિલા, કાંકરા; તૃન-અણીદાર ઘાસ-કુશ આદિ; કંટક-કાંટા; કસકત-પીડા કરે છે; પ્રનત-નમ્રીભુત ભક્ત; ચરન-સરસીરુહ-ચરણકમલ; કહ-શું.

ભાવાર્થ : ગાય આદિ પશુઓને ચરાવવા માટે આપ જ્યારે કોમલ ચરણ ધરીને વનમાં ચાલો છો, ત્યારે કાંકરા, અણિદાર ઘાસ-કુશ વગેરેની અણી, કાંટા વગેરે આપના ચરણારવિંદમાં ખૂંચી જાય છે, તેથી અમારા હૃદયમાં પીડા થાય છે, એવાં અમારાં ભક્તહૃદય આપના ચરણકમલની પ્રાપ્તિનાં મનોરથી છે; એટલે હે સ્વામી! અમારા હૃદયનું દુ:ખ દૂર કરવામાં આપનું શું જશે? (૪)

કહઁા હમારી પ્રીતિ, કહઁા તુમ્હરી નિઠુરાઈ,
મનિ પખાન સોં ખચૈ, દઇ સોં કછુ ન બસાઈ,
જબ તુમ કાનન જાત, સહસ જુગ બીતત છિન છિન,
દિન બીતત જિહિ ભાઁતિ, હમહિ જાનતિ પિય તુમ બિન. ૫

શબ્દાર્થ : તુમ્હરી-તમારી, આપની; નિઠુરાઇ-નિષ્ઠુરતા; મનિ-મણિ; પખાન-પાષાણ, પથ્થર; ખચૈ-જડે; દઇ-દૈવ, બ્રહ્મા; બસાઈ-વશમાં; કાનન-વનમાં; સહસ જુગ-સહસ્ર યુગ સમાન; બીતત-વ્યતીત થાય છે, વીતે છે; છિન છિન-એક એક ક્ષણ; તુમ બિન-આપના વિના.

ભાવાર્થ : અમારો આપના પ્રત્યેનો પ્રેમ ક્યાં, અને ક્યાં આપની આ નિષ્ઠુરતા? (બન્નેનો મેળ નથી બેસતો.) મણિને કાંઈ પાષાણ સાથે જડાય છે? બ્રહ્માના વશમાં કાંઇ નથી! હે પ્રિયતમ! જ્યારે આપ વનમાં જાઓ છે, ત્યારે અમારી એક એક ક્ષણ, સહસ્ર યુગ સમાન વ્યતીત થાય છે, અને આપના વિના દિવસ વ્યતીત થાય છે, તે અમે જ જાણીએ છીએ! (૫)

જબ કાનન તૈં આવત, સુંદર આનન દેખૈં,
તહઁ યહ બિધના ક્રૂર, કરી લૈ નૈન-નિમિખૈં;
બુધજન-મનહરની બાની બિન જરત સબૈ તિય,
અધર-સુધાસવ સહિત, તનક પ્યાવહુ, જ્યાવહુ તિય. ૬

શબ્દાર્થ : આનન-મુખારવિંદ; બિધના-વિધાતા, બ્રહ્મા; ક્રૂર-ક્રૂર; કરી-બનાવી નૈન-નિમિખૈં-નેત્રની પાંપણો; જરત-જલી રહ્યાં છીએ; તનક-થોડુંક; પ્યાવહુ-પાઓ; જ્યાવહુ જિવાડો.

ભાવાર્થ : જ્યારે આપ વનમાંથી વ્રજમાં પધારો છો, ત્યારે આપનું સુંદર મુખારવિં જોઈને અમને પરમ પ્રસન્નતા થાય છે; પરંતુ અમે પૂર્ણ રીતે એનો લાભ લઈ શકતાં નથી કેમકે ક્રૂર બ્રહ્માએ અમારાં નેત્રોને પાંપણ બનાવી છે જે મુખદર્શનમાં બાધારૂપ થાય છે આપની વિદ્વાનોના મનને હરણ કરવાવાળી વાણી સાંભળ્યા વિના અમે બધાં ગોપીજને જલી રહ્યાં છીએ, એટલા માટે હે પ્રિયતમ! આપના અધરામૃતરૂપી આસવનું થોડુંક પાન કરાવીને અમને જિવાડો! (૬)

અરુ પિય તુમ્હરી કથા, અમૃત સમ તાપ નસાવહિ,
અમરામૃત કૌં તુચ્છ કરહિ, બ્રહ્માદિક ગાવહિ;
ઐ પરિ તુમ જિન તુમ્હરો મોહન મુખ અવલોક્યૌ પિય,
તિનકી તાપ ન બુઝૈ, રસિક-સંવિદ કોવિદ હિય. ૭

શબ્દાર્થ : અરુ-અને; તુમ્હરી-આપની; નસાવહિ-શાંત કરે છે; અમરામૃત-સ્વર્ગનુ અમૃત; તુચ્છ-હીન, હલકું; જિન-ન, નહીં; મોહન-મુખ-મોહ ઉપજાવનારું મુખ; બુઝૈ-શાંત થાય; સંવિદ-જ્ઞાની; કોવિદ-પંડિત; હિય-હૃદય.

ભાવાર્થ : અને હે પ્રિયતમ! આપની આ કથા અમૃતસમાન સર્વ તાપને શાંત કરે છે, સ્વર્ગમાં રહેલ અમૃતને પણ તુચ્છ-હીન કરે છે અને બ્રહ્માદિક જેનું ગાન કરે છે, જેમણે આપના સુધાસિંચિત અધરોવાળા મોહન-મુખનું અવલોકન કર્યું નથી, જેનો તાપ શાંત થતો નથી; પછી એ ચાહે તેવો રસિક, જ્ઞાની કે પંડિત કેમ ન હોય! (૭)

મંગલદાયક શ્રવન કરન અસ ઔર ન હોઈ,
મોહન-મુખ નિરખે બિન, ઔર સહાય ન કોઈ,
લલિત મધુર મૃદુહાસ, તુમ્હારો પ્રેમ-સદન પિય,
મારત મનસિજ બાનનિ, કસકત પ્રેમિન કે હિય. ૮

શબ્દાર્થ : અસ-એના જેવી; ઔર-બીજી; કસકત-પીડાદાયક.

ભાવાર્થ : આપની કથા સાંભળતામાત્રમાં જ મંગલદાયક છે. એના જેવું બીજું નથી; પરંતુ અમને તો મોહન-મુખના દર્શન વિના બીજું કોઈ સહાયક નથી. હે પ્રિયતમ! આપનું સુંદર, મધુર અને મૃદુહાસ્ય પ્રેમના સદનરૂપ છે. એ હાસ્ય દ્વારા આપ કામનાં બાણ મારો છો, એ પ્રેમીઓના હૃદયમાં બહુ જ પીડાદાયક છે. (૮)

પારધિ હૂ તૈં તુમ જુ કઠિન સુન હો મોહન પિય,
બેનુ બજાય બુલાય મૃગી સી મોહિ હતીં તિય;
માત, પિતા, પતિ, બંધુ સબૈ તજિ તુમ ઢિગ આઈ,
જાનિ બૂઝિ અધરાત ગહર બન મહઁ ફિરિ ધાઈ. ૯

શબ્દાર્થ : હતીં-હણી, મારી; ઢિગ-પાસે; જાનિ બૂઝિ-જાણી જોઈને; અધરાત-અર્ધ રાત્રિ; ગહર-ગહન, ગાઢ; મહઁ-માં; ફિરિ ધાઈ-ભટકાવી છે.

ભાવાર્થ : હે મોહન પ્યારે! આપ પારધીની જેમ કઠોર હૃદયવાળા છો. કેમકે આપે વેણુનાદ કરીને મૃગીઓ-હરણીઓની સમાન અમને બોલાવીને મારી છે. અમે અમારાં માતા, પિતા, પતિ અને ભાઈઓને છોડીને આપની પાસે આવ્યાં, અને આપે અમને અર્ધરાત્રિએ સઘન વનમાં ભટકાવ્યાં છે! (૯)

અજ હૂઁ નહિં કછુ બિગરયૌ, રંચક તુમ જો આવૌ,
મુરલી કૌ જૂઠૌ અધરામૃત આય પિયાવૌ;
ફની-ફનન પૈ અરપે, ડરપે નહિન નૈંક તબ,
છબિલી છતિન પર ધરત ડરત કયૌં કુઁવર કાન્હ અબ. ૧૦

શબ્દાર્થ : અજ હૂઁ-આજ પણ; બિગરયૌ-બગડયું; રંચક-જરાક; ફની-ફનન પૈ-કાલીય નાગની સો ફેણ ઉપર; અરપે-(ચરણ) ધર્યાં (નૃત્ય કર્યું); ડરપે નહિન-ડર્યા નહીં; નૈંક-લેશમાત્ર; તબ-ત્યારે; છતિન પર-હૃદય ઉપર; ધરત-ધરતાં; ડરત કયૌં-શા માટે ડરો છો?

ભાવાર્થ : આજે-અત્યારે પણ જરાક આવીને આપ મુરલીનું જૂઠું અધરામૃત પીવડાવો, તો કાંઈ બગડી ગયું નથી! જે સમયે આપે કાલીયનાગની ફેણો ઉપર આપના ચરણારવિંદ ધરીને નૃત્ય કર્યું હતું, ત્યારે આપ લેશમાત્ર ડર્યા નહોતા; હવે આપ અમારાં હૃદય ઉપર ચરણ ધરતાં શા માટે ડરો છો? (૧૦)

જાનતિ હૈં હમ, તુમ જુ ડરત બ્રજરાજ-દુલારે,
કોમલ ચરન-સરોજ, ઉરોજ કઠોર હમારે;
સનૈ સનૈ ધરિયૈ પિય, હમહુઁ તૌ અધિક પિયારે,
કિત અટવી મૈં અટત, ગડ઼ત તૃન કૂર્પ અન્યારે. ૧૧

શબ્દાર્થ : જુ-જેના કારણે; ડરત-ડરો છો; ઉરોજ-વક્ષ:સ્થળ; સનૈ સનૈ-(શનૈ: શનૈ:) ધીમે ધીમે; હમહુઁ-અમને; કિત-કઈ; અટવી-વન; અટત-ફરો છો; ગડ઼ત-ખૂંચે છે; તૃન-તૃણ; કૂર્પ-ઘાસ; અન્યારે-અણીવાળા.

ભાવાર્થ : હે વ્રજરાજદુલારે શ્રીકૃષ્ણ! જેના કારણે આપ ડરો છો, તે અમે જાણીએ છીએ કે, આપનાં ચરણકમલ કોમલ છે, અને અમારાં વક્ષ:સ્થલ કઠોર છે. માટે હે પ્રિયતમ! એ કઠિન ઉરોજો ઉપર ધીમે ધીમે સાવધાનીથી ચરણકમલ ધરો. કેમકે અમને પણ આપ પ્રાણાધિક પ્રિય છો. માટે, તૃણ અને કુશ-કંટક ચરણમાં ખૂંચે, એવા વનમાં વ્યર્થ શા માટે ફરો છો? (અહીં પધારો એમાં આપને અને અમને બધાંને સુખ છે.) (૧૧)

☆

ચતુર્થ અધ્યાય

ઇહિ બિધિ પ્રેમ-સુધાનિધિ-મધિ બઢ઼િ ગઇં કલોલૈં,
વિહ્વલ હ્વૈ ગઈ બાલ, લાલ સોં અલબલ બોલૈં;
તબ તિન હીં મૈં પ્રગટ ભયે, નાગર નગધર યોં,
દૃષ્ટિબંધ કરિ દુરૈ, બહુરિ પ્રગટૈ નટવર જ્યોં. ૧

શબ્દાર્થ : મધિ-મધ્યમાં; બઢ઼િ ગઈ-વધી ગઈ; કલોલૈં-તરંગો; અલબલ-અનર્ગલ, આડુઅવળું, વ્યંગ્ય; દૃષ્ટિબંધ-દૃષ્ટિ બાંધીને, નજરબંધ; દુરૈ-છુપાઈ જાય; બહુરિ-ફરી; નટવર-ચતુર વર, જાદુગર; જ્યોં-જેમ.

ભાવાર્થ : આ પ્રકારે પ્રેમ-સુધાનિધિમાં તરંગો વધી ગઈ, એટલે કે ગોપીજનોના મનમાં પ્રેમસમુદ્રની તરંગો વધી ગઈ ત્યારે તેઓ પ્રેમ-પ્રાબલ્યથી એટલી બધી વિહ્વલ બની ગઈ કે તેઓ પોતાના મનમાં રહેલ પ્રિયતમ શ્રીકૃષ્ણ સાથે અનર્ગલ-આડીઅવળી વાતો કરવા લાગ્યાં, ત્યારે એ ગોપીજનોની મધ્યમાં એવી રીતે ભગવાન શ્રીકૃષ્ણ પ્રકટ થયા કે, જેવી રીતે કોઈ નટવર (જાદુગર) દર્શકોની દૃષ્ટિને બાંધીને છુપાઈ જાય છે, અને ફરી પાછો પ્રકટ થઈ જાય છે! (૧)

પીત બસન બનમાલ ધરે, મંજુલ મુરલી હથ,
મંદ મધુર મુસકાત, નિપટ મનમથ કે મન-મથ;
પિયહિ નિરખિ તિય બૃંદ ઉઠીં, સબ ઇકહિ બેર યોં,
ફિરિ ઘટ આયે પ્રાન, બહુરિ ઉઝકત ઇંદ્રિ જ્યોં. ૨

શબ્દાર્થ : પીત બસન-પીતાંબર; હથ-હાથ; નિપટ-અત્યંત, અધિક; મનમથ કામદેવ; મન-મથ-મનને મથી નાખનાર, દર્પ કરનાર; ઇકહિ બેર-એકીસાથે; યોં-એવી રીતે; ઘટ-શરીર; બહુરિ-ફરીવાર; ઉઝકત-ચૈતન્યયુક્ત; જ્યોં-જેમ.

ભાવાર્થ : પીતાંબર, કંઠમાં વનમાલા અને સુંદર મુરલી પોતાના શ્રીહસ્તમાં લઇને કંદર્પના દર્પને દલિત કરવાવાળા ભગવાન શ્રીકૃષ્ણ, મંદમંદ અને પહેલાથી પણ અધિક મધુર હાસ્ય કરી રહ્યા હતા. પ્રિયતમ શ્રીકૃષ્ણને જોઈને, જેવી રીતે શરીરમાં પુન: પ્રાણ આવતાં ઇંદ્રિયો ચૈતન્યયુક્ત થઈ જાય છે, તેવી રીતે ગોપીજનો એકી સાથે ઊભાં થઇ ગયાં! (૨)

મહા છુધિત કોં જ્યોં ભોજન સોં પ્રીતિ સુની હૈ,
તાહૂ તૈં સતગુની, સહસ કિધોં કોટિ ગુની હૈ;
દૌરિ લપટિ ગઇં લલિત લાલ. સુખ કહત ન આવૈ,
મીન ઉછલિ સર-પુલિન પરે પુનિ પાની પાવૈ. ૩

શબ્દાર્થ : મહા છુધિત-અતિશય ક્ષુધિત, બહુ ભૂખ્યા થયેલને; સતગુની-સો ગણી; સહસ-સહસ્ર, હજાર; કિધોં-કાં તો, કે; કોટિ-કરોડ; દૌરિ-દોડીને; મીન-માછલું; ઉછલિ-ઊછળીને; સર-પુલિન-સરોવરનો કાંઠો.

ભાવાર્થ : મહાક્ષુધિતની -બહુભૂખ્યા મનુષ્યની જેમ ભોજનમાં પ્રીતિ સાંભળી છે, તેનાથી પણ સોગણી, હજારગણી કે કરોડગણી પ્રીતિ ગોપીજનોમાં છે. ભગવાન શ્રીકૃષ્ણનું દર્શન થતાં જ ગોપીજનો દોડીને લલિત નંદલાલને એવાં લપટાઈ ગયાં કે જેમ સરોવરમાં રહેલું માછલું ઊછળીને પુલિન (વાલુકામય કિનારા) ઉપર પડે અને પાછું પાણીમાં પડતાં સુખાનુભવ કરે છે, તેમ એ ગોપીજનોના સુખનું વર્ણન થઈ શકે નહીં. (૩)

કોઉ ચટપટી સોં કર લપટી, કોઉ ઉર બર લપટી,
કોઉ ગર લપટી કહતિ ભલે જૂ કાન્હર કપટી;
કોઉ નાગર નગધર કી, ગહિ રહી દોઉ કર પટકી,
જનુ નવ ઘન તૈં સટકી, દામિની દામિની અટકી. ૪

શબ્દાર્થ : ચટપટી-શીઘ્રતા, ઉતાવળ; ઉર બર-સુંદર વક્ષ:સ્થળ; ગર-કંઠ; નાગર-ચતુર; નગધર-ગિરિધારી, શ્રીકૃષ્ણ; પટકી-દુપટ્ટો; જનુ-જાણે; નવ ઘન-નવીન મેઘ; સટકી-પટકીને; દામિની-વીજળી.

ભાવાર્થ : કોઈ ગોપી શીઘ્રતાથી શ્રીકૃષ્ણના બાહુને; કોઈ સુંદર વક્ષ:સ્થલને અને કોઈ પ્રિયતમના શ્રીકંઠને લપટાઇ ગઈ અને કહેવા લાગી કે, 'હે શ્રીકૃષ્ણ! તમે ઉત્તમ કપટી છો!' કોઈ ગોપી ચતુર ગિરિધારીના દુપટ્ટાને પોતાના બંને હાથથી પકડી રહી છે! ત્યારે જાણે એવું લાગે છે કે, નવીન મેઘથી છટકીને એક વીજળી, બીજી વીજળીમાં અટકીગઈ છે! (૪)

કોઉ પિય-ભુજન સોં લિપટી, મટકી નારિ નવેલી,
જનુ સુંદર સિંગાર બિરપ, લપટી છબિ-બેલી;
કોઉ કોમલ પદ-કમલ, કુચન-બિચ રાખિ રહી યોં,
મહા કૃપન ધન પાઈ, છતી સોં લાઈ રહત જ્યોં. ૫

શબ્દાર્થ : મટકી-હાવભાવ કરવા લાગી; જનુ-જાણે; સિંગાર બિટપ-શૃંગાર વૃક્ષ; છબિ બેલી-શોભાયુક્ત લતા, વેલી; કુચન-બિચ-વક્ષ:સ્થળ ઉપર સ્તનોની વચ્ચે; યોં-એવી રીતે; મહા કૃપન-નિર્ધની; છતી-છાતી; જ્યોં-જેવી રીતે.

ભાવાર્થ : કોઈ નવેલી ગોપી પ્યારે શ્રીકૃષ્ણની ભુજાને લપટીને હાવભાવ કરી રહી છે, કે જાણે સુંદર શૃંગાર વૃક્ષને શોભાયુક્ત લતા લપટાઈ રહી છે! કોઈ શ્રીકૃષ્ણના કોમલ ચરણકમલને પોતાના વક્ષ:સ્થલ ઉપર સ્તનોની વચ્ચે એવી રીતે રાખી રહી છે કે, જેવી રીતે કોઈ મહા નિર્ધની, ધનને પ્રાપ્ત કરીને પોતાના હૃદય સાથે જકડી રહેલ છે! (૫)

કોઉ પિય રૂપ નયન ભરિ, ઉર મૈં ધરિ ધરિ આવત,
મધુ માખી જ્યોં દેખી, દસા દિસિ અતિ છબિ પાવત;
કોઉ દસન દિયે અધર-બિંબ ગોબિંદહિ તાડ઼તિ,
કોઉ ઇક નૈન ચકોર, ચારુ મુખ-ચંદ નિહારતિ. ૬

શબ્દાર્થ : દસન–દાંત; અધર-બિંબ–લાલ અધરોષ્ઠ; ગોબિંદ–શ્રીકૃષ્ણ; તાડ઼તિ–જુએ છે.

ભાવાર્થ : કોઈ ગોપી પ્રાણપ્યારા શ્રીકૃષ્ણના રૂપને નેત્રો ભરી ભરીને હૃદયમાં એવી રીતે રાખીને પ્રસન્ન થાય છે કે, જેવી રીતે મધમાખી પોતાની ચારે બાજુએ મધને જોઇને પ્રસન્ન થાય છે! કોઇ ગોપી પોતાના દાંત નીચે પોતાના અધરોષ્ઠને દબાવીને શ્રીકૃષ્ણને (લજ્જા અને આશ્ચર્યથી) જુએ છે અને કોઇ ગોપી નેત્ર–ચકોરથી શ્રીકૃષ્ણના સુંદર મુખ–ચંદ્રને નિહાળી રહી છે! (૬)

કહુઁ કાજર, કહુઁ કુંકુમ, કહુઁ ઇક પીક લગી બર,
તહુઁ રાજત નઁદ-નંદ-ચંદ, કંદર્પ-દર્પ-હર;
બૈઠે પુનિ તિહિ પુલિન, પરમ આનંદ ભયૌ હૈ,
છબિલિન અપનૌ છાદન, છબિ સૌં બિછાઇ દયૌ હૈ. ૭

શબ્દાર્થ : પીક–પાનનો રંગ; કંદર્પ-દર્પ-હર–મદનમદનાશક; છાદન–આચ્છાદન, વસ્ત્ર; ઓઢણી, ચાદર; બિછાઇ દયૌ હૈ–બિછાવી દીધી છે.

ભાવાર્થ : ગોપીજનો દ્વારા શ્રીકૃષ્ણના શ્રીઅંગ ઉપર ક્યાંક કાજલ, ક્યાંક કુંકુમ અને ક્યાંક પાનની પીક (લાલ રંગ) આદિનાં ચિહ્ન લાગેલ છે. એ બધાની સાથે નંદનંદન શ્રીકૃષ્ણ મદન–મદનાશક થઇને પરમ શોભાયમાન લાગે છે. પછી શ્રીયમુનાજીના વાલુકામય કિનારા ઉપર છબિલી ગોપીઓએ પોતાની સુંદર ચાદર (ઓઢણી) બિછાવી દીધી છે, એના ઉપર બિરાજમાન થયા. (૭)

એક એવ હરિ દેવ, સબહિ આસન પર બૈસે,
કિયે મનોરથ પૂરન, જાકે ઉપજે જૈસે;
જ્યૌં અનેક જોગેશ્વર, હિય મૈં ધ્યાન ધરત હૈં,
ઇકહિ બેર ઇક મૂરતિ, સબ કૌં સુખ બિતરત હૈં. ૮

શબ્દાર્થ : એક એવ–એક જ; સબહિ–બધાંય; ઇકહિ બેર–એક જ સમયે; ઇક મૂરતિ–એક સ્વરૂપ; બિતરત–વાંટે છે.

ભાવાર્થ : એક જ શ્રીકૃષ્ણ, ગોપીઓએ બિછાવેલાં બધાં આસનો ઉપર પૃથક્ પૃથક્ બિરાજમાન થયા અને જેના મનમાં જે મનોરથ હતો તે બધા પૂર્ણ કર્યા. જેમ અનેક યોગેશ્વર પોતાના હૃદયમાં ભગવાનનું પૃથક્ પૃથક્ ધ્યાન ધરે છે, તે બધાને એક જ સમયે, એક જ ભગવત્સ્વરૂપ સુખ વાંટે છે. (૮)

જોગી-જન બન જાઇ, જતન કરિ કોટિ જનમ પચિ,
અતિ નિર્મલ કરિ રાખત, હિયે મૈં આસન રચિ રચિ;
કહુઁ છિનક નહિં જાત, નવલ નાગર નગધર હરિ,
બ્રજ-જુવતિન કે અંબર પર, બૈઠે અતિ રુચિ કરિ. ૯

શબ્દાર્થ : પચિ–યત્ન કરે; કહુઁ–ક્યાંય; છિનક–એક ક્ષણ; અંબર–વસ્ત્ર.

ભાવાર્થ : યોગીજન વનમાં જઇને કરોડો જન્મોના યત્નોથી પોતાના હૃદયને શુદ્ધ કરે છે, ત્યાં આસન બિછાવી રાખે છે, ત્યાં પણ નવલ નાગર શ્રીકૃષ્ણ એક ક્ષણ પણ ક્યારેક જ પધારે છે. એ જ શ્રીકૃષ્ણ, ગોપીજનોનાં વસ્ત્રાસનો ઉપર અતિશય રુચિપૂર્વક બિરાજમાન થાય છે! (૯)

કોટિ કોટિ બ્રહ્માંડ, જદપિ ઇકલી ઠકુરાઈ,
બ્રજ-દેવિન કી સભા, સાઁવરે અતિ છબિ પાઈ;
સબ સુંદરિ કે સનમુખ, સુંદર સ્યામ બિરાજૈ,
જ્યૌં નવ દલ-મંડલ મૈં, કમલ-કર્નિકા ભ્રાજૈ. ૧૦

શબ્દાર્થ : જદપિ–યદ્યપિ; ઇકલી–એકલી; ઠકુરાઇ–પ્રભુતા; કમલ-કર્નિકા–કમલકોષ; ભ્રાજૈ–બિરાજે છે.

ભાવાર્થ : યદ્યપિ કરોડો બ્રહ્માંડમાં શ્રીકૃષ્ણની એકલી–એકત્ર પ્રભુતા છે, તો પણ શ્યામસુંદરની શોભા વ્રજદેવીની સભામાં જ પ્રાપ્ત થાય છે. જેવી રીતે કમલના પત્ર–મંડલની વચ્ચે કમલની કર્નિકા–કમલકોષ શોભા આપે છે, તેવી રીતે સર્વ વ્રજસુંદરીઓની વચ્ચે શ્યામસુંદર શ્રીકૃષ્ણ બિરાજમાન છે. (૧૦)

બૂઝન લાગીં નવલ બાલ, નઁદ-લાલ પિયહિ સબ,
પ્રીતિ-રીતિ કી બાત, મન મૈં મુસકાતિ જાતિ સબ;
ઇક ભજતે કૌં ભજૈ, એક બિન-ભજતે ભજહીં,
કહહુ કાન્હ તે કવન આહિં, જે દુહુવન તજહીં. ૧૧

શબ્દાર્થ : બૂઝન (બૂઝના)–પૂછવા; ભજતે–ભજન કરનાર–સેવન કરનારને; ભજૈ–ભજે છે, ગ્રહણ કરે છે; આહિં–છે; દુહુવન–બંનેને; તજહીં–છોડી દે છે.

ભાવાર્થ : ત્યારે મનમાં મંદસ્મિત કરતી તે વ્રજબાલાઓ પ્રિયતમ શ્રીકૃષ્ણને પ્રીતિ–રીતિની વાતો પૂછવા લાગ્યાં. : 'કોઈ ભજનારને ભજે છે, કોઈ એમને ન ભજનારાઓને ભજે છે–ગ્રહણ કરે છે. હે નંદલાલ! એ તો કહો કે, જેઓ એ બંનેને તજે છે, તે કોણ છે?' (૧૧)

જદપિ જગત-ગુરુ નાગર નગધર નંદ-દુલારે,
તદપિ ગોપિન કે પ્રેમ-બિબસ, અપને મુખ હારે;
તબ બોલે બ્રજરાજ-કુઁવર, હૌં રિની તુમ્હારૌ,
અપને મન તૈં દૂરિ કરૌ, યહ દોસ હમારૌ. ૧૨

શબ્દાર્થ : જદપિ–યદ્યપિ; તદપિ–તથાપિ; પ્રેમ-બિબસ–પ્રેમને વશ; રિની–ઋણી.

ભાવાર્થ : યદ્યપિ ગિરિધર શ્રીકૃષ્ણ સંસારના ગુરુ અને ચતુર છે, તથાપિ ગોપીઓના પ્રેમને વશ થઇને પોતાના જ મુખેથી હારી ગયા! ત્યારે વ્રજરાજકુંવર શ્રીકૃષ્ણે કહ્યું કે, 'હું

તમારો ઋણી છું. તમે તમારા મનમાંથી મારો આ દોષ દૂર કરી દો. (૧૨)

કોટિ કલ્પ લગિ તુમ પ્રતિ, પ્રતિ-ઉપકાર કરૌં જૌ,
હે મનહરની તરુની, અરિની નહિંન હૌંઉ તૌ;
સકલ બિસ્વ અપબસ કરિ, સો માયા સોહતિ હૈ,
પ્રેમ-મઈ તુમ્હરી માયા સો મોહિં મોહતિ હૈ. ૧૩

શબ્દાર્થ : કોટિ કલ્પ-કરોડ કલ્પ; અરિની-ઋણમુક્ત; મો-મારી; સો-જે; મોહિં-મને; મોહતિ હૈ-મોહે છે.

ભાવાર્થ : હે ગોપીઓ ! જો હું કરોડો કલ્પો સુધી તમારો પ્રત્યુપકાર કરતો રહું, તો પણ હે મનનું હરણ કરવાવાળી તરુણ રમણીઓ ! હું તમારા ઋણમાંથી મુક્ત થઇ શકું એમ નથી ! (અર્થાત્ તમારા પ્રેમનો બદલો વાળી નહીં શકું.) મારી માયા સમસ્ત વિશ્વને પોતાના વશમાં કરી લઈ સ્વયં સુશોભિત થાય છે; પરંતુ તમારી જે પ્રેમમયી માયા છે, તે (મારી) માયાને અને મને વિમોહિત કરી દે છે. (૧૩)

તુમ જો કરી સો કોઉ ન કરૈ, સુનિ નવલ કિસોરી,
લોક-વેદ કી સુદૃઢ સૃંખલા તૃન સમ તોરી. ૧૪

શબ્દાર્થ : તુમ જો કરી-તમે જે કર્યું છે; કોઉ-કોઈ; સુનિ-સાંભળો; સુદૃઢ સૃંખલા; સુદૃઢ સાંકળ, બંધન; તૃણ સમ-ઘાસની જેમ; તોરી-તોડી.

ભાવાર્થ : હે નવલકિશોરી ! સાંભળો. તમે જે કર્યું છે તે કોઇ ન કરી શકે. તમે મારે માટે લોક અને વેદનું સુદૃઢ બંધન, તૃણની સમાન તોડી નાખ્યું છે !' (૧૪)

પંચમ અધ્યાય

સુનિ પિય કે રસ-બચન, સબન રિસ છાઁડ઼િ દયૌ હૈ,
હઁસિ હઁસિ અપને કંઠનિ, લાલ લગાઇ લયૌ હૈ;
કલ્પબૃચ્છ જડ઼, સુનિયત વહ ચિંતત-ફલ-દાઇક,
યહ બ્રજરાજ-કુમાર, સબહિં સુખ-દાઇક નાઇક. ૧

શબ્દાર્થ : પિય-પ્રિય, પ્રિયતમ; રસ-બચન-રસીલાં વચનો; રિસ-ક્રોધ; છાઁડ઼િ-છોડી; દયૌ-દીધો; લાલ-નંદલાલ; સુનિયત-સાંભળ્યું છે; ચિંતત-ફલ-દાઇક-ઇચ્છિત ફલ આપનાર; યહ-આ; સુખ-દાઇક-સુખ આપનાર.

ભાવાર્થ : પ્રિયતમ શ્રીકૃષ્ણનાં રસીલાં વચનો સાંભળીને સર્વ ગોપીઓએ ક્રોધ છોડી દીધો અને હસતાં હસતાં નંદલાલને પોતાના કંઠથી લગાવી દીધા ! સાંભળવામાં આવ્યું છે કે, કલ્પવૃક્ષ જડ છે, તે બધાંને ઇચ્છિત ફળ આપે છે, પણ આ વ્રજરાજકુમાર તો સર્વત્ર સર્વ પ્રકારનું સુખદાન કરે છે. (૧)

કોટિ કલ્પતરુ બસત-લસત પદ-પંકજ-છાઁહી,
કામધેનુ પુનિ કોટિ કોટિ બિલુઠિત રજ માહીં;
સો પિય ભયે અનુકૂલ, તૂલ કોઉ નાહિં ભયૌ અબ,
નિરવધિ સુખ કૌ મૂલ, સૂલ ઉનમૂલ કિયે સબ. ૨

શબ્દાર્થ : લસત-શોભે છે; બસત-વસે છે; પદ-પંકજ-છાઁહી-ચરણકમલની છાયામાં; પુનિ-વળી; બિલુઠિત-લોટે છે; સો-તે; ભયે અનુકૂલ-અનુકૂલ થયા; તૂલ-તુલ્ય, સમાન; સૂલ-વ્યથા; ઉનમૂલ કિયે-ઉખેડી નાખી, નિર્મૂલ કરી દીધી.

ભાવાર્થ : જેઓશ્રીના ચરણકમલની છાયામાં કરોડો કલ્પતરુ વસે છે અને શોભે છે તથા જેઓશ્રીની પદ-રજમાં કરોડો કામધેનુ ગાય લોટયા કરે છે, તે પ્રિયતમ શ્રીકૃષ્ણ હવે અમારે અનુકૂલ થઇ ગયા છે એટલા માટે અમારી સમાન હવે કોઈ નથી ! નિરવધિ સુખના મૂળરૂપ શ્રીકૃષ્ણે હવે અમારી બધી વ્યથાઓ નિર્મૂળ કરી દીધી છે ! (૨)

રાસ-લીલા

આરંભિત અદ્‌ભુત સુ રાસ, ઉહિ કમલ-ચક્ર પર,
નમિત ન કિતહુઁ હોઈ, સબૈ નિર્ત્તંત બિચિત્ર બર;
મનિ-દર્પન-સમ અવનિ, રવનિ તા પર છબિ દેહીં,
બિલુલિત કુંડલ અલક, તિલક ઝુકિ ઝાઁઇ લેહીં. ૩

શબ્દાર્થ : આરંભિત-આરંભ થયો; ઉહિ તે (પહેલાં વર્ણવેલું તે); કમલ-ચક્ર-મણિમય

કમલચક્ર; નમિત–ડગવું; સબૈ–સર્વ; નિર્ત્તત–નૃત્ય કરે છે; બર–શ્રેષ્ઠતા; મનિ-દર્પન-સમ–મણિમય દર્પણની સમાન; અવનિ–પૃથ્વી, ભૂમિ; રવનિ–રાસરમણ; છબિ દેહીં–શોભા આપે છે; બિલુલિત–ચંચલ થતાં, ડોલાયમાન; ઝાઁઇ–પ્રતિબિંબ.

ભાવાર્થ: મણિમય કમલચક્ર ઉપર શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે સુંદર અને અદ્‌ભુત રાસલીલાનો પ્રારંભ કર્યો. બધાં વિચિત્ર પ્રકારે શ્રેષ્ઠતાથી નૃત્ય કરી રહ્યાં હતાં. કોઇ નૃત્યક્રિયામાંથી ડગતું નહોતું.

મણિમય દર્પણની સમાન ભૂમિ ઉપર વ્રજરમણીઓ શોભા આપી રહી છે. તેમનાં ચંચલ–ડોલાયમાન થતાં કુંડલો, અલકાવલી અને તિલકના પ્રતિબિંબને ઝૂકી ઝૂકીને જોઇ રહી છે. (૩)

કમલ–કર્નિકા–મધ્ય, રાધિકા લાલ બની છબિ,
દ્વૈ દ્વૈ ગોપીન બીચ, જુ મોહનલાલ બને ફબિ;
મૂરતિ એક અનેક દેખિ, અદ્‌ભુત સોભા અસ,
મંજુ મુકર–મંડલિ મધ્ય, પ્રતિબિંબ ચંદ્ર જસ. ૪

શબ્દાર્થ: છબિ–શોભા; દ્વૈ દ્વૈ–બબ્બે; બીચ–વચ્ચે; ફબિ–સુસજ્જ, શોભાયુક્ત; અસ–એવી; મંજુ–સુંદર; મુકર-મંડલી–દર્પણનું મંડલ; જસ–જેવી.

ભાવાર્થ: કમલ–કર્ણિકાની મધ્યમાં શ્રીરાધા–કૃષ્ણ પરમ શોભાયમાન લાગે છે. બબ્બે ગોપીઓની વચ્ચે છોહનલાલ સુસજ્જ લાગે છે. એક સ્વરૂપની અનેકતાની શોભા એવી લાગે છે કે, જેવી રીતે સુંદર દર્પણ–મંડલમાં એક ચંદ્રનાં અનેક પ્રતિબિંબ પડે તેમ. (૪)

સકલ તિયન કે મધ્ય, સાઁવરો પિય સોભિત અસ,
રત્નાવલિ–મધિ નવલ નીલમનિ ઝલમલાત જસ;
નવ મરકત–મનિ સ્યામ, કનક મનિ–ગન બ્રજ–બાલા,
બૃંદાબન કોં રીઝિ, મનહુઁ પહિરાઈ માલા. ૫

શબ્દાર્થ: તિયન–ગોપીજનો; સાઁવરો–શ્યામસુંદર શ્રીકૃષ્ણ; મનહુઁ–માનો, જાણે.

ભાવાર્થ: ગૌર ગોપીજનોની વચ્ચે શ્યામલ શ્રીકૃષ્ણ એવી રીતે શોભે છે કે જેવી રીતે રત્નાવલીની વચ્ચે નવીન નીલમ–મરકતમણિ સમાન શ્રીકૃષ્ણ છે. એમના વૃંદથી નિર્મિત રાસ–ચક્રરૂપી માલા, પ્રસન્ન થઇને જાણે વૃંદાવનને પહેરાવી ન હોય! (૫)

નૂપુર, કંકન, કિંકિની, કરતલ મંજુલ મુરલી,
તાલ, મૃદંગ, ઉપંગ, ચંગ એકહિ સુર જુરલી;
મૃદુલ મુરજ–ટંકાર, તાર–ઝંકાર મિલી ધુની,
મધુર જંત્ર કી તાર, ભઁવર ગુંજાર રલી પુનિ. ૬

શબ્દાર્થ: કિંકિની–કટિમેખલા; કરતલ–કરતાલ, હથેલી, હાથની તાલી; મૃદુલ–કોમળ; રલી–મળી ગઈ.

ભાવાર્થ: નૂપુર, કંકણ, કટિમેખલા, કરતાલ (હાથની તાલી), સુંદર મુરલી, તાલ, મૃદંગ, ઉપંગ, ચંગ – આ બધાંનો સ્વર મળીને એક જ સ્વર બની ગયો હતો. કોમલ મુરજની ટંકાર અને એના તારોની ઝણકાર સાથે મળેલ ધ્વનિ ઊઠી રહી હતી, તેમાં મધુર યંત્રના તારની જેમ ભ્રમરોની ગુંજાર પણ મળી ગઈ હતી! (૬)

તૈસિય મૃદુ–પદ–પટકનિ, ચટકનિ કટતારનિ કી,
લટકનિ, મટકનિ, ઝલકનિ, કલ કુંડલ હારનિ કી;
સાઁવરે પિય–સઁગ નિર્ત્તત, ચંચલ બ્રજ કી બાલા,
જનુ ઘન–મંડલ મંજુલ, ખેલતિ દામિની–માલા. ૭

શબ્દાર્થ: મૃદુ-પદ-પટકનિ–ચરણને કોમલ તાલ દેવો; નિર્ત્તત–નૃત્ય કરે છે; જનુ–જાણે; ઘન-મંડલ–મેઘમંડલમાં; મંજુલ–સુંદર; દામિની-માલા–વિદ્યુત્‌માલા.

ભાવાર્થ: તેવી રીતે કોમલતાથી ચરણ પટકીને તાલ દેવો, કઠતાલનો ચટકાર, સુંદર કુંડલોનું લટકવું, હારનું મટકવું–ચમકવું આદિ ક્રિયાઓ થઇ રહેલ છે. પ્રિયતમ શ્યામસુંદર સાથે ચંચલ વ્રજબાલાઓ એવી રીતે નૃત્ય કરે છે કે જાણે મેઘમંડલમાં સુંદર વિદ્યુત્‌માલા ખેલી રહી છે! (૭)

છબિલી તિયન કે પાછે, આછે બિલુલિત બૈની,
ચંચલ રૂપ–લતન–સઁગ, ડોલત જનુ અલિ–સૈની;
મોહન પિય કી મલકનિ, અલકનિ મોર મુકટ કી,
સદા બસૌ મન મેરે, ફહરનિ પિયરે પટ કી. ૮

શબ્દાર્થ: છબિલી–સુંદર; આછે–અચ્છી, સરસ; બિલુલિત–ચલાયમાન; બૈની–વેણી; રૂપ-લતન–રૂપલતાઓ; ડોલત–ડોલી, ભ્રમણ કરી રહી છે; અલિ-સૈની–ભ્રમરાઓની શ્રેણી–પંક્તિઓ; ફહરનિ–ફરકવાની ક્રિયા; પિયરે પટ કી–પીતાંબરની.

ભાવાર્થ: છબીલી ગોપીઓની પીઠ પાછળ સુંદર વેણી એવી રીતે ચલાયમાન થઈ (હલી) રહી છે કે જાણે ચંચલ રૂપલતાઓની સાથે ભ્રમરાઓની પંક્તિઓ ભ્રમણ કરી રહી છે! (એમની સાથે ભગવાન શ્રીકૃષ્ણ પણ છે.) શ્રીકૃષ્ણનું મંદમંદ મલકાવું, મોરમુકુટની હલકણ તેમજ એઓશ્રીના પીતાંબરનું ફરકવું આદિ ક્રિયાઓ મારા મનમાં નિરંતર વસો. (૮)

કોઉ સખિ–કર પર તિરપ બાઁધિ, નિર્ત્તત છબિલી તિય,
માનોં કરતલ લટ્ટૂ ફિરત, દિખિ લટ્ટૂ હોત પિય;
કોઉ નાઇક કે ભેદ–ભાવ, લાવન્ય–રૂપ – બસ,
અભિનય કરિ દિખરાવતિ, ગાવતિ ગુન પિય કે જસ. ૯

શબ્દાર્થ: તિરપ–નૃત્યની એક ગતિ; લટ્ટૂ–ભમરડો, મુગ્ધ–પરવશ; કરતલ–હથેલી.

ભાવાર્થ : કોઈ ગોપી પોતાની સખીનો હાથ હાથમાં લઇને એવી રીતે ફરતી ફરતી નૃત્ય કરે છે કે જાણે નટના હાથમાં ભમરડો ન ફરતો હોય! આ જોઇને પ્રિયતમ મુગ્ધ-પરવશ થઈ જાય છે! કોઈ ગોપી નાયક–શ્રીકૃષ્ણની ભાવ–ભંગિમા અને રૂપ-લાવણ્યને વશ થઈ એઓશ્રીનાં યશોગાન કરતી અભિનય કરીને બતાવે છે. (૯)

તબ નાગર નँદલાલ, ચાહિ ચિત ચકિત હોત યોં,
નિજ પ્રતિબિંબ બિલાસ, નિરખિ સિસુ ભૂલિ પરત જ્યોં;
રીઝિ પરસ્પર વારતિ, અંબર–અભરન અંગ કે,
અવર તબહિં બનિ રહત, તહાँ અદ્ભુત રँગ રँગ કે. ૧૦

શબ્દાર્થ : નાગર–ચતુર; ચકિત–આશ્ચર્યચકિત; નિજ–પોતાનું; રીઝિ–પ્રસન્ન થઈ; વારતિ–નોછાવર કરે છે; અભરન–આભરણ, શૃંગાર; અવર–બીજાં.

ભાવાર્થ : ત્યારે ચતુર નંદલાલ એને જોઈ ચિત્ત–ચાહથી આશ્ચર્યચકિત થઇને આત્મવિસ્મૃત થઈ જાય છે. જેવી રીતે કોઈ શિશુ, પોતાના પ્રતિબિંબ–વિલાસને જોઇને ભુલાવામાં પડી જાય છે તેમ. ગોપીઓ આ અભિનય જોઈને પ્રસન્ન થઈ પોતાનાં અંગ-પ્રત્યંગનાં વસ્ત્રાભૂષણ પરસ્પર નોછાવર કરે છે અને તત્કાલ ત્યાં જ રંગ–બેરંગી અદ્ભુત વસ્ત્ર બનતાં જાય છે! (૧૦)

કોઉ મુરલી સુર–રલી, રँગીલી રँગહિ બઢ઼ાવતિ,
કોઉ મુરલી કોં છેંકિ; છબીલી અદ્ભુત ગાવતિ;
તબહિ સाँવરો કुँવર રીઝિ, હँસિ લેત ભુજનિ ભરિ,
ચુંબન કરિ મુખ–સદન, બદન તેં દૈ તँબોલ ઢરિ. ૧૧

શબ્દાર્થ : સુર-રલી–સ્વરનો આનંદ; બઢ઼ાવતિ–વૃદ્ધિ કરે છે, વધારે છે; છેંકિ–અતિક્રમણ કરી, રોકીને; ભુજનિ ભરિ–ભુજાઓમાં ભરી લે છે, ભેટે છે, આલિંગન કરે છે; મુખ-સદન–મુખમંદિર; ઢરિ–ઢળે છે, વહે છે.

ભાવાર્થ : કોઈ રંગીલી ગોપી મુરલીના સ્વરાનંદને પોતાના સ્વરથી અધિક સરસ કરે છે; કોઈ છબીલી ગોપી મુરલીના સ્વરનું અતિક્રમણ કરીને (સ્વરને તીવ્રતર કરીને) અદ્ભુત રૂપમાં ગાન કરે છે. ત્યારે શ્યામસુંદર શ્રીકૃષ્ણ પ્રસન્ન થઈને હસતાં હસતાં એ ગોપીને પોતાની ભુજાઓમાં ભરી લઈ ભેટ્યા, અને એના મુખમંદિર ઉપર ચુંબન કરી, એને પોતાના શ્રીમુખનું તાંબોલ આપ્યું, જેનો રસ ગોપીના કપોલ ઉપરથી વહેવા લાગ્યો! (૧૧)

વિશેષ : મુરલીમાં નાદ–બ્રહ્મ છે; પરંતુ ગોપીજનોમાં એ નાદ–બ્રહ્મની સગુણ સાકારતા અને સરસતાની વિશેષતા છે.

ચુંબન દ્વારા, ગુણ–ગ્રાહક ચતુર નાયક શ્રીકૃષ્ણે એ સ્વરરસ–સમ્રાજ્ઞી ગોપીની ગીત-સરાહના કરી, એનું ચુંબન દ્વારા, અધરરસ–દાન દ્વારા ઉચિત મૂલ્યાંકન પણ કર્યું.

જગ મેં જો સંગીત–નૃત્ય, સુર–નર રીઝત તિહિં,
સો બ્રજ-તિયન કોં સહજ, નિગમ-આગમ ગાવત તિહિં;
જો બ્રજ–દેવી નિર્ત્તતિ મંડલ રાસ મહા છબિ,
સો રસ કૈસૈં બરનિ સકૈ ઇહાँ ઐસો કો કબિ? ૧૨

શબ્દાર્થ : રીઝત–પ્રસન્ન થાય; જિહિં–જેને; નિગમ-આગમ–વેદશાસ્ત્ર; તિહિં–તેને.

ભાવાર્થ : ભક્તકવિવર શ્રીનંદદાસજી કહે છે કે, જગતમાં સુર–નરને પ્રસન્ન કરનારી સંગીત–નૃત્યની જેટલી રીતિ છે, અને વેદશાસ્ત્ર પણ જેનું ગાન કરે છે, તે બધી વ્રજગોપીઓને સહજ છે. જે રસ સુંદર રાસ–મંડલમાં વ્રજદેવીઓના નૃત્યમાં છે, તે રસને વર્ણન કરી શકે, એવો અહીં કયો સમર્થ કવિ છે કે જે તેનું સંપૂર્ણપણે વર્ણન કરી શકે? (૧૨)

રાગ–રાગિની સમ, જિન કૌ બોલિબો સુહાયૌ,
સુ કૌન પૈં કહિ આવૈ, જો બ્રજ–દેબિન ગાયૌ;
ગ્રીવ ગ્રીવ ભુજ મેલિ, કેલિ કમનીય બઢ઼ી અતિ,
લટકિ લટકિ વહ નિર્ત્તનિ, કાપૈ કહિ આવૈ ગતિ? ૧૩

શબ્દાર્થ : સુહાયૌ–સુંદર; ગ્રીવ–ગ્રીવા.

ભાવાર્થ : સામાન્ય રીતે જેમનું બોલવું પણ સુંદર રાગ–રાગિણી સમાન છે, એ વ્રજદેવીઓના ગાનનું યથાર્થ વર્ણન કોણ કરી શકે? પ્રિયતમ શ્રીકૃષ્ણની ગ્રીવામાં પોતાની ભુજાઓમાં મૂકીને–ગલબાંહી દઇને કેલિરસમાં વૃદ્ધિ કરતી લટકી–લટકીને તેઓ નૃત્ય કરે છે, તે કમનીય ગતિનું કોણ વર્ણન કરી શકે? અર્થાત્ અકથનીય છે. (૧૩)

છબિ સોં નિર્ત્તનિ પટકનિ લટકનિ, મંડલ ડોલનિ,
કોટિ અમૃત સમ મુસકનિ, મંજુલ તાથેઇ બોલનિ;
કોઉ ઉન તૈં અતિ ગાવતિ, સુલફ લેત નઈ નઈ,
સબ સંગીત જુ છેંકિ, સુંદરી ગાન કરત ભઈ. ૧૪

શબ્દાર્થ : છબિ–શોભા, સુંદરતા; નિર્ત્તનિ–નૃત્ય કરવું; ડોલનિ–ફરવું, પરિભ્રમણ કરવું.

ભાવાર્થ : સુંદરતાભર્યું નૃત્ય કરવું, ચરણથી લટકીને તાલ આપવો, મંડલમાં ચક્રાકાર ફરવું, સુંદર 'તાથેઇ' શબ્દ બોલવો, અને મુસકાવું–એ બધું કોટિગણું અમૃત સમાન લાગે છે.

કોઈ ગોપી નવી નવી કોમલ તાન લઈને ગાય છે, અને વ્રજસુંદરીઓ સર્વ સંગીતનું (ઉચ્ચ–તીવ્ર સ્વરથી) અતિક્રમણ કરીને ગાન કરવા લાગ્યાં. (૧૪)

અપની જતિ–ગતિ–ભેદ, સબૈ નિર્ત્તન જુ લગીં તબ,
ગંધ્રબ મોહે તા છિન, સુંદરિ ગાન કરતિ જબ;
ભુજદંડન સોં મિલત, લલિત મંડલ નિર્ત્તત છબિ,
કુંડલ કચ સોં અરઝત, ઉરઝત તહાँ બડ઼ે કાબ. ૧૫

શબ્દાર્થ : ગંध्रબ–ગંધર્વ; તા છિન–તે ક્ષણે; બડે કવિ–શ્રેષ્ઠ કવિ, ભગવાન.

ભાવાર્થ : બધાં ગોપીજનો પોતપોતાની જતિ–ગતિ–ભેદથી જ્યારે નૃત્ય કરવા લાગ્યાં, ત્યારે તે ક્ષણે (સુંદર ગાન–નૃત્ય જોઇને) ગંધર્વ મુગ્ધ થઈ ગયા !

પરસ્પર ભુજાઓથી મળીને લલિત મંડલમાં એ સુંદર ગોપીજનો નૃત્ય કરે છે, ત્યારે તેમના કુંડલમાં કેશ ગુંચવાઈ જાય છે. આ અનુપમ દૃશ્ય નિહાળીને તેનું યથાર્થ વર્ણન કરવામાં શ્રેષ્ઠ કવિ પણ મૂંઝવણમાં પડી જાય છે ! (૧૫)

વિશેષ : ગોપીજનોના આ નર્તન–ચાતુર્યથી શ્રેષ્ઠ કવિ–ભગવાન પણ ગુંચવાઈ જાય છે ! ‘કવિ’ શબ્દ માટે કહેવાયું છે કે, **कविर्मनीषी परिभू स्वयम्भू ।**

પિય કે મુકુટ કી લટકનિ, મુરલી નાદ ભરી અસ,
કુહુકિ કુહુકિ મનોં નાચત, મંજુલ મોર ભરે રસ,
સિર તૈં સુમન સુ સુંદર, બરસત અતિ આનઁદ ભરિ,
જનુ પદ–ગતિ પર રીઝિ, અલક પૂજત ફૂલન કરિ. ૧૬

શબ્દાર્થ : અસ–એવો; મંજુલ–સુંદર; સિર–મસ્તક; જનુ–જાણે; પદ-ગતિ–ચરણગતિ; રીઝિ–પ્રસન્ન થઈ; અલક–કેશ; ફૂલન કરિ–પ્રસન્ન થઈ.

ભાવાર્થ : પ્રિયતમના મુકુટની લટકન, અને મુરલીનો નાદ એવો લાગે છે કે, જાણે રસપૂર્ણ મયૂર કેકા કરીને નાચી રહ્યો છે ! ગોપીજનોનાં મસ્તક ઉપરથી સુંદર આનંદભર્યાં પુષ્પો વરસી રહ્યાં છે, તે જાણે ચરણગતિ ઉપર કેશ, પ્રસન્ન થઇને પુષ્પ વડે ચરણનું પૂજન કરે છે ! (૧૬)

શ્રમ–જલ સુંદર બિંદુ, રંગ ભરિ કહુઁ કહુઁ બરસત,
પ્રેમ–ભક્તિ–બિરવા જિનકે, તિન કે હિય સરસત;
બૃંદાબન મધિ ત્રિબિધ પવન બિજના સુ બિલોલૈ,
જહુઁ જહુઁ શ્રમિત બિલોકત, તહુઁ તહુઁ રસ ભરિ ડોલૈ. ૧૭

શબ્દાર્થ : બિરવા–નાનો છોડ; હિય–હૃદય; મધિ–માં; ત્રિબિધ–શીતલ, મંદ, અને સુગંધ; બિજના–વ્યજન, વાયુ ઢોળવો, પંખો કરવો; બિલોલૈ–ચંચલ કરે છે, ચલાવે છે.

ભાવાર્થ : પુષ્પોના રંગ સાથે વિવિધ રંગભર્યાં શ્રમજલનાં બિંદુઓ ક્યારેક ક્યારેક વરસી રહ્યાં છે અને જેમના હૃદયમાં પ્રેમભક્તિનો છોડ છે, તેમના હૃદયને સરસ કરી દે છે ! વૃંદાવનમાં ત્રિવિધ–શીતલ, મંદ અને સુગંધ–પવન, વ્યજન–પંખાની જેમ ચાલી રહ્યો છે, તે જ્યાં જ્યાં દેહને શ્રમિત જુએ છે, ત્યાં ત્યાં સરસતાથી ચાલવા લાગે છે. (૧૭)

ઉડ઼ે નવ અરુન અબીર, અદ્દ્ભુત સસિ–મંડલ ઐસૈં,
મનહુઁ સઘન અનુરાગ – ઘટા ઘન ઘુમડ઼ત જૈસૈં;
તા કી ધૂઁધરિ મત્ત–મધુપ બર ભ્રમત જુ ઐસૈં,
પ્રેમ–જાલ કે ગોલક, કછુ છબિ ઉપજત જૈસૈં. ૧૮

શબ્દાર્થ : સસિ-મંડલ–તારામંડલ; અનુરાગ-ઘટા–અનુરાગની ઘટા; ધૂઁધરિ–ઝાંખી; મત્ત-મધુપ–મદોન્મત્ત ભ્રમર.

ભાવાર્થ : (અરૂણોદયવેળા થતાં) તારામંડલમાં નવીન અને અદ્દ્ભુત અબીર–ગુલાલ જેવો રંગ છવાઈ ગયો કે, જાણે સઘન અનુરાગ–ઘટા (ગોપીજનો) આકાશમાં ઘુમડી રહી છે ! તેના ઝાંખા પ્રકાશમાં મદોન્મત્ત ભ્રમરાઓ (શ્રીકૃષ્ણ) એવી રીતે ભ્રમણ કરી રહ્યા છે કે, જાણે પ્રેમ–જાળીની પૂતળીનો ગોલક પરમ શોભા આપી રહ્યો છે ! (૧૮)

વિશેષ : આ કડીનો ભાવાર્થ સંપૂર્ણપણે સમજી શકાયો નથી.

કુસુમ ધૂરિ ધૂઁધરી કુંજ, ગુંજત મધુર જહુઁ,
હુલસત રસ–આવેસ, લટકિ કીનો પ્રવેસ તહુઁ;
નવ પલ્લવ કી સૈની, અતિ સુખ દૈની સરસૈ,
સુંદર સુમન સુ નિરખત, અતિ આનંદહિ બરસૈ. ૧૯

શબ્દાર્થ : કુસુમ-ધૂરિ–કુસુમની રજ, પરાગ; ધૂઁધરી–ધૂંધળી, ઝાંખી.

ભાવાર્થ : જ્યાં ભ્રમર ગુંજારવ કરી રહ્યા છે, તેવા પુષ્પોની પરાગ–રજથી ભરપૂર ધૂંધળી કુંજમાં, શ્રીકૃષ્ણ અને ગોપીજનોએ રસાવેશિત થઈ પરસ્પર પ્રેમચેષ્ટા કરતાં પ્રવેશ કર્યો. જ્યાં અતિશય સુખદાયક નવીન પલ્લવનો સમૂહ સરસ શોભાયમાન લાગે છે અને સુંદર પુષ્પોને જોતાં અત્યંત આનંદની વૃષ્ટિ થઈ રહી છે. (૧૯)

નિરખિ પરસ્પર છબિ સૌં બિહરત પ્રેમ–મદન–ભર,
પ્રકૃતિ–બામ કી છતિયાઁ, અજહુઁ ધરકતિ જિહિં કે ડર;
બિહરત રતિ–અબિરુદ્ધ–જુદ્ધ, જુ સુરત–રસ–સાગર,
ઉજ્જલ પ્રેમ ઉજાગર, નાગર, સબ ગુન–આગર. ૨૦

શબ્દાર્થ : બિહરત–વિહાર કરે છે; પ્રેમ-મદન-ભર–પ્રેમ–મદનને પરાજિત કરે છે; પ્રકૃતિ-બામ–પ્રકૃતિરૂપી વનિતા; રતિ-અવિરુદ્ધ-જુદ્ધ–રતિને અનુકૂલ કામયુદ્ધ; ઉજાગર–પ્રકાશક.

ભાવાર્થ : યુગલસ્વરૂપ પરસ્પર રૂપની ઝાંખી કરીને પ્રેમ–મદનને પરાજિત કરે એવો વિહાર કરી રહ્યાં છે. તે જોઈ પ્રકૃતિરૂપી વનિતાની છાતી આજે પણ તેના ભયથી કંપી રહી છે ! ઉજ્જવલ પ્રેમના પ્રકાશક, ચતુર અને સર્વ ગુણોના ભંડાર શ્રીકૃષ્ણમાં રતિ, સાનુકૂલતાથી વિલાસયુદ્ધ કરતાં સુરતરસનો સાગર લહેરાવી રહી છે ! (૨૦)

હાર હાર મેં ઉરઝિ, ઉરઝિ બહિયાઁ મૈં બહિયાઁ,
નીલ પીત–પટ ઉરઝિ, ઉરઝિ બેસર નથ મહિયાઁ;
શ્રમ-ભરે સુંદર અંગ સરસ, અતિ મિલત લલિત ગતિ,
અંસનિ પર ભુજ દિયૈં–લિયૈં, સોભા સોભિત અતિ. ૨૧

શબ્દાર્થ : ઉરઝિ–લપટાઈ, ગુંચવાઈ; બહિયાઁ–બાહુ; બેસર–મોટી વાળી; શ્રમ-ભરે–

શ્રમિત; અંસનિ–ખભા ઉપર.

ભાવાર્થ : હાર હારમાં અને બાહુ બાહુમાં લપટાઇ ગયા છે. વળી શ્રીસ્વામિનીજીનું નીલ-પટ, શ્રીકૃષ્ણના પીત-પટમાં લપટાઇ ગયું છે અને નથમાં વેસર ગુંચવાઇ ગઇ છે! શ્રીરાધા-કૃષ્ણનાં સુંદર શ્રમિત અંગો, લલિત ગતિથી પરસ્પર મળે છે. પરસ્પર ખભા ઉપર પોતાની ભુજા મૂકે છે, અને લે છે, તેની શોભા અતિશય બની રહી છે. (૨૧)

ટૂટી મુક્તા–માલ, છૂટિ રહી સાઁવરે ઉર પર,
માનૌં ગિરિ તૈં સુરસરિ, દ્વૈ બિધિ ધઁસી ધર;
અદ્‌ભુત રસ રહ્યૌ રાસ, ગીત–ધુનિ સુનિ મોહે મુનિ,
સિલા સલિલ હ્વૈ ચલી, સલિલ હ્વૈ ગયૌ સિલા પુનિ. ૨૨

શબ્દાર્થ : ગિરિ–હિમાલય પર્વત; સુરસરિ–ગંગાજી; દ્વૈ ધાર–બે ધારાઓ; ધઁસી–વેગપૂર્વક પડી; ધર–ધરા–પૃથ્વી; સિલા–શિલા; સલિલ–જલ; હ્વૈ–થઇ ગઇ, પુનિ–વળી.

ભાવાર્થ : તૂટેલી મોતીની માળા શ્યામસુંદરના હૃદય ઉપર એવી રીતે વિખરાઇ ગઇ છે કે, જાણે હિમાલય પર્વત ઉપરથી ગંગાજીની બે ધારાઓ થઇને પૃથ્વી ઉપર વેગપૂર્વક પડી રહી હોય! અદ્‌ભુત રસવાળા રાસ–ગીતની ધ્વનિ સાંભળીને મુનિજનો પણ મોહ પામી ગયા; શિલા દ્રવિત થઈને જલરૂપ થઇ વહેવા લાગી, અને વળી જલ સ્થિર થઇને શિલારૂપ થઇ ગયું ! (૨૨)

પવન થક્યૌ, સસિ થક્યૌ, થક્યૌ ઉડ્‌–મંડલ સગરૌ,
પાછે રવિ–રથ થક્યૌ, ચલ્યૌ નહિં આગે ડગરૌ;
રીઝિ સરદ કી રજની, ન જની કેતિક બાઢ઼ી,
બિલસત સજની સ્યામ, જથા રુચિ અતિ રતિ ગાઢ઼ી. ૨૩

શબ્દાર્થ : સસિ–ચંદ્રમા; થક્યૌ–થાક્યો; ઉડ઼ મંડલ–તારામંડલ; સગરૌ–સમસ્ત; ડગરૌ–માર્ગ; રજની–રાત્રિ; ન જની–ન જાણે; કેતિક–કેટલીક; બાઢ઼ી–વધી; જથારુચિ–યથા–રુચિ, ઇચ્છાનુસાર; ગાઢ઼ી–ગાઢ.

ભાવાર્થ : અદ્‌ભુત રાસરસનાં દર્શન કરતાં પવન થાકી ગયો, ચંદ્રમા થાકી ગયો અને સમસ્ત તારામંડલ થાકી ગયું ! એના પછી સૂર્યનો રથ થાકી ગયો, જેથી માર્ગમાં આગળ વધી શકાતું નથી ! શરદની રાત્રિ એટલી બધી પ્રસન્ન થઈ ગઈ કે, ન જાણે કેટલી વધી ગઇ ! આથી શ્યામા–શ્યામ બહુ સમય સુધી અતિશય ગાઢ રતિમાં ઇચ્છાનુસાર રમણ કરતાં રહ્યાં. (૨૩)

ઇહિ બિધિ બિબિધ બિલાસ બિલસિ સુખ કુંજ સદન કે,
ચલે જમુન–જલ ક્રીડ઼ન, બ્રીડ઼ન કોટિ મદન કે;
ઉરસિ મરગજી–માલ, ચાલ મદ ગજ લૌં મલ્હકત,
ઘૂમત રસ–ભરે નૈન ગઁડસ્થલ શ્રમ–કન ઝલકત. ૨૪

શબ્દાર્થ : ક્રીડ઼ન–ક્રીડા કરવા; બ્રીડ઼ન–લજ્જિત કરવું; ઉરસિ–ઉર ઉપર; મરગજી–ચોળાઇ ગયેલી; મલ્હકત–પરાજિત કરવાવાળી; ગંડસ્થળ–કપોલ; શ્રમ-કન–પ્રસ્વેદબિંદુઓ.

ભાવાર્થ : આ પ્રકારે કુંજસદનમાં વિવિધ વિલાસ–હાસ–સુખ ઉપજાવતા કરોડો કામને લજ્જિત કરે તેવા શ્યામસુંદર શ્રીયમુનાજીમાં જલક્રીડા કરવા માટે પધાર્યા. એઓશ્રીના કંઠમાં ચોળાએલી પુષ્પમાળા છે અને એઓશ્રીની ચાલ ગજ–ગતિને પણ લજ્જિત કરે છે! એઓશ્રીનાં નેત્રો રસભર્યાં શોભે છે અને કપોલ ઉપર શ્રમકણ ઝળકે છે. (૨૪)

જાઇ જમુન–જલ ધઁસે, લસે છબિ જાત ન બરની,
બિહરત જનુ ગજરાજ, સંગ લિયે તરુની કરિની;
તિયન કે તન જલ–મગન, બદન જબ યોં છબિ છાયે,
ફૂલિ રહે જનુ જમુન, કનક કે કમલ સુહાયે. ૨૫

શબ્દાર્થ : ધઁસે–પ્રવેશ્યા; તરુની કરિની–યુવાન હાથણી; જનુ–જાણે; કનકકમલ–સુવર્ણનાં કમલ; સુહાયે–શોભિત.

ભાવાર્થ : શ્રીકૃષ્ણ, ગોપીજનો સાથે યમુનાજલમાં જઇને પ્રવેશ્યા. ત્યાં એઓશ્રી એવા શોભાયમાન લાગ્યા કે એ શોભાનું વર્ણન ન થઇ શકે. શ્રીકૃષ્ણની જલક્રીડાથી એવું લાગે છે કે, જાણે તરુણી હસ્તિનીગણને સાથે લઇને ગજરાજ વિહાર કરી રહ્યો હોય ! ગોપીજનોનાં જલમગ્ન શ્રીઅંગ એવાં શોભી રહ્યાં છે કે, જાણે શ્રીયમુનાજીમાં કંચનનાં (સુવર્ણનાં) કમલ ખીલીને શોભી રહ્યાં હોય ! (૨૫)

મુખ–અરબિંદન આગે, જલ–અરબિંદ લગૈં અસ,
ભોર ભયે ભવન કે દીપક, મંદ પરત જસ;
મંજુલ અંજુલિ ભરિ ભરિ, પિય કૌં તિય જલ મેલહિં,
જનુ અલિ સૌં અરબિંદ–બૃંદ, મકરંદન ખેલહિં. ૨૬

શબ્દાર્થ : મુખ-અરબિંદન–મુખકમલો; જલ-અરબિંદ–જલકમલ; અસ–એવું; ભોર–પ્રભાત; જસ–જેવું; અંજુલિ–અંજલિ; મેલહિં–છાંટે છે.

ભાવાર્થ : પ્રભાત થતાં ભવનના દીપકનો પ્રકાશ મંદ પડી જાય છે, તેવાં ગોપીજનોનાં મુખકમલોની સમક્ષ જલકમલ ઝાંખાં લાગે છે! મંજુલ અંજલિઓમાં જલ ભરી ભરીને ગોપીજનો પ્રિયતમ શ્રીકૃષ્ણને છાંટી રહ્યાં છે તે એવું લાગે છે કે, કમલવૃંદ, અલિવૃંદ (ભ્રમરાઓ)ની સાથે પુષ્પ–મકરંદથી ખેલી રહ્યાં હોય ! (૨૬)

છિરકત હૈ છબિ છૈલ, જમુન–જલ અંજુલિ ભરિ ભરિ,
અરુન કમલ–મંડલી, ફાગ ખેલત જનુ રઁગ કરિ;
રુચિર દગંચલ ચંચલ, અંચલ મૈં ઝલકત અસ,
સરસ કનક કે કંજન, ખંજન જાલ પરત જસ. ૨૭

શબ્દાર્થ : છિરકત–ઉડાડે છે, છાંટે છે; છૈલ–સુંદર અને રસિક શ્રીકૃષ્ણ.

ભાવાર્થ : સુંદર અને રસિક શ્રીકૃષ્ણ યમુનાજલની અંજલિ ભરી ભરીને ગોપીજનોને ાંટે છે, તે એવું લાગે છે કે, જાણે અરુણ કમલની મંડળી રસરંગથી ફાગ ખેલી રહી છે! ાપીજનોનાં સુંદર અને ચંચલ નેત્રો અંચલમાંથી એવાં ઝળકી રહ્યાં છે કે, કંચનનાં સરસ મળોની વચ્ચે ખંજન પક્ષી જાળમાં પડ્યાં હોય! (૨૭)

જમુના જલ મૈં દુરિ–મુરિ, કામિની કરત કલોલૈં,
માનહુઁ નવ ઘન મધ્ય, દામિની દમકતિ ડોલૈં;
કમલન તજિ તજિ અલિ-ગન મુખ-કમલનિ આવત જબ;
છબિ સૌં છબિલી બાલ, છિપત જલ મૈં બુડ઼કનિ તબ. ૨૮

શબ્દાર્થ : મુરિ–વળી જઈને; દમકતિ–ચમકતી; ડોલૈં–ફરે છે, ચાલે છે; છિપત–છુપાઇ ાય છે; બુડ઼કનિ–ડુબકી.

ભાવાર્થ : ગોપીજનો યમુનાજલમાં છુપાઇ જાય છે અને શ્રીકૃષ્ણ જલ છાંટે છે, ેનાથી પોતાના મુખને અને નેત્રોને બચાવવા વળી જઇ કલ્લોલ કરે છે, જાણે નવીન મેઘમાં વિદ્યુત્–માલા ચમકતી ચાલી રહી છે! સ્વાભાવિક કમલ છોડીને ભ્રમરાઓ ગોપીજનોનાં મુખકમલ પર આવે છે, ત્યારે એ છબીલી વ્રજબાલાઓ જલમાં ડુબકી લગાવીને છુપાઈ જાય છે! (૨૮)

કબહુઁક મિલિ સબ બાલ, લાલ છબિ સૌં છિરકત અસ,
મનસિજ પાયૌ રાજ, આજ અભિષેક હોત જસ;
તિનકી સુંદર કાંતિ ભાઁતિ મનમોહન ભાવૈ,
બાલ બૈસ કી છબિ, કબિ પૈ કછુ કહત ન આવૈ. ૨૮

શબ્દાર્થ : કબહુઁ–ક્યારેક; છબિ સૌં–શોભાભરી રીતે; છિરકત–છિરકે છે, ઉડાડે છે, છાંટે છે; અસ–એવી રીતે; મનસિજ–કામદેવ; બાલ બૈસ–બાલ્યાવસ્થા.

ભાવાર્થ : ક્યારેક સર્વ વ્રજબાલાઓ મળીને વ્રજરાજકુમાર ઉપર એવી રીતે જલ છિરકે છે ત્યારે એવી શોભા લાગે છે કે, જાણે કામદેવને રાજ્ય મળ્યું હોય અને લોકો (તાંદુલ–જલના છાંટાથી) એમનો અભિષેક કરી રહ્યાં હોય! એ સમયે એમની સુંદર કાંતિ એવા પ્રકારની છે કે, મનમોહનને રુચિકર લાગે છે. બાલ્યાવસ્થાની આ સુંદરતાનું કંઇક વર્ણન કરવું કવિથી અકથનીય છે, વર્ણન થઇ શકે તેમ નથી. (૨૯)

ભીજે બસન તન લપટિ, નિપટ છબિ કહાઁ કહી હૈ,
નૈનન કે નહિં બૈન, બૈન કે નૈન નહીં હૈ;
નીર નિચોરત જુવતિન, દેખિ અધીર ભયે મનુ,
તન–બિછુરન કી પીર, ચીર રોવત અઁસુવન જનુ. ૩૦

શબ્દાર્થ : ભીજે–આર્દ્ર, ભીંજાયેલાં; બસન–વસ્ત્રો; તન લપટિ–અંગમાં લપટાઇ

જવાથી, ચોંટી જવાથી; છબિ–શોભા; નિચોરત–નિચોવે છે; જુવતન–યુવતીઓ, ગોપીજનો; પીર–વેદના; અઁસુવન–આંસુઓ.

ભાવાર્થ : ભીનાં વસ્ત્રો શ્રીઅંગ ઉપર ચોંટી જઇને એવી શોભા આપે છે કે, જે અકથનીય છે. કેમકે, જોવાવાળાં નેત્રોને વાણી નથી, અને વાણીને (જીભને) નેત્ર નથી! વ્રજયુવતીઓ વસ્ત્રોનું જલ નચોવી રહ્યાં છે, તે જોઇને એવી પ્રતીતિ થાય છે કે, શ્રીઅંગથી વિખૂટાં પડવાની પીડાથી ચીર (વસ્ત્રો) અશ્રુ વહાવીને રડી રહ્યાં છે! (૩૦)

વિશેષ : આ કડીમાં મહાનુભાવ શ્રીનંદદાસજીએ પોતાના પિતરાઇ ભાઈ 'રામચરિતમાનસ'ના કર્તા શ્રીતુલસીદાસજીના જેવો જ વ્યંજક 'ગિરા અનૈન નૈન બિન બાની.' એવો પ્રયોગ કરીને કાવ્યચાતુર્ય પ્રકટ કર્યું છે.

ઉત્તરાર્ધમાં કેટલી સરસ ઉત્પ્રેક્ષા કરી છે! નિચોવાતાં વસ્ત્રોમાંથી જે જલબિંદુ ટપકે છે, તે શ્રીગોપીજનોનાં શ્રીઅંગથી વિખૂટાં પડતાં વસ્ત્રોનો પ્રેમપીડાકૃત અશ્રુપ્રપાત છે!

તબ ઇક દ્રુમ તન ચિતૈ, કુઁવર બર આગ્યા દીની,
નિરમલ અંબર–ભૂષન, તિન તહઁ બરસા કીની;
અપની અપની રુચિ કે, પહિરે બસન બની છબ,
જગ મૈં જે મોહન આપ, તિન કી બ્રિજ-તિય મોહન સબ. ૩૧

શબ્દાર્થ : દ્રુમ તન ચિતૈ–વૃક્ષની તરફ અવલોકન કર્યું; અંબર-ભૂષન–વસ્ત્રાભૂષણ; મોહનિ–મોહ કરવાવાળી.

ભાવાર્થ : ત્યારે શ્રીકૃષ્ણે એક વૃક્ષની સામી દૃષ્ટિ કરી અને આજ્ઞા આપી એટલે એણે નિર્મલ વસ્ત્રાભૂષણોની ત્યાં વર્ષા કરી દીધી! ગોપીજનોએ પોતપોતાની રુચિ અનુસાર વસ્ત્રો ધારણ કર્યાં અને એવી શોભા પ્રાપ્ત કરી કે, એ મોહ કરવાવાળી ગોપીઓને જોઇને વિશ્વમોહન સ્વયં મોહિત થઈ ગયા! (૩૧)

ઐસૈં સરદ કી જેતિક, પરમ મનોહર રાતી,
ખેલત રાસ રસિક પિય, પ્રતિ છિન નઈ નઈ ભાઁતિ;
બ્રહ્મ મહૂરત કુઁવર કાન્હ બર ઘર આયે જબ,
ગોપન અપની ગોપી, અપને ઢિંગ માની તબ. ૩૨

શબ્દાર્થ : જેતિક–જેટલી.

ભાવાર્થ : આવી રીતે શરદ ઋતુની જેટલી મનોહર રાત્રિઓ હતી, તેમાં રાસરસિક શ્રીકૃષ્ણ, પ્રતિ ક્ષણ નવી નવી રીતિથી ક્રીડા કરતા રહ્યા. પછી બ્રાહ્મમુહૂર્તમાં શ્રીકૃષ્ણ જ્યારે પોતાના ગૃહે પધાર્યા, ત્યારે ગોપોએ પોતપોતાની ગોપીઓને પોતપોતાની પાસે જ જોઇ! (૩૨)

નિત્ય રાસ રમનીય, નિત્ય ગોપીજન–વલ્લભ,
નિત્ય નિગમ યોં કહત, નિત્ય નવ તન અતિ દુર્લભ;
યહ અદ્ભુત રસ રાસ, કહત કછુ કહિ નહિં આવૈ,
સેસ સહસમુખ ગાવૈ, અજહું અંત ન પાવૈ. ૩૩

શબ્દાર્થ : નિગમ–વેદ; નિત્ય નવ તન–નિત્ય નવીન દેહ; સહસમુખ–હજારમુખે.

ભાવાર્થ : શ્રીકૃષ્ણનો રમણીય રાસ નિત્ય છે, ગોપીજનવલ્લભ નિત્ય છે, નિગમ પણ નિત્ય એમ કહે છે કે એમનો–શ્રીકૃષ્ણ અને ગોપીઓનો અતિ દુર્લભ દેહ પણ નિત્ય નવીન છે. આ અદ્‌ભુત રાસ–રસ અકથનીય છે, અવર્ણનીય છે. શેષજી હજાર મુખેથી ગાન કરે છે તો પણ આજ સુધી એનો અંત આવ્યો નથી! (૩૩)

સિવ મન હી મન ધ્યાવૈ, કાહૂ નાહિં જનાવૈ,
સનક, સનંદન, સારદ, નારદ અતિ હી ભાવૈ;
જદપિ પદ–કમલ કમલા અમલા, સેવતિ નિસિ દિન,
યહ રસ અપને સપને, કબ હૂઁ નહિં પાયૌ તિન. ૩૪

શબ્દાર્થ : ધ્યાવૈ–ધ્યાન કરે છે; ભાવૈ–રુચિકર લાગે છે, ગમે છે; જદપિ–જો કે; સેવતિ–સેવા કરે છે; નિસિ-દિન–રાત દિવસ.

ભાવાર્થ : આ રાસ–રસનું શિવજી મનમાં ધ્યાન કરે છે અને કોઇને પણ જણાવતા નથી; સનક, સનંદન, શારદા, નારદ વગેરેને બહુ જ ગમે છે; જો કે પરમ પુનિતા કમલા–લક્ષ્મીજી હરિ–પદનું રાત દિવસ સેવન કરે છે; પરંતુ તેઓ પણ એ રસને ક્યારેય સ્વપ્નમાં પણ પામી શક્યાં નથી! (૩૪)

અજ અજ હૂઁ રજ બાંછત, સુંદર બૃંદાબન કી,
સો તનકહુ નહિં પાવત, સૂલ મિટત નહિ મન કી;
બિન અધિકારી ભયે, નહિંન બૃંદાબન સૂઝૈ,
રેનુ કહાઁ તૈં સૂઝૈ, જબ લગિ વસ્તુ ન બૂઝૈ. ૩૫

શબ્દાર્થ : અજ–અજન્મા, બ્રહ્મા; અજ હૂઁ–આજે પણ; બાંછત–વાંછે છે, ચાહે છે, ઇચ્છા કરે છે; સો–તેઓ; તનકહુ–લેશમાત્ર; પાવત–પ્રાપ્ત કરે છે; સૂલ–વ્યથા, પીડા.

ભાવાર્થ : રાસરમણસ્થલી સુંદર વૃંદાવનની એ રજની બ્રહ્માજી હજી પણ ચાહના કરે છે, પરંતુ એમને લેશમાત્ર મળતી નથી અને તેથી એમના મનની વ્યથા દૂર થતી નથી. અધિકારી થયા વિના વૃંદાવન કોઈને સૂઝતું નથી. અને જ્યાં સુધી ત્યાંની અમૂલ્ય વસ્તુની પૃચ્છા કરવામાં આવતી નથી, ત્યાં સુધી એનાં મહાનિધિરૂપ દર્શન ક્યાંથી થઇ શકે? (૩૫)

નિપટ નિકટ જ્યૌં ઘટ મૈં અંતરજામી આહી,
વિષય–વિદૂષિત ઇંદ્રિ પકરિ સકૈ નહિં તાહી;
જો યહ લીલા ગાવૈ, ચિત્ત દૈ સુનૈ–સુનાવૈ,
પ્રેમ–ભક્તિ સો પાવૈ, અરુ સબ કે જિય ભાવૈ. ૩૬

શબ્દાર્થ : નિપટ નિકટ–અતિ નિકટ, બહુ જ પાસે; ઘટ મૈં-ઘડામાં, સંસારમાં, વિશ્વમાં, હૃદયમાં, દેહમાં; આહી–છે; વિદૂષેત–વિશેષ દોષયુક્ત; ઇંદ્રિ–ઇંદ્રિયો; પકરી સકૈ–પકડી શકે, પ્રાપ્ત કરી શકે; તાહી–તેને; જિય-મન.

ભાવાર્થ : આ શરીરની અતિશય નિકટ અંતર્યામી છે; પરંતુ વિષયોથી વિશેષ દૂષિત થયેલી ઇંદ્રિયો એની અનુભૂતિ કરી શકતી નથી. નંદદાસજી કહે છે કે, એમને હું આ સરળ માર્ગ બતાવું છું કે, જે આ રાસલીલાનું ગાન કરે છે, ધ્યાનપૂર્વક શ્રવણ કરે છે, અને રુચિપૂર્વક અન્યને શ્રવણપાન કરાવે છે, તે વ્યક્તિ પ્રેમલક્ષણાભક્તિને પ્રાપ્ત થાય છે અને સર્વપ્રિય થાય છે, બધાના મનને ગમે છે. (૩૬)

હીન–શ્રદ્ધ, નિંદક, નાસ્તિક, હરિ–ધર્મ–બહિર્મુખ,
તિન સૌં કબહું ન કહૈ, કહૈ તૌ નહિંન લહૈ સુખ;
ભક્ત જનન સૌં કહૈ, જિન કે ભાગવત–ધર્મ–બલ,
જ્યૌં જમુના કે મીન, લીન નિત રહત જમુન–જલ. ૩૭

શબ્દાર્થ : હીન-શ્રદ્ધ–શ્રદ્ધાહીન; નિંદક–નિંદા કરનાર; નાસ્તિક-ઇશ્વરને ન માનવાવાળા, અવૈષ્ણવ; હરિ ધર્મ-બહિર્મુખ-ભગવદ્ધર્મથી બહિર્મુખ; લહૈ–પ્રાપ્ત કરે.

ભાવાર્થ : આ રાસલીલાની કથા શ્રદ્ધા વિનાનાને, નિંદા કરનારને, નાસ્તિકને–અવૈષ્ણવને અને ભગવદ્ધર્મથી બહિર્મુખ છે, તેમને ક્યારેય ન કહેવી જોઇએ, અને કદાચ કહે તો–વક્તા–શ્રોતા બંનેને--સુખ પ્રાપ્ત ન થાય. જેમ શ્રીયમુનાજીનાં મીન શ્રીયમુનાજલમાં નિત્ય લીન રહે છે, તેમ જેમને ભગવદ્ધર્મનું બળ છે, એવા ભક્તજનોને આ કથા કહેવી જોઇએ. (૩૭)

જદપિ સપ્ત–નિધિ ભેદનિ, જમુના નિગમ બખાનૈ,
તે તિહિ ધારહિ ધાર રમત, જલ છુવત ન આવૈ;
રસિક જનન સૌં સંગ કરૈ, હરિ–લીલા ગાવૈ,
પરમ કાંત એકાંત, પરમ રસ તબહીં પાવૈ. ૩૮

શબ્દાર્થ : જદપિ–યદ્યપિ, જો કે; સપ્ત-નિધિ–સાત સમુદ્ર; નિગમ–વેદ.

ભાવાર્થ : વેદો શ્રીયમુનાજીને સપ્તસિંધુભેદિની કહીને પ્રશંસા કરે છે. તે વૈષ્ણવજનો શ્રીયમુનાજીની જલધારામાં જ રમે છે, અને અન્ય જલનો સ્પર્શ પણ કરતા નથી. અને રસિક ભક્તોનો સંગ કરી, તેમની સાથે ભગવલ્લીલાનું ગાન કરે છે; ત્યારે જ તેઓ પરમ કાંત–ભગવાન શ્રીકૃષ્ણના એકાંત–અદ્વિતીય પ્રેમ રસને પ્રાપ્ત કરે છે. (૩૮)

યહ ઉજ્જલ રસ–માલા, કોટિ જતન કરિ પોઈ,
સાવધાન હૈ પહિરૌ, ઇહિં તોરૌ મતિ કોઈ;
શ્રવણ–કીર્તન–સાર, સાર સુમિરન કૌ હૈ પુનિ,
જ્ઞાન–સાર, હરિ–ધ્યાન–સાર, શ્રુતિ–સાર ગુથી ગુનિ. ૩૯

શબ્દાર્થ : ઉજ્જલ–ઉજ્જ્વલ; રસ-માલા–રાસલીલાની માલા; પોઈ–પરોવી; ઇહિં–એને; ગુથી–ગુંથી છે.

ભાવાર્થ : આ ઉજ્જ્વલ રાસ–રસની માલાને કરોડો પ્રયત્ન કરીને પરોવી છે.

સાવધાનતાથી એને કંઠમાં ધારણ કરશો; એને કોઈ તોડશો નહીં. આ રાસલીલાની માલામાં સાત વસ્તુઓના સાર ગુંથી લીધા છે. શ્રવણ, કીર્તન, સ્મરણ અને જ્ઞાનનો સાર, હરિધ્યાન સાર અને શ્રુતિનો સાર આમાં ગુંથી લીધેલ છે. (૩૯)

ફલશ્રુતિ

અઘ-હરની, મન-હરની, સુંદર પ્રેમ-બિતરની,
'નંદદાસ' કે કંઠ બસૌ, નિત મંગલ-કરની. ૪૦

શબ્દાર્થ : અઘ-હરની–પાપ વિનાશિની; મન-હરની–મનનું હરણ કરવાવાળી; પ્રેમ-બિતરની–પ્રેમનું વિતરણ કરવાવાળી, પ્રેમનો ફેલાવો કરવાવાળી.

ભાવાર્થ : ભક્તકવિ નંદદાસજી કહે છે કે, આ 'રાસપંચાધ્યાયી' ની લીલા પાપ વિનાશિની, મનહરણી અને સુંદર પ્રેમલક્ષણાભક્તિનું વિતરણ કરવાવાળા છે. મંગલ કરવાવાળી આ લીલા નંદદાસના કંઠમાં નિત્ય વસી રહે. (૪૦)

વિશેષ : ગ્રંથના પ્રારંભમાં જેમ 'મંગલાચરણ' કરવાનો શિષ્ટાચાર છે, તેમ અંતમાં શુભકામનારૂપી 'ફલશ્રુતિ' પણ મૂકવામાં આવે છે. પ્રારંભમાં શ્રીનંદદાસજી 'વંદન' કરીને અંતે 'મંગલકામના' કરી ગ્રંથ સમાપ્ત કરે છે.

– भक्तिप्रिय'